Rs. 5/-

SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ

April '07

રામનવમી શ્રીહરિ પ્રાકટ્યોત્સવ





૬૩માં પ્રાકટ્યોત્સવ દિને સભામાં દર્શન આપતા પ.પૂ. મોટા મહારાજશ્રી સાથે
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી અને સભા સંચાલન કરતા પૂ. મહંત સ્વામી



વિસનગર મંદિરમાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી






વિસનગરમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ
આયોજીત વ્યસનમુક્તિ રેલી





ગઢડા (હાલાર મૂળીદેશ) રોકડિયા હનુમાનજી મંદિરના પાટોત્સવ પ્રસંગે યુવા સત્સંગીને ગુરુમંત્ર આપતા પ.પૂ.મહારાજશ્રી



સંસ્થાપક

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન

૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય

દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : manishnvora@yahoo.co.in

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૯ એપ્રિલ - ૨૦૦૭

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩	શ્રીહરિનો પ્રસાદીનો પત્ર	૪
૪.	ટોપીવાલાને સત્સંગનો ગુણ	૫
૫	ઉછીનો થાળ	૮
૬.	નીલકંઠવર્ણી અને રામપુરના કણબી પટેલ લક્ષ્મણભાઈ	૧૦
૭	બામરોલીમાં પૂજ્ય આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી	૧૧
૮.	સુખી જીવનનો એકમાત્ર આધાર ધર્મ	૧૨
૯.	ધર્માચાર્યોએ ધર્મનું વ્યાપારીકરણ ન કરવું જોઈએ	૧૩
૧૦.	પવિત્ર મધુ (ચૈત્ર) માસ અને પૂજ્ય મોટા મહારાજશ્રી	૧૫
૧૧.	સત્સંગ સુરભી : એ પંખાની હવા પણ અમને ન ખપે !	૧૬
૧૨.	સત્સંગ બાલવાટિકા (૧) હળવા રહેતાં શીખો (૨)દંભ લાંબો ચાલે નહિ	૧૮
૧૩	ભક્તિસુધા (૧) હવેલીમાં એકાદશીની સભાનો અનુભવ (૨) ધર્મદેવ ! આપના આ પુત્ર મહાન છે (૩) જગતડાં અને ભગતડાં વચ્ચેની સમજણ ભેદ	૨૧
૧૪.	પ્રશ્નપેટી	૨૪
૧૫	સત્સંગ સમાચાર	૨૫

: પ્રકાશક :

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.
Visit us : www.swaminarayan.info
E-mail : sntemple@hotmail.com
www.swaminarayanmuseum.com / org

તંત્રીની કલમે...

સત્સંગ

આ માનવ શરીર પરમાત્માએ જીવને અતિ કૃપા કરીને આપ્યું છે તેની સાર્થકતા આત્મશ્રેયનું સાધન કરવું તેમાંજ છે. પોતાના આત્માને મહા ભયંકર દુઃખમાંથી ઉગારીને આત્યંતિક મોક્ષની પ્રાપ્તિ થાય તેવા ઉપાય આ દેહે કરીને કરી લેવો જોઈએ, તેને જ સમજુ અને જ્ઞાની કહેવાય છે. કેવળ જ્ઞાન (એટલે માહિતી) એકઠું કરે અને પોપટની જેમ મુખ પાઠ કરી જાય તે જ્ઞાની ન કહેવાય. પરંતુ તેને જીવનમાં ઉતારી આત્મશ્રેય સાધી લે તે સાચો જ્ઞાની, તેજ ગીતાના વચન પ્રમાણે ભગવાનને અતિ પ્રિય છે. જ્ઞાન, વૈરાગ્ય અને ધર્મ ભક્તિના આશ્રયે જીવને આત્યંતિક મોક્ષની પ્રાપ્તિ થાય છે. ધર્મ અને ભક્તિ જેના જીવનમાં હોય તેના જીવનમાં જ જ્ઞાન અને વૈરાગ્ય આવે છે. ધર્મનું અચારણ ન હોય તો ભક્તિ શોભતી નથી. ધર્મ યુક્ત થાય ત્યારે જ આત્મા પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન મળે છે. જેમ જેમ ધર્મનું આચરણ અને પ્રભુની ભક્તિ ઓછી થાય એટલે જ્ઞાન અને વૈરાગ્ય ક્ષીણ થાય છે. જેમ ભક્તિ વિના ધર્મ ટકે નહીં અને ધર્મ વિના ભક્તિનું સ્થાન નથી તેમજ ધર્મ અને ભક્તિ વિના જ્ઞાન અને વૈરાગ્ય ટકી ન શકે. પોતાનો આત્મા કેવો છે ? તેના કેવા લક્ષણો છે ? તેના ગુણ કેવા છે ? તેનું રૂપ ક્યું છે ? તે જાણ્યા વિના સ્વરૂપની દૃઢતા થતી નથી. આત્મ જ્ઞાન વિના પરમાત્માના ઈશ્વરના સ્વરૂપનું જ્ઞાન જીવોને કોઈ પણ ઉપાયે કરીને થાય નહીં અને જ્યાં સુધી યથાર્થ જ્ઞાન ન થાય ત્યાં સુધી જગતના નાશવંત પદાર્થોમાંથી વૈરાગ્ય ઉત્પન્ન થતો નથી. વૈરાગ્ય વિના પંચ વિષયોમાં રાગ એટલે આસક્તિ તુટે નહીં. આસક્તિ એજ જન્મ મૃત્યુનું કારણ છે. જ્યાં આસક્તિ હોય ત્યાં જ જન્મ મૃત્યુનો ભય છે. આજ આસક્તિ અને સ્નેહ ભગવાનના સ્વરૂપ સાથે જોડાય તો જીવને આત્યંતિક મોક્ષ ની પ્રાપ્તિ થાય છે. એ જ કર્યા જેવું છે.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(માર્ચ - ૨૦૦૭)

૧. પ.ભ. નટુભાઈ પટેલને ત્યાં પધરામણી, સોલારોડ.

૪. પ.ભ. વ્રજેશ રસિકલાલ ભાવસારને ત્યાં પધરામણી, જુના વાડજ.
પ.ભ. અરૂણભાઈ પટેલ (વહેલાલવાળા)ને ત્યાં પધરામણી, નહેરૂનગર.

૫. શ્રી નરનારાયણદેવ જયંતી નિમિત્તે ફુલદોલોત્સવ પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે અમદાવાદ મંદિરના ચોકમાં ઉજવ્યો.

૬. કરજીસણ શ્રી સ્વામિનારાયણ મંદિર મહાપૂજા પ્રસંગે પધરામણી.

૭. શ્રી સ્વામિનારાયણ મંદિર ભરાડા (મૂળીદેશ શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના તા. ધ્રાંગધ્રા) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૦. કલ્યાણપુરા (તા. તલોદ) ગામે પ.ભ. ગાલુસિંહ કોપસિંહ ઝાલાને ત્યાં પારાયણ પ્રસંગે પધરામણી.

૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર અસલાલી પારાયણ પ્રસંગે પધરામણી.

૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર પાટોત્સવ પ્રસંગે પધરામણી, સાંજે જીરાગઢ (હાલાર) પધાર્યા.

૧૩. જીરાગઢ (હાલાર - મૂળીદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૪. શ્રી સ્વામિનારાયણ મંદિર હળવદ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૬. શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૭. શ્રી સ્વામિનારાયણ મંદિર કોઠંબા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૮. પ.ભ. હેમંતકુમાર ઈશ્વરલાલ મોદીને ત્યાં પધરામણી મેમનગર.
પ.ભ. હર્ષદભાઈ ચંદુલાલ પટેલને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી રાણીપ.

૨૩. શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વાડજ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૬. કડી ગામે કથા પારાયણ પ્રસંગે પધરામણી.

૨૭. સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રાકટ્યોત્સવ દિન પ્રસંગે અક્ષર ભુવનમાં બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ - અભિષેક પોતાના વરદ્ હસ્તે કર્યો.
રાત્રે ૧૦-૧૦ સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજના પ્રાકટ્ય-જન્મોત્સવની આરતી ઉતારવા પધાર્યા.

૨૮. શ્રી સ્વામિનારાયણ મંદિર પાનસર (જી. ગાંધીનગર) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૯. પ.ભ. મગનલાલ લીલાધર ચોકસીને ત્યાં પધરામણી, માણેકચોક.
પ.ભ. વાસુદેવભાઈ લવજીભાઈ પટેલના સહજાનંદ ટ્યુબવેલ કોર્પોરેશનની ઓફિસના ઉદ્ઘાટન પ્રસંગે પધરામણી, સોલા રોડ.

૩૦. શ્રી સ્વામિનારાયણ મંદિર ભગવાનપુરા (તા. કલોલ, પ્રતાપપુરા) પુનઃ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.



શ્રી હરિનો પ્રસાદીનો પત્ર

લિખાવિંત સ્વામી શ્રી ૫ સહજાનંદજી મહારાજ જત શ્રી અમદાવાદ મધ્યે બ્રહ્માનંદ સ્વામી તથા વરતાલ મધ્યે આનન્દ સ્વામી નારાયણ વાંચજો બીજું હમણે અમે નવું પ્રકરણ ફેરવ્યું છે જે, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, આનન્દ સ્વામી, ગોપાલાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનન્દ સ્વામી, પરમચૈતન્યાનન્દ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, ભજનાન્દ સ્વામી તથા આત્માનંદ સ્વામી, ભગવદાનન્દ સ્વામી આદિક ભળવાવાલા મોટેરા સાધુએ સર્વેને કોઈ જાયગાના મહંત કરવા નહિ એવી રિત્યે આચાર્ય અયોધ્યાપ્રસાદજી તથા આચાર્ય રઘુવીરજીએ બેયની મરજી છે અને આ મોટેરા સાધુ લખયા તેની ચાકરીમાં એક એક સાધુને રહેવું ને તેથી વધારે સાધુ રાખવા હોય તો આચાર્યની આજ્ઞાયે કરીને રાખવા પણ પોતાને જાણે રાખવા નહિ ને રહે તે વિમુખ છે. બીજું જાયગાના માહંત કર્યા છે તેની વિગત્ય જે વરતાલની જાયગાના મહંત અક્ષરાનન્દ સ્વામીને કર્યા છે તથા અમદાવાદની જાયગાના માહંત સર્વજ્ઞાનન્દ સ્વામી ગવૈયાને કર્યા તથા જુનાગઢની જાયગાના માહંત ગુણાતીતાનંદ સ્વામી ને કર્યા છે તથા ગઢડાની જાયગાના માહંત નિષ્કુલાનંદ સ્વામીને કર્યા છે તથા ધોલેરાની જાયગાના માહંત અદ્‌ભુતાનન્દ સ્વામીને કર્યા છે તથા ભુજનગરની જાયગાના માહંત વૈષ્ણવાનન્દ સ્વામી બ્રહ્માણિયાને કર્યા છે એવી રિત્યે આચાર્યની મરજી લેઈને સર્વે જાયગાના માહંત જડભરતને કર્યા છે. બીજું હવેથી સાધુની મંડલી બાંધીને જ્યાં જ્યાં મુકશે તે આચાર્ય પોતે મુકશે એમ પ્રકરણ ફેરવ્યું છે. બીજું આવી રિત્યે આચાર્યની આજ્ઞાને જે નહિ માને તે વચનદ્રોહિ ગુરુદ્રોહિ છે. બીજું આ કાગલ વાંચવો ને સત્સંગિ સર્વેને સાંભલતે વાંચવો ને સર્વે સત્સંગિ હરિભક્તને તથા સર્વ પરમહંસને આ પ્રકરણની વાર્તા જાહેર કરવી. સંવત ૧૮૮૬ના મા. સુદી ૮ ॥

આ શ્રીહરિનો લખાવેલ પ્રસાદીનો પત્ર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સંગ્રહમાંથી પ્રાપ્ત થયો છે.
દીવાની દાવા નં. ૧૭૯/૧૪ એકઝીબીટ નંબર ૬૨૦

ટોપીવાલાને સત્સંગનો ગુણ

- ગોરધનભાઇ સીતાપરા (હીરાવાડી-બાપુનગર) (ગતાંકથી ચાલું)

અંગ્રેજોને પ્રત્યક્ષ ઈશ્વરનું જ્ઞાન નથી, છતાં પ્રત્યક્ષ ઈશ્વર (શ્રીજી મહારાજ) પ્રસન્ન થાય તેવી રીતે વર્તે છે. સરકારને તોફાની ઉપર બહુ રોષ છે. શાહુકાર ઉપર ભાવ છે. સત્સંગના ધર્મ સાંભળીને તેના મનમાં બહુ ભાવ થયો છે. સંવત ૧૮૭૪ને માગસર માસમાં અંગ્રેજ રાજાએ પોતે નીતિમાં વર્તતો હોવાથી ભગવાનની ઈચ્છાએ પેશ્વાનું રાજ્ય કબજે કર્યું. અમદાવાદમાં પ્રથમ અંગ્રેજ એરણ સાહેબ આવ્યા. તેમણે શ્રીહરિને નીતિમાન જાણી આદરથી બોલાવ્યા. શ્રીહરિની શ્રીનગરમાં મોટા સાહેબને કુબેરસિંહે ખબર કરી કે સ્વામિનારાયણ જેતલપુર આવ્યા છે. સાહેબ આનંદ પામ્યા. સાહેબનું રાજ્ય નવું અમલમાં આવેલું તેથી શ્રીનગર (અમદાવાદ)ના દરવાજે ચોકી રહેતી. અજાણ્યાને પેસવા દેતા નહિ. પણ શ્રીહરિને આવવા માટે રજા આપી. અને સવારો, પાર્ષદો, ત્યાગી, ગૃહી વગેરે સેવકો સાથે સુખેથી પધારે એમ કહ્યું. શ્રીહરિ ઉપર ભાવ રાખનાર હુકમવાળા થાય છે. શ્રીહરિની અરુચિ જેના ઉપર થઈ તે મોટા મોટા સરદારો અને રાજાઓ પણ હુકમ વિનાના થઈને દુઃખી થયા.

શ્રીહરિ અમદાવાદમાં પધાર્યા ત્યારે પાંચમે દિવસે એરણ સાહેબે સવારીએ સહિત શ્રીહરિની પોતાને ભવન પધરામણી કરાવી. શ્રીહરિની સન્મુખ બધા જ પ્રકારનાં અંગ્રેજી પડઘમ વાજાં પલટણ સાથે મોકલ્યા. બજારો સાફ સૂફ કરાવી પાણી છાટ્યું હતું. નવ વાગે શ્રીહરિ રાજબજારમાં થઈને ચાલ્યાં. ભદ્રમાં આવ્યા ત્યારે શ્રીહરિ અશ્વથી ઉતર્યા. સાહેબ ટોપી હાથમાં લઈને સન્મુખ આવ્યા. શ્રીહરિને મળ્યા અને જમણા હાથથી શ્રીહરિનો હાથ પકડી બંગલાના માળ ઉપર શ્રીહરિને લઈ ચાલ્યા અને સોનાની ખુરશી પર બેસાડી બોલ્યા કે હવે કંપનીનું રાજ્ય થયુ છે. તમારે જ્યાં ઈચ્છા હોય ત્યાં સુખે ફરો. તમારું કોઈ નામ લેનાર નથી. તમને પીડનારા દુઃખી થયા છે. **તમે બધાયનું હિત ઈચ્છતા હતા પણ તમારું બુરુ કરવાનો જેને ભાવ હતો તે બધા પોતાના દ્વેષરૂપ અગ્નિમાં બળી મર્યા છે. તમને તુચ્છ દેખવાથી પોતે જ તુચ્છ થયા છે. હવે તમે અને તમારા સંતો નો જે કોઈ વિના વાંકે અપરાધ કરે તો અમને જણાવજો.** શ્રીહરિ કહે તમારા રાજ્યમાં કોઈ જુલમ કરી શકે જ નહિ. તમે અદલ રાજ્ય કરો છો અને પ્રજા સુખી થઈ છે. અમે ઈચ્છતા હતા એવું રાજ્ય થયું છે. અમે અમારા આશ્રિતોને અનીતિ તજાવીએ છીએ. **સાહેબ કહે તમે સમજાવીને અનીતિ તજાવો છો તે ભારે કઠણ કામ છે. અમારાથી તે બને નહિ.** રાજાના સ્થાને અમે રહ્યા તેથી તે પ્રમાણે ચાલવું પડે. રાજ્ય કરતા અસંગી રહીએ છીએ. અને પ્રયોજન જેટલો બીજાનો સંગ રાખીએ છીએ. **મનુષ્યનો વધ કરે તે ફાવે તેટલો મોટો હોય તો પણ ફાંસીએ ચઢાવીએ છીએ.** ધન કરતાં ધર્મમાં વધારે અર્થ માન્યો છે. જેવો ગુનો કરે તેવો દંડ વિચાર કરીને કરીએ છીએ. **શ્રીહરિ કહે તમે જ્યાં સુધી નીતિમાં ચાલશો ત્યાં સુધી વધતા રહેશો અને નીતિનો ત્યાગ કરશો ત્યારે બુદ્ધિમાં અંધકાર થઈ જશે અને પ્રજાને સુખ નહિ રહે અને દુઃખી થશો.** સાહેબે શ્રીહરિની વાત જીવનરૂપ જાણીને અંતરમાં ઉતારી લીધી. પછી ગુલાબના હાર પહેરાવી શાલ ઓઢાડી અને વારંવાર વિનંતી કરી કે તમારો પ્રતાપ અમે જાણી શકીએ નહિ. ત્યારે શ્રીહરિએ ભગવાન તથા ભગવાનની વાતમાં રહેલા પ્રતાપની ઘણી વાતો કરી.

સાહેબે કહ્યું કે અમે તમારી અગાધ વાતમાં વધુ સમજીએ નહિ. પણ એટલું જાણીએ છીએ કે બીજા મતવાળા ઉતરતા થઈ ગયા છે. બીજા મતમાં કોઈ તમારા સમાન નથી. છતાં તેમને પોતાના દોષ દેખાતા નથી. અને સારાની અવગણના કરે છે. તેનું ફળ અંતે દુઃખ રૂપ છે. તે તેમને સમજાતું નથી. તમારા જેવા પુરુષનો દ્રોહ કરે છે, તેનું અપાર પાપ લાગે છે. અને જે સત્કાર કરે છે તેના પાપ માત્ર નાશ પામે છે. માટે હાથ જોડીને એટલું માંગીએ છીએ કે જન્મોજન્મ તમારો સત્કાર થાય. અમારી મરજી એવી છે કે તમે અહીં મુકામ બાંધો. તમે કહો ત્યાં સારામાં

સારી જગ્યા અપાવીએ. અમારા જેવા ઘણાક કંપનીને આધીન વર્તે છે. અમે સ્વતંત્ર નથી. પછી શ્રીહરિ સાહેબને કહે તમારી મરજી જોઈને અમે પાંચ દિવસ રહ્યા. હવે રજા માંગીએ છીએ. પછી શ્રીહરિ એક દિવસ રહી બીજા દિવસે તૈયાર થયા તથા નાના ભાઈ વિપ્ર, કુબેરસિંહ ચોપદાર, ચોકસી રણછોડ, વણિક લાલદાસ, કણબી દામોદર તથા શંભુદાસ બંને નથ્થુ ભટ્ટને બોલાવ્યા અને કહ્યું કે, નવાવાસની સન્મુખ નાયકના ઘર છે. **ત્યાં સુધી જેટલી જગ્યા છે તેમાં સંતને ઉતરવા બક્ષે બાજુ ધર્મશાળા કરાવજો. સાહેબને ભાવ હોવાથી કહેશો તેટલી જગ્યા આપશે. સંતને માટે જગ્યા થશે ત્યારે નરનારાયણદેવ ત્યાં આવીને નિવાસ કરશે.**

વડોદરામાં જ્યારે મુક્તમુનિ શ્રીહરિની આજ્ઞાથી સભા જીતવા પધાર્યા ત્યારે માંડવી ચોકમાં દસ હજાર વેરાગી હથિયારબંધી ઉભા રહ્યા. કેફ કરીને તલવારને લાઠીના પટ્ટા ખેલતા હતા. ટોપીવાળાને ખબર પડતાં તરત પલટણ તૈયાર કરીને ચાર દરવાજે ચાર તોપોના અવાજ કરાવ્યા અને હથિયાર બાંધીને જેટલા વેરાગી હતા તેને કબજે કરી લીધા. ત્યારે તેમનું જોર ભાંગ્યું ને બધી ઠરડ મરડ મટી ગઈ. ચારે દરવાજે પલટણ ઉભી રહી. તેમાં ટોપીવાળા આગળ રહેતા. વેરાગી કેટલાક જામગરી સાથે બંદૂક લઈને ઉભા હતા. પલટણને દેખતા જામગરી બુઝાવી નાંખીને તલવારો મ્યાન કરી. સિંહને દેખીને કૂતરો દીન થઈ જાય તેમ દીન થઈ ગયા અને નરમ પડી ગયા. તેમની સાધુતા પકડાઈ ગઈ. ટોપીવાળા બોલ્યા, શા માટે હથિયાર ધર્યા છે ? કોની રક્ષા કરવા આવ્યા છો ? તમે ઠીક સાધુતા દેખાડો છો ? સાધુ થઈને હથિયાર બાંધ્યા છે તે તમને પૂછનારો મળ્યો નહીં હોય. તમારા ક્યા ગ્રંથમાં હથિયાર બાંધવાનું લખ્યું છે ? હથિયાર બાંધે, દ્રવ્ય રાખે, સ્ત્રી સાથે બોલે, વ્યસન ને કેફ કરે એવી સાધુની રીત તમારા ગ્રંથમાં હોય તો બતાવજો. જ્ઞાનની અને ધર્મની સભામાં હથિયાર લઈને આવવાનું લખ્યું હોય તો તે બતાવજો. **રીત વિના વર્તે તેને અમે ગર્દભ માનીએ છીએ.** કપટથી સાધુ થયેલા રાવણ અને કાળનેમિએ પણ હથિયાર ધાર્યા હોય એમ અમે સાંભળ્યું નથી. તમે તો તેથી પણ આગળ ગયા. તમારા મહંતને બોલાવો. તમે બધા પાખંડી છો. હથિયાર માટે ગુનો છે. તમારી હવે વાત છે. પછી ગુનાના બદલામાં શાહુકારના જામીન લીધા. એટલી વાત બની ત્યાં મુક્ત મુનિ માંડવી આગળ આવ્યા. સંતની સનાતન રીત ટોપીવાળાએ જોઈ. અંગ્રેજો પાસે કાયદા વિનાની એક પણ વાત નહોતી. મોટા મોટા ચોરના તેઓ જામીન લેતા. ગુરુની રીત પ્રમાણે ગુરુ ન વર્તે તો તેનાં ચિત્ર છપાવી ઘેર ઘેર દેખાડતા. તેઓ લાંચ લઈને અન્યાય કરતા નહોતા.

શ્રીહરિ ફરી અમદાવાદ પધાર્યા ત્યારે પણ સરદાર એરણ સાહેબે બહુ ભાવ દર્શાવેલો. અને અમદાવાદમાં રહેવા માટે તથા પુર (શહેર)માં અપાર જમીન આપવા માટે બહુ આગ્રહ કરેલો. શ્રીહરિએ પણ તેને યોગ્ય ઉત્તર આપી પ્રસન્નતાનો હાર આપ્યો જે એરણ સાહેબે ટોપી ઉપર ધરી લીધો. યોગ્ય સમયે શ્રીહરિની સાહેબના બંગલે પધરામણી થઈ. સાહેબે શ્રીહરિનું યોગ્ય સન્માન કરી શ્રીહરિનો હાથ પકડી હાથી દાંતની તથા છીપની વિચિત્ર ખુરશી ઉપર બેસાડ્યા. શ્રીહરિ મુક્તાનંદ સ્વામીને પોતાના ગુરુ માનતા તેથી તેમના માટે એક ખુરશી મંગાવી અને બેસાડ્યા. બીજા જે સાથે હતા તેમને યોગ્ય ઘટે તે પ્રમાણે બેસાડ્યા. શ્રીહરિની આગળ સાહેબ હાથ જોડીને ઉભા હતા. તેમને માટે ખુરશી મંગાવીને બેસાડ્યા. જેમાં જેટલી સુબુદ્ધિ હોય તેટલા તેના અંતરમાં શ્રીહરિ રહે છે. પ્રગટ શ્રીહરિ મળે તે શુદ્ધ જ્ઞાની છે. શ્રીહરિ પ્રત્યે સાહેબ બોલ્યા કે તમે ઘટિત માર્ગે પ્રજાને ચલાવો છો ને ચાલો છો. તે અમે તથા અમારા સાહેબો જાણે છે. તમે તમારા સંત હરિભક્તો માટે ઘટિત ધર્મો બાંધ્યા છે. તેથી અનીતિમાં કોઈ વર્તતું નથી. શ્રીહરિએ પણ સામે તેઓની નીતિ અને બુદ્ધિને પૂર્વના તપનું ભારે ફળ કહી ખૂબ રાજીપો દેખાડ્યો.

સાહેબ કહે, તમે જે જગ્યા જોઈ રાખી હોય તે અમને કહો. ત્યારે શ્રીહરિ કહે નવાવાસ પાસે જેટલી ઉજ્જડ જગ્યા છે તે અમારી નજરમાં આવી છે. સાહેબ ખુશી થયા. ફુલના હાર મંગાવ્યા. પાન બીડી (પાનનું બીડું)માં સોનાના વરખ લગાવી લવીંગ એલચી મૂકેલા હતા. ગુલાબ જળ, અત્તર તથા દસ બાર ધોળા વસ્ત્રના તાકા, એ બધું જુદી જુદી છાબમાં શ્રીહરિ આગળ મુક્યું. સાહેબે શ્રીહરિને હાર પહેરાવી શાલ ઓઢાડી અત્તર દીધું. મુક્તમુનિને પણ હાર પહેરાવી શાલ ઓઢાડી. ત્રીજી શાલ

ઉત્તમ રાજાને ઓઢાડી. બીજા તાકા હતા તે મોટા સંતને આપ્યા. બીજા રાજાઓને પણ એક એક તાકો આપ્યો. સૌને અત્તર આપી લવીંગ એલચી સાથે પાન બીડા આપ્યા. શ્રીહરિ દસ વાગ્યે આવ્યા હતા. તે બાર વાગ્યા ત્યારે જવાની રજા માંગી ત્યારે સાહેબ બોલ્યા કે ફરી ક્યારે પધારશો ? રજા દેવાનું અમને ગમતું નથી. પાંચ દિવસ રહો એમાં અમે ખુશી છીએ. **તમારામાં વિકાર નથી તેથી બીજાને પણ તમે તેવા કરો છો. બીજા તો મંદિરને મૂર્તિઓ નિમિત્તે સ્ત્રી પુરૂષો ભેગા થઈને ભજનની ઓથે અનાચારી બને છે. તેમાં શંકા કરનારાને શત્રુ માને છે. વર્ણાશ્રમનો ધર્મ ઉપર ઉપરથી રાખે છે. તમે માર્ગ બાંધી દીધો છે. તેથી કુમાર્ગ સૌને ઓળખાયો છે. તમારી સમજણ પ્રમાણે તમે શાસ્ત્ર રચજો. શાસ્ત્રે કરીને સામર્થ્ય જાણ્યામાં આવે છે.** પછી શ્રીહરિએ પણ ખૂબ સુંદર શાસ્ત્રના વચનો કહ્યા.

ફરી જ્યારે શ્રીહરિની પધરામણી થઈ ત્યારે સાહેબ કહે અમે જગ્યા દીધી છે તમે જોઈ હશે. અધિક જોઈએ તો કહેજો. ઉજ્જડ જગ્યા જે રહી છે તે બધી મળે એવી હોવાથી આપ રાખી લેજો. કારણ કે તમારો દિવસે દિવસે ઉદય થતો જાય છે. શુભ નીતિ જેને પ્રિય લાગે છે તે તમારા આશ્રિત થતા જાય છે ને તેમની મોટપ વધે છે. અનીતિમાં ચાલનારા લોકોના અમે ગુરુના પણ ગુરુ છીએ. અનીતિમાન લોકોને અમે પ્રજાના શત્રુ માનીએછીએ. તમારી પેઠે અમને પણ અન્યાયને વશ કરવાનો ઈલમ આવડે છે. જેથી તેમનું પરાક્રમ કંઈ ચાલતું નથી. **સાહેબ કહે અમારાથી પણ તમારામાં અધિક ઇલમ છે. કારણ કે શુભ નીતિ વિનાના પશુ સમાન લોકોને બોધ આપીને મનુષ્ય કરો છો. તમારા પ્રસંગથી અમને પણ પરલોકની વાત સત્ય મનાય છે. પણ યથાર્થ ગમ પડે તેવી રીતે વાતો કરો.**

પછી શ્રીહરિએ લૌકિક વિદ્યાનું તુચ્છ ફળ, અલૌકિક વિદ્યામાં સુખ માત્ર રહેલું છે. તથા સત્સંગ અલૌકિક માર્ગ છે અને તેણે કરીને મનુષ્ય, પશુ, પંખી, વૃક્ષ, વેલી પણ તીર્થરૂપ થઈ જાય છે. વગેરે વગેરે ઘણી વાતો કરી. ત્યારે સાહેબ બોલ્યા કે અમારા લોકોનો મોક્ષ કેવી રીતે થાય તેનો સંશય છે. ચોરી વ્યભિચારની અમારામાં રીત નથી, પણ બીજી બધી રીત શરીરના જતન માટેની હોય છે. આ દેશમાં આવીને તમારા પ્રસંગે કરીને તેમાં દોષ અમે જાણ્યો. પૂર્વ દેશમાં એક રીતનું ઉલ્લંઘન વિપ્રો પણ કરે છે. અમારામાં પૂર્વ દેશના વિપ્રો નોકરીમાં રહ્યા છે. તે માંસ ભક્ષણ કરે છે. તો ક્ષત્રિયની શી વાત ? વિભીષણે કુમાર્ગ તજીને ભગવાનમાં રૂચિ કરી તેથી શુભ ગતિ પામ્યા. પણ રાવણ અને કુંભકર્ણ બન્ને વિપ્ર થઈને નિંદિત કર્મ કરવા લાગ્યા. તેથી દૈત્ય અસુરમાં લેખાયા. તેથી તમારા શાસ્ત્ર જોતા એમ જણાય છે કે સુરા, માંસ ને વ્યભિચાર એ અસુરના કર્મ છે. અમારે તો સુર અસુરની વાત નથી ને મોક્ષની ગમ નથી. પહેલા અમે વસ્ત્ર પહેરવામાં પણ સમજતા નહિ. પણ અત્યારે અપાર બુદ્ધિશાળી થયા છીએ. અમારી બુદ્ધિથી મોટા મોટા રાજાઓ આધિન થયા એનું કારણ શું ? શ્રીહરિ કહે કોઈ દિવસ તમે સત્પુરુષને તન અર્પીને સેવા કરી હશે. તેની કૃપાનું ફળ આ છે. અહીંયા જ્યારે મનુષ્યને મારી ખાય એવા લોકો થયા ત્યારે સત્પુરુષની ઈચ્છાથી તમે આવ્યા છો. રાજ્ય કરવા છતાં બંધાતા નથી ને તેનો કેફ નથી એ આશ્ચર્યની વાત છે. શ્રીહરિ કહે સત્પુરુષ ને પ્રજા પ્રસન્ન થાય તેમ વર્તો છો. તે પ્રમાણે કોઈ વર્તે તો આ લોક પરલોકમાં સુખી થાય છે. સત્સંગની જે આ લોકમાં રક્ષા કરે છે તેને સત્પુરુષ જાણે છે અને તેને દારૂણ દુઃખથી છોડાવે છે. અહીં જેવું તમારું ચાલે છે. એવું પરલોકમાં સત્પુરુષનું ચાલે છે. (અહીં શ્રીહરિ સત્પુરુષ શબ્દથી પોતાની જ વાત કરે છે એવું જણાય છે). ત્યારે સાહેબ કહે, **ન્યાયની રક્ષા કરવી ને ન્યાય ઉપર ચાલવું એ સામાન્ય રીતે સહેલું છે. પણ કામ, ક્રોધ, લોભનું જ્યારે પૂર આવે ત્યારે વિદ્વાન હોય તેને પણ ભાન રહેતું નથી. તે વખતે ન્યાયનું જ્ઞાન રાખે તેને અમે સત્પુરુષ કહીએ છીએ. ધન-નારીમાં જગત માત્ર બંધાયુંછે. તમે તો બન્નેનો ત્યાગ કરીને વર્તો છો ને તેનો યોગ થવા છતાં બંધનમાં આવતા નથી. માટે તમારા સમાન કોઈ સમર્થ નથી, એમ અમે માનીએ છીએ. મંદિર કરવામાં કેટલીક વાતો રહેલી છે તે પણ સાહેબ જાણે છે. કેટલાંક મતમાં અવેરી થાય છે. તમારું મંદિર થાય તો તે બંધ થઈ જાય. માટે દેશો-દેશમાં મંદિર કરોને કોઈથી ડરશો નહિ.** જ્યાં અમારા સાહેબ લોકો હશે

(અનુ. પેઈજ ૯ પર)

ઉછીનો થાળ

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

હે મહારાજ ! થાળ તૈયાર થઈ ગયો છે. જમવા પધારો. મૂળજી બ્રહ્મચારીએ કહ્યું.

થાળ અહીંયા જ લઈ આવો. વાસુદેવના ઓરડામાં. ત્યાં બેસીને જમી લઉં. વાસુદેવનારાયણના ઓરડાથી આથમણા ઓરડામાં ઢોલિયા ઉપર વિરાજમાન શ્રીહરિએ સંતો હરિભક્તો આગળ વાતો કરતા કરતા કહ્યું.

બ્રહ્મચારી પાટલો તથા બાજઠ લઈ આવ્યા. થાળ બાજઠ ઉપર મૂક્યો. મહાપ્રભુ જમવા બેઠા. રઘુવીરજી મહારાજ અથાણું અને પાપડ લાવ્યા. તે સમયે એક સાધુ હાથમાં પુસ્તક તથા ચંદનના કટોરા સાથે ત્યાં આવ્યા. પરંતુ શ્રીહરિને જમવા બેઠેલા જોઈ પાછા જવા લાગ્યા, ત્યારે મહારાજે કહ્યું, અરે મહાપુરુષ ! આવો, આવો, બેસો. હું હમણાં જ જમી લઉં છું. શું લાવ્યા છો ?

હે મહારાજ ! ઘણા સમયથી પુસ્તક લખતો હતો તે આજે પુરું થયું. પછી મને વિચાર આવ્યો કે આપના હસ્ત કમળમાં મૂકી આપની પૂજા કરું.

મહાપ્રભુ જમે છે. બ્રહ્મચારી રૂમાલથી પવન નાખે છે. સમીપે મનગમતા સંતો હરિભક્તો બેઠા છે. લાડુ જલેબીના મિષ્ટાન્નથી મોટો થાળ ભરેલો છે. જમતાં જમતાં શ્રીહરિ વિનોદ વાર્તા કરે છે. વારે વારે પાણી પીએછે. અને બ્રહ્મચારી સામે ઘડી ઘડી સૂચક નજરે જોતા જાય છે. તેથી રઘુવીરજી મહારાજે પૂછ્યું, હે પ્રભુ ! આપને કંઈ જોઈએ છે ? મને કહો હું લાવી આપું.

ના, ના, રઘુવીર જોઈતું કંઈ નથી. પછી સ્મિત કરતાં બોલ્યા, એ તો હું બ્રહ્મચારીને એમ કહું છું કે આજનો થાળ આ સાધુને આપીએ.

તરત જ બ્રહ્મચારી બોલ્યા, તમારા ઈશારા બધા સમજ્યોછું. પહેલા જમી તો લ્યો. પછી આપવાની વાત.

भोजनान्ते खलु तक्रम् । શ્રીહરિ જમ્યા પછી છેલ્લે દહીં અથવા છાસ લેતા. જમી રહ્યા બાદ સાકર મિશ્રિત દહીં જમવા લાગ્યા. ત્યારે ફરી બ્રહ્મચારીને કહ્યું, આ થાળનો પ્રસાદ અદ્‌ભુતાનંદને આપજો.

અદ્‌ભુતાનંદને કંઈ નહિ મળે. પ્રસાદ તો જેણે થાળ કરાવ્યો છે એને મળશે.

થાળ કરાવનારને પ્રસાદ કાલે આપજો. આજે સ્વામીને આપો. શ્રીહરિએ પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો.

તમે વહેવારમાં કંઈ જાણો નહિ. જે પ્રથા હોય તે પ્રમાણે વર્તવું પડે. જે હરિ ભગતનો થાળ છે તેના બૈરાં છોકરાં પ્રસાદીની વાટ જોતા હશે. ઘરમાં રાંધ્યું પણ નહિ હોય. જમવાની વેળા થઈ છે. નાના છોકરાં બિચારા ભૂખ્યા બેઠા હશે. બ્રહ્મચારી વહેવારની વાત કરતા હતા. આપણે મહારાજની મરજી પ્રમાણે કરીએ તો ઠીક રહે. રઘુવીરજી મહારાજ બ્રહ્મચારી સામે જોઈને બોલ્યા.

લ્યો, દીકરા પણ બાપની કોર જઈને બેઠા. "મહારાજની મરજી પ્રમાણે કરીએ તો ઠીક રહે." પણ હું કહું છું તે કોઈને વિચારવું નથી.

શ્રીહરિએ હાથ તથા મુખ ધોઈ કોગળા કર્યા. સ્વચ્છ રૂમાલથી લૂછીને મુખવાસ લીધો. પછી "થાળ અહીં જ રહેવા દે જો." એવું કહી ઢોલિયે વિરાજ્યા. અદ્‌ભુતાનંદ સ્વામી સામે જોઈ બોલ્યા.

સ્વામી ! લાવો તમારું પુસ્તક.

સ્વામીએ પુસ્તક મહારાજના હાથમાં આપ્યું. મહારાજે પુસ્તકનું દરેક પાનું ફેરવીને જોયું. પછી કહ્યું, લખાણ સારું છે. તમારા અક્ષર પણ સારા છે. પુસ્તક લખતાં કેટલા દિવસ થયા ?

હે મહારાજ ! મારી લખવાની ગતિ ધીમી છે. તેથી લખતાં ઘણો સમય લાગ્યો છે.

શ્રીજીમહારાજે પુસ્તક ઢોલિયા ઉપર બાજુએ મૂક્યું. ચરણારવિંદ ઢોલિયા નીચે ઝૂલતા મૂકી બોલ્યા - આવો મહાપુરુષ, પૂજા કરવા. સ્વામી ચંદનનો વાટકો લઈ પાસે આવ્યા. પ્રથમ કપાળમાં અર્ચા કરી. પછી વાતચીતમાં મહારાજનો રાજીપો જાણી, બંને હાથ ઉપર ચંદન લગાવ્યું. છાતીએ અને પેટ ઉપર અર્ચા કરી. ત્યાં તો મહારાજે ચરણારવિંદ પણ લાંબા કર્યા. તેથી ગોઠણથી છેક નીચે સુધી ચંદન ચર્ચ્યું. પછી શ્રીહરિએ ચરણ ઊંચા ઉપાડ્યા એટલે પગને તળિયે પણ ચંદનનો લેપ કરી કટોરો બાજુએ મુક્યો. મહારાજે પ્રસન્ન થઈ ચંદનવાળા બંને ચરણ અદ્‌ભુતાનંદ સ્વામીની છાતી સાથે દાબ્યા. આમ ઘણીવાર સુધી રાખી પછી

તે ચરણથી સ્વામીની આંખો દાબી. પછી માથા ઉપર મૂક્યા. પોતે બહુ રાજી થયા. પૂજા કરતાં કરતાં સ્વામી ઘણા લાગણીશીલ બની ગયા. પોતાની એક મોટી ઈચ્છા મહાપ્રભુએ પૂરી કરી.

બ્રહ્મચારી ! હવે એ થાળ સ્વામીને આપો. શ્રીહરિએ કહ્યું.

તમે સમજતા કેમ નથી ? એ થાળ તો જેણે તમને હેતથી જમાડ્યા છે તે ભગતને આપવાનો છે. પ્રસાદ ઉપર એનો હક છે.

પણ આ સાધુએ પણ અમારી પૂજા હેતથી કરી છે. વળી તે પુસ્તક લખીને લાવ્યા છે. એટલે અમારે એમને થાળ આપવાની ઈચ્છા છે.

મહારાજ ! તમારે જેમ કરવું હોય તેમ કરો. તમે મારું નહિ માનો. બ્રહ્મચારીએ પોતાનો આગ્રહ છોડી દીધો.

બ્રહ્મચારીનું કહેવું સાંભળી શ્રીજી મહારાજ મૌન રહ્યા. થોડી ક્ષણો એમને એમ બેસી રહ્યા. પછી બોલ્યા - બ્રહ્મચારી ! મને એક ઉપાય સૂઝે છે. તમે કહો છો તેમ પણ થશે. અને અમારા વચન પણ રહેશે.

ક્યો ઉપાય ? બ્રહ્મચારીએ પૂછ્યું.

આ થાળ અદ્‌ભુતાનંદ સ્વામીને આપી દો. પછી એ જ થાળ અદ્‌ભુતાનંદ સ્વામી પાસેથી ઉછીનો લઈ લો. કાલે અમારા થાળ થાય ત્યારે તમે ઉછીનો લીધેલો થાળ સ્વામીને પરત કરજો. આજના થાળમાંથી માત્ર થોડો પ્રસાદ તેમને આપજો. કેમ લાગે છે મારો વિચાર?

ભલે મહારાજ, એમ કહેતા હો તો બરાબર છે. આવતી કાલનો થાળ અદ્‌ભુતાનંદજીને આપશું, હાશ ! હવે મને નિરાંત થઈ ! થાળ કરનારનાં બાળકો બિચારા પ્રસાદની વાટ જોતા બેઠા હશે. બ્રહ્મચારીએ એક અલગ પાત્રમાં અદ્‌ભુતાનંદ સ્વામીને પ્રસાદ આપ્યો.

શ્રીહરિની પાસે જ બેઠેલા બ્રહ્માનંદ સ્વામી આ બધો રસિક સંવાદ સાંભળતા હતા. તેમણે પોતાની લાક્ષણિક રીતે કહ્યું, હે મહારાજ ! સ્વામીને પ્રસાદ મળ્યો તો પછી આ દાસને કંઈ મળશે ?

દાસ તો અવાર નવાર પ્રસાદ જમે છે. એને કંઈ નહિ મળે. માટે દાસે એવી કોઈ આશા રાખવી નહી.

બ્રહ્માનંદ સ્વામીએ અદ્‌ભુતાનંદ સ્વામી સામે જોયું. પછી તેમને ઉદ્દેશીને બોલ્યા, આ સાધુ તો ઘણા જ ઉદાર દિલના અને દયાવાળા છે. ભગવાનની પ્રસાદી કોઈ દિવસ એકલા નથી જમતા. દયાનો ગુણ એમને ગળથૂથીમાંથી જ મળેલો છે.

સ્વામીએ પડિયો ભરી પ્રસાદી બ્રહ્માનંદ સ્વામીને આપી. શ્રીહરિ આ બધું જોઈ રહ્યા હતા. તેમણે સ્મિત કરતાં કહ્યું, દાસે ય કેવા ખંધા છે ! સ્વાર્થ માટે ગરીબ સાધુને પણ લૂંટવાનું ચૂકતા નથી. આવી રીતે વાટ પડાવવી ઠીક નહીં. દાસે સમજવું જોઈએ.

મહાપ્રભુ ! પ્રત્યક્ષ સાક્ષી છો તમે સત્યને સન્માનજો. વાટ પડાવી છે કે રાજી કરીને લીધી છે ?

શ્રીહરિ હસતા હસતા વાસુદેવનારાયણના ઓરડામાં જ ઢોલિયા ઉપર આડે પડખે થયા. બ્રહ્મમુનિ પ્રસાદનો પડિયો લઈ અદ્‌ભુતાનંદ સ્વામી સાથે પોતાના આસને ગયા.

(અનુ. પેઈજ ૭ નું) ..... ટોપીવાલાને સત્સંગનો ગુણ

ત્યાં તમારી બરદાસ રાખશે. તમારું મંદિર થવાથી બીજાની નિંદિત વાતો ઉઘાડી પડવાથી ઘટી જશે. શ્રીહરિએ ભરતખંડની શ્રેષ્ઠતા અને ભગવાનમાં જોડાવું એ જ સાચી બુદ્ધિ છે વગેરે ઘણીક વાતો કરી. શ્રીહરિ વાત કરી રહ્યા ત્યારે સાહેબ પ્રસન્ન થયા અને શ્રીહરિનું યથોચિત પૂજન કર્યું અને શ્રીહરિને કહ્યું કે હવે અમે અહીં રહીશું નહિ. દુલાપ સાહેબ આવશે. અમે સુરત જઈશું ત્યારે ત્યાં પધારજો. અમે આપને બહુ ઈચ્છીએ છીએ. ક્યારેય લોભવશ થઈને અમારી મતિ પ્રજા પર વિપરીત ન થાય એવી કૃપા કરજો. શ્રીહરિ કહે સંગના યોગથી અંતરમાં ફેર પડે છે. એવો સંગ બળવાન છે. જેને વિવેક રૂપી નેત્ર છે તેને તે સમજાય છે.

ગઢપુરમાં જ્યારે ઉત્તમ રાજાને તેમના ગરાસ ઉપર જે હલ્લો આવ્યો હતો ત્યારે ત્યાંના નિર્માની વર્તન વાળા બાલ્ટન સાહેબે સહાયરૂપે પચાસ ઘોડે સવારોની પલટણ મોકલીને સામા પક્ષના રાજા પાસે ભાગના ખુલાસાનો લેખ કરાવી શ્રીહરિની પ્રસન્નતા પામ્યા હતા.


ટોપીવાળા રાજાએ પરદેશથી આવીને સુખેથી રાજ્ય સુખ ભોગવ્યું. કારણ કે તેની અચલ નીતિથી ભગવાન તેમાં વસ્યા હતા. બુદ્ધિથી તેણે બધા રાજાને વશ કર્યા. મોટા સાહેબ સ્વામિનારાયણ ભગવાનની રીતને વિલાયત સુધી જાણતા હતા.

નીલકંઠવર્ણી અને રામપુરના કણબી પટેલ લક્ષ્મણભાઈ

(પ્રભુ લક્ષ્મણભાઈના હાથનો રોટલો જમે છે)

- ડૉ. એચ. વી. કેરાઈ (અંજાર-કચ્છ)

શ્રી નીલકંઠવર્ણી જ્યારે યાત્રા મુલતવી રાખીને કચ્છના બિલેશ્વર મુકામે મહાદેવજીને મળવા માટે કચ્છની યાત્રા કરી ત્યારે રામપર ગંગાજી પર જતા રસ્તામાં ભૂખ-તરસ લાગતાં મેરાઈ વાડીએ પધાર્યા. જ્યાં ત્રણ કણબી પટેલો કોશ હાંકતા હતા. ગામની એક માત્ર સદ્ધર ગણાતી વાડીમાં ત્રણ કેરાઈ બંધુઓ-ભીમજી, ખીમજી અને લક્ષ્મણ આશરે ત્રીસેક વીઘા જેવી જમીન ને પાણી પાતા હતા. પ્રભુએ વાડીએ જઈને કૂંડી પર આસન જમાવ્યું અને પોતે ભૂખ્યા હોવાથી કંઈક ખાવાનું હોય તો આપવાનું ત્રણે ભાઈઓને કહ્યું. ભીમજી અને ખીમજી એ તો ત્યાંને ત્યાંજ ના પાડી દીધી. પણ લક્ષ્મણે પોતાનો કોશ બંધ રાખ્યો અને ઝાડમાં ટીંગાતા ઝીંકામાંથી પોતાના ભાગનો ડબરો ખોલીને વર્ણીને રોટલો, અથાણું, ગોળ અને કુયડામાંથી છાશ પીરસી. વાડીમાંથી થોડાં લીલા મરચા અને એક કૂમળો મૂળો લાવીને પ્રભુને ધર્યા.



પ્રભુ રોટલો જમી રહ્યા એટલે લક્ષ્મણ પાસે પાણી માંગ્યું ત્યારે કૂંડીમાંથી તાંસળી ભરીને પ્રભુ પાણી આગળ ધર્યું ત્યારે નીલકંઠવર્ણીએ ચામડાના કોશનું પાણી પોતે પીતા ન હોવાની વાત કરી. દોરી-લોટો હોય તો પોતે કૂવામાંથી સીંચી લેશે એવું પૂછતાં લક્ષ્મણે એ ન હોવાની વાત કરી ત્યારે લક્ષ્મણ અને વર્ણીની વાતો સાંભળતા બન્ને ભાઈઓ કે જેમને કોઈપણ બાવાને રોટલો આપવાની ઈચ્છા નહોતી થતી. એ ત્રણેય ને આશ્ચર્ય થાય તેમ વર્ણીએ પોતાનું કમંડલ હાથમાં લીધું અને ત્યાંથી કૂવા સુધી આશરે વીસ ફૂટના અંતરે પોતાનો હાથ લાંબો કર્યો અને ત્રીસ ફૂટ ઊંડા કૂવામાંથી પાણી ભરીને સાથે રાખેલા વસ્ત્રના ટુકડાથી ગાળીને પીધું. બાવાનું આવું કુતુહલ જોઈને કોશ બંધ કરીને લક્ષ્મણની બાજુમાં બે ભાઈ આવે એ પહેલાં વર્ણીએ પોતાનું વિરાટ સ્વરૂપ ધારણ કર્યું ! વાડીમાં પ્રકાશ પ્રકાશ થઈ રહ્યો ! જેથી અંજાઈને વાડીમાં કામ કરતા ખેત - મજુરો અને બાજુની વાડીના કણબી પટેલો આ પ્રકાશની હકીકત જોવા મેરાઈ વાડીએ દોડ્યા. ત્યાં વર્ણીએ પોતાનું સ્વરૂપ અદ્રશ્ય કર્યું અને આંખના પલકારામાં પશ્ચિમ દિશાએ ગંગાજી તરફ પોતાનું ઐશ્વર્ય બતાવ્યું.

લક્ષ્મણભાઈ બિલેશ્વર મહાદેવના પરમ ભક્ત હતા. એમની વાડીથી ચાર કિલોમીટર દૂર આવેલા બિલેશ્વર શંકર મંદિરમાં તેઓ દર સોમવારે દર્શન જતા. એક દિવસ શંકર ભગવાને એમને સ્વપ્નમાં દર્શન આપીને એમને કૃષ્ણ ભગવાનના દર્શન થશે એવા આશીર્વાદ આપ્યા. અને કૃષ્ણ ભગવાન બાવા સ્વરૂપે એને ત્યાં આવીને રોટલો પણ જમશે. ત્યારબાદ લક્ષ્મણભાઈ વાડીએ આવતા તમામ વૈરાગી બાવાઓને પોતાના ભાગનો રોટલો જમાડતા. કોણ જાણે ક્યા સમયે એનો વાલીડો એને ત્યાં બાવા રૂપે આવે ? એના બન્ને ભાઈઓ એની મશ્કરી કરતા અને બાવાઓનો બહુ ભરોંસો ન કરવાની ભલામણ કરતા.

બીજા દિવસે જ્યાં નિત્ય નિયમ મુજબ બિલેશ્વર મહાદેવના દર્શને ગયા ત્યારે શંકર ભગવાને એમને પ્રત્યક્ષ દર્શન આપીને વર્ણીરૂપે ભગવાન ગઈ કાલે એને ત્યાં રોટલો જમીને પોતાને

(અનુસંધાન પેઈજ ૨૦ પર)

બામરોલીમાં પૂજ્ય આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી

– મહંત સ્વામી લક્ષ્મીનારાયણદાસજી

આજથી દોઢસો વર્ષ પહેલા આપણા આદિ આચાર્ય પ.પૂ.ધ.ધુ. શ્રી અવધપ્રસાદજી મહારાજશ્રી અમદાવાદથી રસાલા સાથે જ્યારે છપૈયા જતા એ વખતે મધ્યપ્રદેશમાં વાયા બામરોલી ગામે નિવાસ કરતા. પરંતુ કોઈ વખત બામરોલીમાં વધારે રોકાણ કરતા ત્યારે છપૈયા જવાનું માંડી વાળતા અને ત્યાંથી પાછા અમદાવાદ આવતા. આ સમાચાર સાંભળીને માતુશ્રી સુવાસિની ભાભી ઠપકો આપતા અને કહેતા કે જન્મ સ્થલીને ભૂલી જઈને દેશમાં કુખ્યાત (ડાકુઓનું) ગણાતું ગામ જેને પરવશ થવાનું કારણ મને સમજાતું નથી. ત્યારે ગામ ગુરુ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ કહ્યું, કે હે મા ! તારા આશીર્વાદથી ને આપણા દાદા સર્વોપરિ શ્રીજીમહારાજની કૃપાથી તથા ગાદી સ્થાનના પ્રભાવથી ગામના દરેક ડાકુ-લૂંટારાઓ જોબનપગી અને વાલિયા લૂંટારાની માફક પરમ એકાંતિક ભક્ત બનાવ્યા છે. જે ભક્તો મારા વગર નથી રહી શકતા તેમ હું પણ.....

પૂજ્ય આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ અનેક પરચાઓ દ્વારા ગામને લાગેલું કલંક દૂર કર્યું છે. આજે પણ પરચાઓ પૈકી ગામને ફરતે દૂધની ધારા કરીને પવિત્ર બનાવીને કોલ આપ્યો છે કે ગામમાં જે કોઈ દેહ મૂકશે તેમને અંતકાળે હું સંત સહિત લેવા આવીશ, આજે વર્ષો ગયા પછી પણ ગામમાં નાના-મોટા જે કોઈ દેહ મૂકે છે તેમને બે થી ત્રણ દિવસ અગાઉ જાગ્રત યા સ્વપ્રમાં અગાઉથી જાણ કરીને પછી જ લઈ જાય છે. અથવા કોઈને જાતે જ કહી જાય છે કે



બે દિવસમાં જ તૈયાર રહેજે. ગામમાં એક પણ ઘર એવું નથી કે જેનાથી વંચિત હોય.

બીજો પરચો એ છે કે આજુ બાજુના વિસ્તારમાં આજે પણ કોઈ ચોરી કે લૂંટફાટ કરે તો તેમની આંખો અંજાઈ જાય છે. ને જે વિસ્તારમાં પ.પૂ. આદિ આચાર્ય મહારાજશ્રીને લોકો બામરોલીના (સ્વયં ભગવાના પુત્ર એટલે) ભગવાન સ્વરૂપ જ ઓળખે છે. આજે પણ એ ગામ પ.પૂ.મહારાજશ્રી (દાદા ગુરુ) પ્રત્યે એટલું જ શ્રધ્ધાવાન-નિષ્ઠાવાન છે કે જેનું શબ્દોથી વર્ણન થઈ શકે તેમ નથી. સુખ-દુઃખમાં આજે પણ ગામ લોકો માત્ર દાદાગુરુ (આદિ આચાર્ય)ની જ બાધાઓ રાખે છે.

એ ગામમાં જે પથ્થરની મોટી શિલા ઉપર બેસીને પૂ. મહારાજશ્રીએ ગામલોકોને જે ઉપદેશ આપેલો. તે શિલાને આજે પણ ગામલોકો પૂજે છે. ને ત્યાંથી હટાવા દેતા નથી. આજે પણ એ શિલાને લોકો પોતાના પ્રાણની માફક સાચવી રહ્યા છે. અનેક વખત મંદિરમાં રાખવા માટે માંગણી કરવામાં આવી પણ, સૌનું એવું કહેવું છે કે અહિંયાજ સૌ ધર્મકુળ પ્રેમી ભક્તોને સભા ભરીને ઉપદેશ આપતા ને એ વખતે ગામમાં મંદિર ન હતું. ત્યારે ગામના આગેવાનોએ પોતાની કિંમતી જમીન (૭૦ વીઘા) અને યથા શક્તિ ચાંદીના રૂપિયા આપેલા. પણ દાદાગુરુએ એ વખતે કોલ આપેલો કે આ સાચવીને રાખજો. અહિંયા અમારા પુત્ર શ્રીનરનારાયણદેવ ગાદીના બીજા આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રી મંદિર બનાવશે ને તમારા સઘળા મનોરથોને પૂર્ણ કરશે.

હમણા થોડા સમય પહેલા શ્રી નરનારાયણદેવ પીઠના અ.સૌ. પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી બામરોલી પધાર્યા હતા અને સ્વયં આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની સ્મૃતિ નિમિત્તે અને બામરોલીના સૌ હરિભક્તોને સત્સંગનું વિશેષ સુખ મળે તે માટે તા. ૨૨-૨-૦૭ થી ૨૬-૨-૦૭ ફાગણ વદ "છઠ્ઠ થી દશમ" પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણનું આપણા અલ્હાબાદ મંદિરના શાસ્ત્રી સ્વામી ધર્મકિશોરદાસજીના વક્તાપદે હિન્દી ભાષામાં આયોજન કરવામાં આવ્યું હતું. સમસ્ત ગામના ભાવિકોએ ધર્મવંશી પરિવારનું મહિમા માહાત્મ્ય સમજીને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીનો જય જયકાર કર્યો હતો. સૌ ભક્તો કહેતા હતા કે આજ સુધી અમે ક્યારેય પણ આવો ભવ્યાતિ ભવ્ય ઉત્સવ જોયો નથી. પારાયણ, ઠાકોરજીનો મહા-અભિષેક

(અનુસંધાન પેઈજ ૧૪ પર)

સુખી જીવનનો એકમાત્ર આધાર

ધર્મ

- સાધુ હરિવલ્લભદાસ ગુરુ નારાયણપ્રસાદદાસજી (સ્વા. સંસ્કૃત વિદ્યાલય - જેતલપુર)

જીવનનો અર્થ છે - સંઘર્ષ પરિસ્થિતિઓનો ઉતાર-ચઢાવ, જેને પરિવર્તન પણ કહી શકાય છે, એટલે કે પરિવર્તન જ જીવનછે. અને જીવન જ પરિવર્તન છે. જીવનમાં અસુરતા, કુટિલતાના આકસ્મિક તેમજ અનપેક્ષિત આક્રમણોને સહન કરવા સરળ નથી. પરેશાનીઓ, કષ્ટો અને આફતોની આંધી આવે છે, તો માનવ-શક્તિને કુંઠિત કરી દે છે. પરિણામે બુદ્ધિ નિષ્ક્રિય થઈ જાય છે. વૈરાગ્યપૂર્ણ માનસિકતા માણસને કિંકર્તવ્યમૂઢ બનાવી દે છે. આવી વિષમ પરિસ્થિતિમાં અસહાય, નિરુપાય વ્યક્તિ ચિંતન કરે છે, કે કોણ મારું સહાયક બનશે ? કોણ મારી રક્ષા કરશે ? મારો ઉદ્ધાર કોણ કરી શકશે ? સાથે સાથે સત્યપથનું જ્ઞાન કોણ કરાવી શકશે ? આનો જવાબ એકજ છે - ધર્મ સુખ શાંતિની પરિસ્થિતિઓનો જનક પણ ધર્મ જ છે. કહેવાની જરૂર નથી કે જે દિવસે આ જગતમાંથી ધર્મ સમાપ્ત થઈ જશે, તે દિવસે સર્વનાશ ને કોઈ રોકી શકશે નહિ. પાશ્ચાત્ય મનીષી થોસમન પોતાની દૃષ્ટિએ ધર્મને પરિભાષિત કરતા કહે છે કે 'સંપૂર્ણ વિશ્વ મારો દેશ, સંપૂર્ણ માનવતા મારા બંધુ અને સંપૂર્ણ ભલાઈ એ મારો ધર્મ છે.'

વર્તમાન યુગમાં ધર્મ પ્રત્યે અનાસ્થા વધી રહી છે, જેનું પરિણામ એ આવી રહ્યું છે કે નૈતિક તથા સાંસ્કૃતિક મૂલ્યો માનવતાઓનું પણ સતત અવમૂલ્યન થઈ રહ્યું છે. અધર્માચરણનાં કારણે મનુષ્યની સુખ શાંતિ ભંગ થતી જઈ રહી છે, ચારે કોર અસંતોષનું વાતાવરણ ફેલાયેલું છે.

ચારે દિશાઓમાં ભટક્યા પછી આમાંથી બચવા માટે એક જ ઉપાય નજરે ચડે છે - 'ધર્મ', વેદ, ઉપનિષદ, સ્મૃતિ, પુરાણ વગેરે ધર્મશાસ્ત્રોમાં આજ તત્ત્વનું નિરૂપણ થયેલું છે. ધર્મપ્રધાન યુગ એટલે કે સત્પ્રવૃતિઓની બહુલતાળો યુગ 'સતયુગ' કહેવાય છે. સતયુગમાં સુખ અને સંપન્નતાનો આધાર ધર્મ છે.

ભગવાન રામ જ્યારે વનવાસ માટે તૈયાર થયા, તો જીવન રક્ષાની કામનાથી તેમણે માતા કૌશલ્યા પાસે આશીર્વાદની આકાંક્ષા વ્યક્ત કરી. વિદુષી માતાએ તે વખતે કહ્યું - હે રામ ! તમે જે ધર્મનું પ્રીતિ અને નિયમથી પાલન કર્યું છે. જેના અનુસરણથી તમે વનમાં જવા માટે તૈયાર થયા છો, એજ ધર્મ તમારી રક્ષા કરશે.

"धारयते इति धर्मः" એટલે કે ધારણ કરવામાં આવે તે ધર્મ છે. ધર્મ શબ્દ 'ધૃ' ધાતુથી બન્યો છે, જેનો અર્થ છે 'ધારણ કરવું.' એટલે કે જે મનુષ્યને ધારણ કરે, શુધ્ધ અને પવિત્ર બનાવીને તેની રક્ષા કરે, તેજ ધર્મ છે. વાસ્તવિક ધર્મમાં વ્યક્તિ જે તત્ત્વોની સાધના કરે છે, તે છે - પરોપકાર, બીજાની સેવા, સત્ય, સંયમ, કર્તવ્યપાલન વગેરે 'ધર્મચર'નો સાચો અભિપ્રાય એજ છે કે સદાચરણ, ધર્માચરણ સત્યાચરણ વગેરે માનવજીવનમાં વ્યવહારિક રૂપ પામી શકે.

જે માણસ ધર્મનો પાલક, પોષક હોય છે, એજ સાચો ધર્માત્મા કહેવડાવવાનો અધિકારી છે. ધર્મશીલ વ્યક્તિનાં અંતઃકરણમાં એવી શક્તિ હોય છે, જે અસંખ્ય વિઘ્નો અવરોધો, વિરોધી શક્તિઓને પરાજિત કરી દે છે. ધાર્મિક મનુષ્યનાં જીવનમાં એક વિશેષ પ્રકારનો વિલક્ષણ આહ્લાદ ભરેલો રહે છે, જે સર્વત્ર સુગંધ ફેલાવતો રહે છે, તેના ઉમંગ અને ઉલ્લાસથી આસપાસનું વાતાવરણ પણ પ્રભાવિત થાય છે. ધર્મની પ્રાણશક્તિ નિર્જીવને પણ સજીવ બનાવવામાં સમર્થ હોય છે, 'હિંમત' એ સાચા ધાર્મિકનું મુખ્ય લક્ષણ હોય છે. ખરેખર ધર્મ મનુષ્યનું એવું અગ્નિતેજ છે, જે પ્રકાશ ઉત્પન્ન કરે છે, તેનામાં ક્રિયાશીલતા તેમજ જિજીવિષા જાગૃત રાખે છે. ધર્મશીલ વ્યક્તિ વિભિન્ન મુશ્કેલીઓ, વિઘ્નો - અવરોધોમાં પણ હિમાલયની જેમ અટલ તેમજ સમુદ્રની જેમ ધીર-ગંભીર રહે છે. ટૂંકમાં કહીએ તો, ધર્મ એ જીવનનો પ્રાણ અને માનવીય ગરિમાનો પર્યાય છે.


सत्संगी બહેનો માટે અલભ્ય લાભ

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, હવેલીમાં પવિત્ર અધિક માસમાં તા. ૧૦ જૂનથી ૧૪ જૂન ૨૦૦૭ સુધી પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી દ્વારા શ્રીમદ્ સત્સંગિજીવન અન્તર્ગત "શ્રીહરિ ગીતા" ઉપર મનનીય પ્રવચન આપશે. સમય : સાંજના ૪-૦૦ થી ૭-૦૦

ધર્માચાર્યોએ ધર્મનું વ્યાપારીકરણ ન કરવું જોઈએ :

તેજેન્દ્રપ્રસાદજી મહારાજ

(દિવ્ય ભાસ્કર - ધર્મદર્શનમાંથી સાભાર સ્વીકાર. સંવાદ : પ્રણવ દવે)



● જીવનમાં ધર્મનું શું મહત્વ છે ?

ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે તે મુજબ શાસ્ત્રોક્ત શ્રુતિ, સ્મૃતિ દ્વારા પ્રતિપાદિત કરવામાં આવેલો સદાચાર, એનું નામ ધર્મ છે. આવા સદાચારનો નિયમ વ્યક્તિના જીવનમાં હોવો જોઈએ. ધર્મ આપણને સારા-નરસાનું ભાન કરાવે છે. તે મુજબ જીવન આપણે જીવીએ તો જીવનમાં સુખી થતા કોઈ તમને રોકી શકતું નથી.

● તિલક-ચાંલ્લાનું શું મહત્વ છે ?

તિલક-ચાંલ્લાનું આગવું મહત્વ છે. તિલક એ ભગવાનનાં ચરણનું પ્રતીક છે જ્યારે કંકુનો ચાંલ્લો લક્ષ્મીજીનું પ્રતીક છે. તિલક-ચાંલ્લો તમે કર્યો હોય ત્યારે તમે હોટલમાં બહારનું ખાતા કે અભક્ષ્ય ખાતા રોકશે, વ્યસન કરતા તમને અટકાવશે. તેનું એક ઉદાહરણ બહારના દેશનું કહું તો કેન્યાના પૂર્વ પ્રેસિડેન્ટ મોઈ હતા. તેમને મળ્યા ત્યારે તેમણે કહ્યું કે મારા અનુભવથી કહી શકું કે મને તિલક-ચાંલ્લાવાળા વ્યક્તિઓ વધુ વિશ્વાસપાત્ર જણાયા છે. આવા પ્રસંગથી પણ કહી શકાય કે સમાજમાં તિલક-ચાંલ્લાનું એક અલાયદું સ્થાન છે.

● સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો સ્ત્રીઓનાં દર્શન પણ કરતા નથી તેનું શું કારણ ?

સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્ત્રીઓ તરફ કોઈ તિરસ્કારની ભાવના નથી. પરંતુ આ સંપ્રદાયમાં ભગવાન સ્વામિનારાયણે જે ઉપદેશ આપ્યો છે તે મુજબ આચાર્ય, સંતો સદાચાર અને બ્રહ્મચર્યનું પાલન સહજતાથી કરી શકે તે માટે આ નિયમ અપનાવવામાં આવ્યો છે. સ્ત્રી સંગના ભય સ્થાનો છે માટે આવો નિયમ અપનાવવામાં આવ્યો છે. પણ કોઈ ભેદભાવ નથી રખાયો. સ્ત્રીઓ માટે ધર્મકાર્ય અને ભક્તિની સુવિધા રહે તે માટે અલગ મંદિરનું નિર્માણ કરાયુ છે. જે મહિલાઓની મહત્તા વધારે છે.

● આપની દૃષ્ટિએ ધર્માચાર્યોનું શું કર્તવ્ય છે ?

ધર્માચાર્યોનું કર્તવ્ય છે સમાજમાં જાગૃતિ લાવવી. સર્વધર્મ સમભાવ અને ભાઈચારાની ભાવના ટકાવી રાખવાની છે. તેમનું એ અગત્યનું કર્તવ્ય છે કે સમાજમાં રાજકારણ ન આવવા દો અને પોતે પણ રાજકારણથી અલિપ્ત રહે અને ધર્મનું વ્યાપારીકરણ ન કરે. આ જ તેનું કર્તવ્ય રાષ્ટ્રનિર્માણની ભાવના 'વસુદૈવ કુટુમ્બકમ્' ની ભાવનાને વધુમાં વધુ ફેલાવો કરે.

● સમાજમાં સૌથી મોટી સમસ્યા કઈ લાગે છે ? તેના ઉપાય માટે શું કરવું ?

આજે ભાવિ પેઢીને ધર્મના માધ્યમથી સદાચાર તરફ વાળવાની ખૂબ જરૂર છે. જેના ઉપાય માટે અમારા સંપ્રદાય દ્વારા બાળમંડળ અને યુવક મંડળ ચાલી રહ્યાં છે. વિદેશમાં તો ઘણા વિદેશીઓ ટીપ્પણી કરીને કહે છે સ્વામિનારાયણ સંપ્રદાયની વિશેષતા એ છે કે આ સંપ્રદાયના મંદિરોમાં યુવાવર્ગ વિશેષ રીતે જોવા મળે છે. એટલું જ નહીં તેઓ દંડવત, માળા, પ્રદક્ષિણા કરે છે. વર્તમાન આચાર્ય કોશલેન્દ્રપ્રસાદજી દ્વારા પણ વિદેશમાં યુવાવર્ગમાં ક્રાંતિ આવી છે કે યુવાવર્ગ પણ ધર્મકાર્યમાં જોડાયો છે.

● **આપનો કોઇ સંદેશ ?**

ભગવાન સ્વામિનારાયણની વિશેષતા એ હતી કે તેઓ ગામડામાં ઘરે-ઘરે ફરીને મુમુક્ષુઓને મોક્ષ તરફ લઈ ગયા હતા. બધાને વ્યસનથી દૂર રહેવા અને સદાચારી બનવાનો સંદેશો આપ્યો હતો. બધા તરફ તેઓ સમભાવ રાખતા હતા. તેમના જીવનમાંથી આ બધા ગુણો શીખવા જેવા છે.

'શિક્ષાપત્રી' સાંપ્રદાયિક ગ્રંથ નહીં માનવ માત્ર માટે ઉપયોગી

'શિક્ષાપત્રી'નું મહત્વ સમજાવતા તેજેન્દ્રપ્રસાદજી મહારાજે જણાવ્યું કે સ્વામિનારાયણ ભગવાને બધા શાસ્ત્રોનું દોહન કરીને એક કોડ ઓફ કન્ડકટ બનાવ્યો છે. તેને તમે વાંચો અને અનુસરો. શિક્ષાપત્રી કોઈ સાંપ્રદાયિક ગ્રંથ નથી પરંતુ માનવ માત્ર માટે ઉપયોગી છે. જે વ્યક્તિ શિક્ષાપત્રીનું યોગ્ય પાલન કરે છે તેને ક્યારેય દુઃખ પડતું નથી, એવું સ્વામિનારાયણ ભગવાને જણાવ્યુંછે. એટલું જ નહીં કોર્ટ-કચેરી, ડોકટરથી પણ દૂર રહી શકાય છે. ભગવાન સ્વામિનારાયણે એવા નિયમોનો સમાવેશ તેમાં કર્યો છે કે જે માત્ર ધાર્મિક જ નહીં પણ વ્યાવહારિક છે અને બધા જ વ્યક્તિઓ માટે ઉપયોગી છે.

(અનુ. પેઈજ ૧૧ નું)

બામરોલીમાં પૂજ્ય આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી

તથા અન્નકૂટ તેમજ સંકીર્તન ભક્તિ (નાચ-ગાન સાથે) અને મહા પ્રસાદ એટલે કે સમસ્ત ગામ લોકોને ભોજન વગેરે આ પ્રસંગે મંદિરના મહંત સ્વામી સ.ગુ. લક્ષ્મીનારાયણદાસજી એ ખૂબજ જહેમત ઉઠાવી હતી. કારણ કે આ ગામમાં કોઈજ પણ પ્રકારની સવલતો નથી. ગામમાં શાકભાજીથી લઈને જીવન જરૂરિયાત વાળી હર કોઈ વસ્તુ માટે ગ્વાલિયર અથવા મુરૈના જવું પડે છે. તેવા ગામમાં લક્ષ્મીસ્વરૂપ પ.પૂ. ગાદીવાળાશ્રી જે, પ્રસંગના યજમાન હતા જેમાં જરા પણ ઉણપ આવવા દીધી નથી. સુવાસિની ભાભીએ પગના તોળા મૂળી મંદિરના નિર્માણ કાર્યમાં ઉપયોગમાં લેવા સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીને આપ્યા હતા તે હાલ પણ પ્રસાદી તરીકે મૂળી ધામમાં રાખવામાં આવ્યા છે. તે રીતે પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીએ સોનાના અલંકારો, વાઘા વસ્ત્રો ઠાકોરજીને કૃષ્ણાર્પણ કર્યા ત્યારે ગામ લોકોએ સુવાસિની ભાભીની ઉપમા આપીને પૂ. ગાદીવાળાશ્રીને સૌ કોઈ ભક્તજનોએ વધાવ્યા હતા. ગામ લોકોને જ્યારે ખબર પડી કે આ પ્રસંગના યજમાન પૂ. ગાદીવાળાશ્રી હોય તો અમારાથી - સમસ્ત ગામ લોકોથી ભોજન લેવાય નહિ. પણ પૂ. ગાદીવાળાશ્રીના અતિ આગ્રહ અને આદેશ થવાથી ગામના સૌ કોઈ ભક્તજનોએ મહાપ્રસાદ લીધો હતો. પૂ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી હજુરી પાર્ષદ વનરાજ ભગત આ પ્રસંગના માર્ગ દર્શક રહ્યા હતા. અને અન્ય સેવામાં નાથદ્વારાના મહંત ધર્મસ્વરૂપ સ્વામી, પૂર્ણપ્રકાશસ્વામી આદિ સંત પાર્ષદ મંડળ જોડાયેલ. આ પ્રસંગે અમદાવાદ, સુરેન્દ્રનગર, મોરબી, પાટડી, ગઢપુર વગેરે ધામોથી કર્મયોગી સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા ને તન, મન, ધનથી ખૂબજ સેવાઓ આપી હતી ને આ પ્રસંગને ભવ્યતાથી માણ્યો હતો.

પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીની આજ્ઞા થવાથી આશરે ૧૫૦ બહેનો અમદાવાદથી આવ્યા હતા ને પ.પૂ. ગાદીવાળાશ્રીના શુભ સાનિધ્યમાં આવા અંતરિયાળ અને ડુંગરાળ અને વિકટ વિસ્તારમાં કષ્ટ સહન કરીને પણ યાત્રાનું સુખ માણ્યું હતું. પ.પૂ. આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીનું ગામ સમજીને અને પરચાઓને વાગોળીને પૂ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી મંદિરના જીર્ણોદ્ધાર માટે ખૂબ મોટી સેવા આપી હતી. ને ત્યાગી, ગૃહી સૌ કોઈને પ.પૂ. ગાદીવાળાશ્રીએ અંતરના આશીર્વાદ આપ્યા હતા.

શ્રી નરનારાયણદેવના નિજ મંદિરનો સેવા યજ્ઞ

સર્વ સત્સંગ સમાજને જણાવવાનું કે ભગવાન શ્રી સ્વામિનારાયણે સૌ પ્રથમ બાથમાં લઈને પધરાવેલા પરમકૃપાળુ ભગવાન શ્રી નરનારાયણદેવનું ત્રણ શિખરનું સુંદર મંદિર સ.ગુ. આનંદાનંદ સ્વામીએ શ્રીહરિએ બતાવેલા નકશા પ્રમાણે બનાવ્યું છે.

આ મંદિરને આજે ફાગણ સુદ ત્રીજે ૧૮૫ વર્ષ પુરા થયાં. તેમાં સમય સંજોગોનુંસાર જીર્ણોધ્ધાર કરવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ શુભાશીર્વાદ સહ આજ્ઞા આપી છે. જેમાં સંપૂર્ણ મંદિરમાં ઘૂમટ સહિત ફલોરીંગમાં સંગેમરમર સુંદર શ્વેત આરસ પહાણથી લગાડવામાં આવશે અને મંદિરના ફરતા પ્લીંથને પણ નવીનતાથી મજબુત અને શિલ્પ પ્રમાણે સોમપુરાના શાસ્ત્ર શિલ્પ અનુસાર નવીનતમ થશે. આ અલભ્ય સેવાનો લાભ દરેક હરિભક્તોએ અવશ્ય લેવો. તેની રકમ કોઠારમાં જમા કરાવીને પાકી પાવતી મેળવી લેવી.

વિશેષ વિગત માટે રૂબરૂ મળવું - લી. આજ્ઞાથી

પવિત્ર મધુ (ચૈત્ર) માસ અને પૂજ્ય મોટા મહારાજશ્રી

- શાસ્ત્રી નારાયણવલ્લભદાસજી (શ્રી સહજાનંદ ગુરુકુળ વડનગર)

પરમ પવિત્ર ચૈત્ર માસ જેને શાસ્ત્રોમાં મધુ માસ તરીકે પણ વર્ણવેલ છે. આ પવિત્ર મધુ માસ કહેતાં ચૈત્ર માસમાં આપણા ઈષ્ટદેવ સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ, મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામચંદ્રજી, ભગવાનશ્રી મહાવીર, તેમજ શ્રી હનુમાનજીનું આ પુનિત ધરતી ઉપર પ્રાગટ્ય થયેલ છે. એટલું જ નહિ આપણા પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું પ્રાગટ્ય પણ આ પવિત્ર મધુ કહેતાં ચૈત્ર માસમાં વદ-૩ના પવિત્ર દિવસે થયેલ છે. મધુ માસ ખરેખર મંગલમય માસ છે, તેવી જ રીતે મધુમાસમાં પ્રગટ થયેલ વિરલ વિભૂતિઓના દર્શન, સેવા, પૂજન, અર્ચન, આશીર્વાદ પણ મંગલમય હોય છે. જે દરેકના મનોરથ પૂર્ણ કરે છે.

વિનય, વિવેક અને વંદન દ્વારા જે જીવાત્મા મહાન પુરુષોની ચંદન, પુષ્પ વડે પૂજા કરે છે તેના સકળ મનોરથ ખરેખર પૂર્ણ થાય છે. જેમ કે, અર્જુન વિનયી હતો. આચાર્ય દ્રોણ પાસેથી મેળવેલી વિદ્યાએ એને ધનંજય અને સર્વત્ર વિજયી બનાવ્યો હતો. ગીતામાં પણ અર્જુન નિખાલસ ભાવથી ભગવાનને પૂછે છે કે, જે કંઈ નિશ્ચિત કલ્યાણકારક સાધન હોય તે મને કહો, કેમ કે હું આપનો શિષ્ય છું. આપના શરણે આવેલા એવા મને ઉપદેશ આપો. કહેવાનો ભાવાર્થ એ છે કે, "સફળ વૃક્ષ કે સભર વાદળ જેમ નમે છે તેમ સાર્થક જીવનનો માણસ પણ નમ્ર હોય છે. વાંકો વળે તે ઘડો પાણીથી ભરાય. વાંકો વળે અર્થાત્ ગુરુ પાસે નમે તે જ્ઞાન સભર અને મોક્ષભાગી બની શકે.

સજ્જનો ! આપણા નિવૃત ધર્મગુરુ પરમ પૂજ્ય મોટા મહારાજશ્રીના જીવન કવન વિષે દીર્ઘદૃષ્ટિ દ્વારા મનોમંથન કરીએ તો જ ખ્યાલ આવે કે, આ વિરલ વિભૂતિએ આ સંપ્રદાયમાં અનેક જીવાત્માના શ્રેયની સાથે સાથે અજોડ અને અદ્‌ભુત કલ્યાણકારી સત્‌કાર્યો કર્યા છે. ખરેખર ! આપણે આપણા પરમ પૂજ્ય મોટા મહારાજશ્રીના વિરલ વ્યક્તિત્વને કઈ વાણી અને કલમ દ્વારા વર્ણવી શકીએ ? તેઓએ ભૂતકાળમાં કરેલા કલ્યાણકારી સત્‌કાર્યો આપણે ભૂલી શકીએ એમ નથી. તેમજ વર્તમાનમાં કરી રહેલા સત્‌કાર્યો આપણે વાંચી શકીએ તેમ નથી. અને ભવિષ્યમાં તેઓશ્રી દ્વારા થનાર સત્‌કાર્યોને આપણે ભાખી શકીએ તેમ નથી.

આપણા પૂજ્ય મોટા મહારાજશ્રીની સંકલ્પબધ્ધતા, લક્ષ્યબધ્ધતા, અને કરૂણાબધ્ધતા હિમાલય જેવી અડગ અને વિશાળ છે. તેઓશ્રીનો તો એક જ સિધ્ધાંત કે સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને ચીંધેલ સાચા રાહ ઉપર જીવાત્માને લઈ જવો. અને એટલે જ પરમ કૃપાળુ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન તેઓશ્રીના હૃદયમાં પ્રત્યક્ષ રહીને તેઓશ્રીના ચરણકમળમાં વંદન કરનાર અનેક ભાવિકોના મનોરથ પૂર્ણ કરે છે. એટલું જ નહિ આપણા પૂજ્ય મોટા મહારાજશ્રીની 'અમૃતવાણી' દ્વારા પણ અનેક લોકોનું શૂન્યમાંથી સર્જન થયેલ છે. તેમજ અનેક લોકોના જીવન ધન્ય થયેલ છે.

ભાવિકો ! આપણા પૂજ્ય મોટા મહારાજશ્રીની શ્રીહરિ સ્થાપિત "શ્રી નરનારાયણદેવ" પ્રત્યેની નિષ્ઠા અને શ્રધ્ધા તો અતૂટ, અજોડ, અદ્‌ભુત અને અવર્ણનીય છે. તેઓશ્રીની અમૃતવાણીનું સ્મરણ કરીએ તો આપણને જરૂર સમજાશે કે તેઓશ્રીના હૃદયમાં જે ભાવ શ્રી નરનારાયણદેવ પ્રત્યે છે એ જ ભાવ તેઓશ્રીની વાણી દ્વારા આપણને સાંભળવા મળશે જ.

પૂજ્ય મોટા મહારાજશ્રીની અમૃતવાણીના વેણ :

"જેમ નાનો બાળક પણ પોતે કોની ગોદમાં બેઠો છે તે થોડા થોડા સમયે ધ્યાન રાખે છે અને જો તે પોતાના માતા-પિતાની ગોદમાં હોય તો તે શાંતિથી નિશ્ચિંત બેસી રહે છે. પરંતુ જો તે બીજા કોઈની ગોદમાં હોય તો તે ભય પામીને રડવાનું શરૂ કરે છે.

આપણે સત્સંગીઓએ પણ વારે ઘડીએ ચકાસવું કે આપણે માત્ર શ્રી નરનારાયણદેવની ગોદમાં જ બેઠા છીએ ને ! અન્ય કોઈને આશરે તો બેઠા નથી ને ! જો તે શ્રી નરનારાયણદેવની જ ગોદ હોય તો આપણે નિશ્ચિંત રહેવું, નહિ તો દુઃખી થવાય."

ચૈત્રવદ-૩ તા. ૫-૪-૦૭ને ગુરુવારે આપણા સૌના લાડીલા પ.પૂ. મોટા મહારાજશ્રીનો પ્રાકટ્યદિન આપણે સૌ ધામધુમથી ઉજવ્યો તો ભાવિકો ! આપણે સૌ તેઓશ્રીના ચરણકમળમાં કોટી કોટી દંડવત પ્રણામ કરી ધન્યતા અનુભવીએ.

સાત્સંગ સૂરભિ :

"એ પંખાની હવા પણ અમને ન ખપે !

– અતુલ પોથીવાલા

વડતાલ પાસેના મહુડિયાપરા ગામમાં જાલમજી પગી રહે. ગામડાંના લોકો આમેય ગરીબ હોય છે. પરંતુ આ જાલમજી પગી વધારે ગરીબ હતા. માયકાંગલા બળદો લઈને સવારે ખેતરે જતા. ખેતર ઘણે દૂર હતું. નજીકમાં એક બે ઝરા વહેતા હતા. એનાં પાણી ધોરિયા મારફત ખેતરમાં વાળી દીધાં હતાં. ખેતરમાં ડાંગર અને ઘઉં પકવીને જાલમજી ગુજરાન ચલાવતા. ક્યારેક રાજા-મહારાજાઓના લગ્નના માંડવે ચોકી કરવા જતા. ત્યાં પહેરો ભરતા. આટલું છતાં મહુડિયાપરા ગામમાં એજ વધુ ગરીબ હતા. બીજાને ઘેર ઢોર-ઢાંખર, દૂધ-દહીંની રેલમછેલ બધું હતું. પણ જાલમજીને છાશ પણ બાજુવાળાને ત્યાંથી લાવવી પડતી !

ઉનાળાના દિવસોમાં બિચારા જાલમજી વહેલા ઉઠીને સીમમાં જતા. બપોર થતાં પત્ની ભાત લઈને આવે તે પતિ-પત્ની લીમડાનાં છાંયડે રોટલો, મરચું અને છાશ જમે. ઘણીવાર તો છાશ પણ મળતી નહિ ત્યારે લૂખો રોટલો પણ ખાવો પડે. આવા વખતે પત્નીને પ્રેમ ઉભરાઈ આવતો.

"એ મારે તમને કેટલું કહેવું ? તમારી આ ખેતીમાં કે ધંધામાં ક્યારેય ભલીવાર નહિં આવે. જુઓને વર્ષો થયાં, મજુરી કરો છો તોય ઘરનાં ખોરડાં પર પતરાં થયાં ? હજીય માટી જ પાથરેલી પડી છે. તે દર ચોમાસે ધોવાઈ જાય છે. માટે મને હવે કો'ક ને ત્યાં મજુરીએ જવાની હા પાડો. જઈશ તો બે પૈસા કમાણી થશે. આમેય ઘેર બેઠા કંટાળો આવે છે. બીજું તો શું પણ ક્યાંક ખડ વાઢવા જાઉં તોય શું ખોટું છે ?"

જાલમજી પગી એમને સમજાવતા, "ના ના હવે એવું નથી કરવું. આજે નહિં તો કાલે કમાણી સારી થશે. તારે એવું કરવાની કાંઈ જરૂર નથી." એમ કહી તે વાત ઉડાવી દેતા.

પણ આમ કરતાં કરતાં બીજા ત્રણ ચાર વરસ વીતી ગયાં તો પણ પગીના ઘરમાં પચ્ચીસ રૂપિયાય ભેગા થયા નહિ. હવે જાલમજીની ધીરજ ખૂટી ગઈ. એમનેય પત્નીની વાત સાચી લાગી. આમ કાળી મજુરી કરવાથી દિ વળશે નહિ. એવું લાગ્યું તેથી હવે થોડા કાળા ધંધા શરૂ કર્યા.

ક્યાંકથી રૂપિયા ઉપાડવા પછી પાછા નહીં આપવા, કોઈકના ખેતરમાંથી પાક વાઢી લેવો, કોઈકની ગાય-ભેંસ પૂછ્યા વગર દોહી લેવી વગેરે કામો તેઓ બિન્ધાસ્ત પણે કરવા લાગ્યા.

વાતે વાતે ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામ અને એમનાં ઐશ્વર્ય પ્રતાપ જાલમજીના જાણવામાં આવેલા. લોક વાતો કરતાં કે સ્વામી સહજાનંદજી મહારાજ એવા તો પ્રતાપી છે કે જેનાં ઘેર પધરામણી કરે છે તે ઘરના લોકો બસ સુખિયાં થઈ જાય છે !

"દિવસભરની આ કાળી મજૂરી અને આ કાળા ધંધા કરી કરીને ય પાપનાં પોટલાં જ બાંધવાનાને ?" આટલી દૈવી સમજણ જાલમજીને હતી.

આજે શ્રીજીમહારાજ સંઘ સાથે મહુડિયાપરાના માર્ગેથી વડતાલ તરફ જઈ રહ્યા હતા. ગામની ભાગોળે જ જાલમજીનું ઘર હતું તેથી દૂરથી એમણે મહારાજ ને પસાર થતાં જોયા. "મારાં ભાગ્ય ફરવાનાંછે તેથી જ શ્રીજી મહારાજ આજે મારે ગામથી પધારી રહ્યા છે."

જાલમજી પગી દોડતા દોડતા મહારાજ પાસે ગયા, પગે લાગી હાથ જોડી વિનંતી કરવા લાગ્યા. "ઉભા રહો મહારાજ, અહીંથી નીકળ્યા છો તો મારું ઘર પાવન કરતા જાઓને ! ફરી ક્યારે આવશો આ બાજુ ? એના કરતાં આજે આવ્યા છો તો બે ઘડી પધરામણી કરતા જાઓ."

"ધર્મમાં આસ્થા રાખી નીતિ-નિયમના માર્ગે ચાલો તો કાયમ ભગવાનનો નિવાસ રહે પગી." સહજાનંદજી મહારાજે ત્યાં જ જાલમજીને ટકોર્યા. આમ છતાં જાલમજીનો આગ્રહ ચાલુ જ રહ્યો, "નહીં મહારાજ ! આજે તો આવવું જ પડશે. આપના પગલા આ ગરીબના ખોરડામાં પડશે તો આ જીવતરની ગરીબી તો દૂર થશે જ પણ બે ઘડી આપનો સહવાસ અમ જેવાં ગરીબ દંપતિને અંતરે ટાઢાં ટાઢાં શેરડાં પાડતો જશે."

વખના માર્યા જાલમજી થોડાં કૂકર્મો કરતા હતા. તે મહારાજથી ક્યાં અજાણ્યું હતું ! પણ જાલમજીનો આવો પ્રેમાળ આગ્રહ અને બાળક જેવી નિર્દોષ બોલીથી શ્રીજી મહારાજ આકર્ષાયા એટલે બે સંતોને લઈને શ્રીહરિ એમને ઘેર આવ્યા.

જમાનાની ઝાપટો ખાઈને ખખડી ગયેલું મકાન જોઈને સ્વામિનારાયણ મહા પ્રભુ બોલ્યા, "આટલા વરસથી અહીં રહો છો છતાંય મકાનને સમારકામ નથી કરાવ્યું ?"

"હવે કરાવવું છે મહારાજ ! આવક હમણાં થાય છે. તેથી બધું થશે. એમાં તમારાં પગલાં થયાં પછી શું બાકી રહે ? લીલા લહેર થઈ જાશે બે વરસમાં ....." આમ કહીને જાલમજી પૂજાની સામગ્રીઓ લેવા ખાટલા નીચે વળ્યા. અગરબત્તીનો થોકડો, નાળિયેરનો ખડકલો, ચકચકતો તાંબાનો લોટો, થાળ વગેરે ખેંચી કાઢ્યા.

અગરબત્તી પ્રગટાવી. નવા ધારદાર દાતરડા વડે નાળિયેર છોલવા બેઠા. ત્રણ ચાર છોતરાં ઉખેડીને બોલ્યા, "ગામ નાનું છે મહારાજ, છતાં જોઈએ તેવી તમામ સાધન-સામગ્રી વસાવી છે. આ ચૂલા જૂના છે તે ભાંગીને નવા કરવા છે. ગઈ કાલે અડધો મણ લાકડાંની જોગવાઈ થઈ રહી. બધું થતું રહે છે. પછી શા માટે ન ભેગું કરવું ?"

મહારાજ એમની વાત સાંભળતાં સાંભળતાં ચોમેર દૃષ્ટિ કરી રહ્યા હતાં. પગીએ નાળિયેર વધેરીને શેષ છૂટી પાડી નવી થાળીમાં સહજાનંદ સ્વામીને અર્પણ કરી કહ્યું : "આ કપડું સ્વીકારો મહારાજ." એમ કહી એક નવું નકોર વસ્ત્ર લોખંડની ટ્રંકમાંથી કાઢી આપ્યું.

"ચોરીનો માલ તો નથી અર્પણ કરતા ને અમને ?" શ્રીજી મહારાજે પગીનો હાથ પકડીને પૂછ્યું. જાલમજી એકદમ શરમાઈ ગયા. થોડા ભોંઠા પણ પડી ગયા. એમને કહેવાનું મન થઈ ગયું કે, "મહારાજ ! તમે કઈ દુનિયામાં વસો છો ? આ ધંધા કર્યા વગર જીવન કેમ જીવાય ? ધર્મ કેમ પાળી શકાય ? આ દારુણ ગરીબાઈ કેમ દૂર થાય ? દાન કરવા માટે પણ કંઈક તો જોઈએને ?"

પણ જાલમજી કશું બોલી શક્યા નહિ. મહારાજનું મુખારવિંદ જોતાં જ જાલમજી આજે ભોંઠપ અનુભવવા લાગ્યા. આજે સહજાનંદ સ્વામી મહાપ્રભુએ એની જ વૃત્તિઓ પર લગામ નાખી દીધી હતી. મહારાજની કરુણાસભર પરંતુ વેધક દૃષ્ટિથી જાલમજી આજે વિંધાઈ ગયા હતા.

જાલમજીએ જોયું કે મહારાજ ને પરસેવો થાય છે તે મોરપીંછના પંખાથી તે મહારાજને હવા નાખી રહ્યા ત્યાં તો મસહારાજે એમનો હાથ પકડ્યો અને કહ્યું,

"એ પંખાની હવા પણ અમને ન ખપે !"

અમે જાણીએ છીએ કે એ પંખો પણ ક્યાંથી આવ્યો છે ! તે દિવસે વડતાલના સભા મંડપમાં મુક્તાનંદ સ્વામીએ સૌને નિયમો આપ્યા હતા તે યાદ છે ? ભલે તમારો ભાવ છે કે અમને કંઈક અર્પણ કરવું પણ તમારો એ ભાવ અમને નથી ગમતો." સહજાનંદ સ્વામી મહારાજનાં સ્વરૂપમાં જાલમજીને દિવ્ય આભાના દર્શન થયાં. એમના એકે એક શબ્દો પગીના હૈયામાં સમાતા હતા. તે દિવસથી જાલમજીને નવું જીવન જીવવાની પ્રેરણા મળી.

"બસ મહારાજ ! આજથી આ ધંધા બંધ. પરંતુ ગરીબાઈથી એટલા તંગ આવી ગયા હતા કે આવું સુઝ્યું. પણ મહારાજ આપે અમારા ઘેર આવીને અતિશય કૃપા કરી છે. ગમે તેવા છીએ. તોય મહારાજ તમારા જ છીએ. અમને તમારા શરણમાં લો."

જાલમજી મહારાજનાં ચરણોમાં ઢગલો થઈને ઢળી પડ્યાં. આંખોમાંથી પશ્ચાતાપની અશ્રુધારા વહી રહી હતી. મહારાજનાં ચરણો એ અશ્રુધારાથી ભીનાં ભીનાં થઈ ગયાં.

આ બાજુ જાલમજીનું હૃદય અત્યંત નિર્મળ બની ગયું.

સહજાનંદસ્વામી મહાપ્રભુએ એમને હાથ ઝાલીને બેઠા કર્યા. એમનાં કપાળે ચાંદલો કર્યો અને કહ્યું, "પગી, આજ સુધીમાં જે કર્યું તે અંતર દૃષ્ટિનાં તેજમાં બળી ગયું. હવે ફરી કુકર્મ કરતા નહિ. ધર્માર્થે પણ ક્યારેય કુકર્મ તો ન જ કરાય."

એમનાં પત્ની બાજુની ઓસરીએ ઉભાં ઉભાં મહારાજની દિવ્ય આભા અને પતિના નવા અવતારને નિરખી રહ્યાં હતાં.

જામલજીએ શ્રીજી મહારાજ થકી વ્રત-નિયમ લીધાં. ખોટા માર્ગે ખોવાઈ જવા નીકળેલા એક જીવને શરણમાં લઈ મહારાજ તથા સંતો ચાલી નીકળ્યાં.

જાલમજી અને એમનાં પત્ની મકાનને ઊંબરે ઊભા રહી શ્રીજી મહારાજનાં ઐશ્વર્યશાળી પ્રભાવને ક્યાંય સુધી નીરખતાં રહ્યાં.

તે દિ'થી જાલમજીએ ચોરીનાં કામ છોડી દીધાં. સચ્ચાઈથી જીવન જીવતા થયાં. શ્રીજીમહારાજની કૃપા દૃષ્ટિથી એકાંતિકની પંક્તિમાં બેસી ગયા.

સત્સંગ ભાવવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

હળવા રહેતાં શીખો

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

આજે ઘનશ્યામમહારાજનું એક ચરિત્ર સાંભળીએ. પ્રભુ છપૈયામાં નિવાસ કરીને રહેતા હતા. માતા-પિતાને પરમ આનંદ આપતા. ભગવાનની બાળલીલાઓ તો અનેક છે, અપાર છે, અનંત છે. એક વખત ઘનશ્યામ મહારાજ સવારના સ્નાન કરીને પોતાની દૈનિક વિધિ એટલે સવારના તિલક-ચાંદલો, સંધ્યા વંદન આદિથી પરવારીને બિરાજ્યા છે. બ્રહ્માને અભિમાન આવ્યું છે. રજોગુણના દેવ બ્રહ્મા એમને થોડો ગર્વ આવ્યો. ગર્વ એવા પ્રકારનો કે જો હું આ કામ ના કરૂં તો આ સૃષ્ટિની ઉત્પતિ કેવી રીતે નભે ? એ ચાલી જ ન શકે. આપણે સંસારમાં જોઈએ છીએ, એવા ઘણા માણસો નથી કહેતા કે, હું ના હોઉ તો ક્યારનુંય આ કામ અટકી પડે. અરે ! એ તો હું છું એટલે આ બધું ચાલે છે. એ તો આ ભાઈ હાજર હોય ને તો આ કામ થાય. એવી બડાશ મારનારા ઘણા માણસો આપણને મળ્યા હશે. અરે ભાઈ ! એવા તો કેટલાય નહોતા ત્યારેય આ સંસાર ચાલ્યો હતો અને એ બધા નહીં હોય ત્યારેય આ દુનિયાતો ચાલ્યા જ કરવાની છે. હજારો બલ્કે લાખો વર્ષોથી આ સંસાર ચાલતો આવ્યો છે અને ચાલતો રહેવાનો છે. કોઈ કોઈના વગર કશું અટકતું નથી. બ્રહ્માને પણ એવો ગર્વ આવ્યો કે જો હું ના હોઉં તો આ સૃષ્ટિનું ઉત્પાદન કાર્ય ક્યારનું ય બંધ પડી જાય. એતો હું છું તે આ સૃષ્ટિનું ઉત્પાદનનું કામ રાત-દિવસ ચાલ્યા કરે છે. લાવને હું જરા ભગવાનને જઈને કહું કે, આપણાથી હવે આ કામ થતું નથી. એટલે પ્રભુ મારી પાસે આજીજી કરશે કે ના, ના તમે બરાબર છો ! એમ જ કહેશે. બ્રહ્મા જરા માન ખાવા, જરા ભારે થવા, થોડા મોંઘા થવા પ્રભુ પાસે આવે છે.

ઘનશ્યામ મહારાજ બિરાજ્યા છે. આવીને પગે લાગ્યા. અહો બ્રહ્મદેવ ! આજ સવારના વહેલા વહેલા ? પ્રભુ ! મને એમ કે અત્યારે આપ શાંતિથી મારી વાત સાંભળશો. બોલો બોલો ! તમારી વાત તો ગમે ત્યારે સાંભળીએ. પ્રભુ ! મારી એવી ઈચ્છા છે કે હવે મને આ કામમાંથી નિવૃત્ત કરો. આ સૃષ્ટિનું ઉત્પાદનનું કામ કરતાં કરતાં મને પચાસ વરસ થઈ ગયા છે, હવે હું નિવૃત્ત થાઉં અને બસ તમારી ભક્ત કરું, એકાંતમાં રહીને ભજન કરું. ભગવાન કહે છે, બ્રહ્મદેવ ! કેમ આવો વિચાર આવ્યો ? હજું તો સશક્ત છો, હજી શરીર પર કાંઈ ઘડપણ-વૃધ્ધાવસ્થા દેખાતું નથી. માટે તમે તમારું કામ સંભાળી લ્યો, હજી ચાલુ રાખો. ના... ના.... ના... પ્રભુ ! બીજા કોઈકને સોંપો. ઘણાય છે. આપની પાસે ક્યાં ખોટ છે ? બ્રહ્માએ આશા રાખી હતી કે, હમણાં ભગવાન બોલશે કે ના.. ના.. ક્યાં ઘણા છે ? તમે તો એક જ છો એવા ! પણ ભગવાન એમ ન બોલ્યા. ઘનશ્યામ મહારાજ કહે છે, એમ કરો જરા થોડીવાર નારાયણસરોવર પર બેસો. અમે આ પૂજા કરીને ત્યાં આવીએ છીએ પછી આપણે ત્યાં બેસીને નક્કી કરીએ, કોને ગોઠવવા ? શું કરવું ?

બ્રહ્મા નારાયણ સરોવર પહોંચ્યા. ભગવાનની ઘરની બાજુમાં જ નારાયણ સરોવર - પ્રસાદીનું તળાવ છે. બ્રહ્મા તળાવને કાંઠે બેઠા છે. મનમાં સંકલ્પ આવે છે - એય હમણાં ઘનશ્યામ મહારાજ આવશે ને મને મનાવશે.... મારી પાસે આજીજી કરશે... મને સમજાવશે !!!! અને ત્યાં તો બ્રહ્માજીની વિચાર તંદ્રા તુટી ગઈ. એમણે જોયું એક બાજુથી ઊંટ ચાલ્યા આવે છે. ઊંટના ઉપર મોટી મોટી પેટીઓ છે. લાંબી, લાંબી ! બ્રહ્માએ જોયું કે આ ઊંટ મારી સૃષ્ટિના બનાવેલા ઊંટ નથી. આ કોઈક વિચિત્ર ઉંટ લાગેછે. કારણ કે મારે હાથે જ બધી ડાઈઓ ઘડાઈ હોય એની તો મને ખબર જ હોય ! આ માણસો બેઠા છે તે પણ કાંઈ જુદા લાગે છે. અલ્યા તમે કઈ દુનિયાના છો ! એમાં ઊંટ ચલાવનારાએ જવાબ આપ્યો. અરે ભાઈ ! અમે તો જ્યારે પ્રભુએ આ સૃષ્ટિ ઉત્પન્ન કરી ત્યારના વધારાના છીએ. અને આ પેટીઓમાં શું છે ? બ્રહ્માજી છે !! આ પેટીમાં બ્રહ્મા ભર્યા છે ? પેટીઓમાં બ્રહ્મા !! હા, ખોલી બતાવું ? અને વારાફરતી પેટીઓ ખોલવા માંડ્યા. એક પેટીમાં ચાર મોઢાના બ્રહ્મા દેખાયા. બીજી પેટી ખોલી .... આઠ મુખના ! ત્રીજી પેટીમાં સોળ મુખના !! ચોથી પેટીમાં ચાલીસ મુખના બ્રહ્મા !! ઓ..હો...હો... આ બધા ઊંટો પર બ્રહ્મા છે ! હાલ એ બધા શું કરે છે ? આ બધા વધારાના છે. બધા જ ? હા, ભગવાને જ્યારે આ બ્રહ્માંડો સર્જ્યા ત્યારે એક એક બ્રહ્માંડમાં એક એક બ્રહ્મા ગોઠવાઈ ગયા

છે. આ બધા વધારાના બ્રહ્મા આજે ભગવાન પાસે આજીજી કરવા આવ્યા છે કે, અમે ક્યારના સૃષ્ટિ ઉત્પન્ન થઈ ત્યારના બેકાર ફરીએ છીએ તો કાંઈ સેવા હોય તો આપો. કોઈ બ્રહ્મા થાક્યા હોય તો એમની જગ્યાએ અમને ગોઠવો. કોઈ બ્રહ્માંડના બ્રહ્મા ઘરડા થયા હોય તો એમની જગ્યાએ અમને જરા સર્વિસ કરવાનો ચાન્સ આપો. અમે બધા અરજી કરવા આવ્યા છીએ.

બ્રહ્માના પેટમાં ફાળ પડી....! હૃદયના ધબકારા વધી ગયા ! અલ્યા ગજબ થયો ! હવે તો ભગવાન જો અહીં આવે તો આમાંથી એક જણને ગોતી લેશે. મારે આખું સત્યલોક કબજામાંથી જશે. અલ્યા એ તો ભારે થઈ ! એકદમ બ્રહ્મા ઉભા થયા. જલ્દી ઉભા થઈને પ્રભુની પાસે આવીને દંડવત્ કર્યા. મહારાજ ! ત્યારે આપની ઈચ્છા છે તો હું જાઉ ત્યારે ! આપની સેવા કરીશ. પ્રભુ કહે છે, ના... ના... તમે બેસો એ તો કોઈને ગોઠવીશું. તમારી ઈચ્છા ભજન કરવાની છે. ના... ના... પ્રભુ ! એ તો .... હું જાઉં છું. બ્રહ્માનો ગર્વ ઉતરી ગયો.

લોકમાં ભગવાન પોતાના ભક્તની બધી ખામીઓ સહન કરે. એક ખામી સહન કરતા નથી, એ છે ગર્વ. હું આમ કરુ છું. ... હું તેમ કરું છું એ અભિમાન ન જોઈએ. ભગવાનની આગળ તો બીલકુલ ન જ ચાલે. આ જ વાત પંચાળાના પાંચમાં વચનામૃતમાં પણ સ્વં પ્રભુએ કહી છે કે - "ભગવાન અને ભગવાનના સંતની આગળ તો માન રાખવું તે સારૂં નથી. અને તેમની આગળ તો માનને મુકીને દાસાનુંદાસ થઈને વર્તવું તે જ રૂડું છે."

માટે જો જો ભૂલ કરતા નહીં. ભગવાનની આગળ ભૂલથી પણ જો ભારે થવા ગયા તો આવીજ બન્યું સમજો...

●

દંભ લાંબો ચાલે નહિ

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એક સુંદરનગર હતું. તે નગરનો રાજા અભયસિંહ હતો. અભયસિંહ રાજા ખૂબ જ ધર્મ પ્રેમી હતા. ધર્માચરણ તેમને ગમતુ. પુજા-પાઠ કર્મકાંડ-યજ્ઞ વગેરેમાં તેમને ખૂબ જ આસ્થા હતી. શ્રધ્ધાપૂર્વક આવી બધી અનેક જાતની પ્રવૃતિઓ પોતાના નગરમાં કરાવતા. રાજા ધર્મપ્રેમી હોવાથી રાજાના શુભ સંસ્કાર પ્રજામાં પણ ઉતરેલા. પ્રજા રાજાના આ કાર્યને અનુમોદન આપતી. રાજા પોતાની પ્રજાને ક્યારેય દુઃખી થવા ન દેતા. રાત દિવસ પ્રજાની ચિંતા કરતા. પ્રજાની કોઈપણ ફરિયાદ હોય તેનો પોતે સ્વયં ઉકેલ કરી દેતા.

પણ આ રાજાને સંતાનની મોટી ખોટ સતાવતી હતી. આ દુઃખ ફક્ત રાજા માટે એકલું ન રહ્યું. પ્રજા પણ આવા સંસ્કારી રાજાના ઘરમાં સંસ્કારી પુત્રનો જન્મ થાય તેવી આશા પ્રભુ પાસે રાખતા. રાજાના પત્ની જાતજાતની બાધા, આખડી, વ્રત-ઉપવાસ કર્યા કરતાં. બ્રાહ્મણોને દાન-દક્ષિણા આપતાં. ગરીબોને અન્ન વસ્ત્ર આપતાં. એક દિવસ એક દૂર દૂરના દેશમાંથી એક બ્રાહ્મણ આ રાજાના નગરમાં આવ્યો. રાજાના સિપાઈઓએ આ બ્રાહ્મણનો આદર કર્યો. રાજ્યના ખજાનામાંથી તેમને યોગ્ય દક્ષિણાઓ આપી. આ બ્રાહ્મણને ખબર પડી કે રાજાના દરબારમાં હજુ સુધી ઘોડીયું બંધાયું નથી. બ્રાહ્મણ જ્યોતિષી હોવાથી ટીપણું લઈ રાજ્ય દરબારમાં પહોંચી ગયા. બધા ગ્રહ નક્ષત્રો, કુંડલીઓ મેળવીને કહ્યું, કે જાઓ તમને થોડા સમયમાં જ પુત્રની પ્રાપ્તિ થશે. હરિ ઈચ્છાએ બ્રાહ્મણની આ વાત સત્ય ઠરી. રાજાને ત્યાં ઘોડીયું બંધાયું. પુત્ર રત્નની પ્રાપ્તિ થઈ.

રાજા આ બ્રાહ્મણ ઉપર ખૂબ ખુશ થઈ ગયો. બ્રાહ્મણને પોતાના નગરમાં રહેવા માટે મકાન આપ્યું. બ્રાહ્મણ હવે આ નગરમાં નિવાસ કરીને રહેવા લાગ્યો અને ધીમે ધીમે તેની લાલચ વધવા માંડી. કોઈના કોઈ બહાને રાજા પાસે દક્ષિણાઓ વધુને વધુ પડાવવા લાગ્યો. એક દિવસ રાજા મૃત્યુ પામ્યાં. અંતિમ વિધિ થયો. નગરના બધા બ્રાહ્મણોને બોલાવી બારમાં તેરમાનો વિધિ કર્યો. બધાને દાન-દક્ષિણાઓ અપાયાં. ગરીબોને પણ અન્ન-વસ્ત્ર આપ્યાં. તેમ છતાં થોડા દિવસ બાદ પૂનમનો સારો દિવસ જોઈ આ બ્રાહ્મણ રાજાના પુત્રની પાસે જઈ કહેવા લાગ્યો હે રાજન્ ! તમે હવે આ રાજ્યની જવાબદારી સંભાળો છો તેમાં અમને ખૂબ જ આનંદ આવે છે. પણ એક દુઃખની વાત છે. અને કહ્યા વગર ચાલે તેમ નથી. ગઈ કાલે રાત્રે મને સ્વપ્નમાં તમારા પિતાજી મળ્યા. તે સ્વર્ગમાં ખૂબ જ સુખી છે. અન્ન, જળ, વસ્ત્ર પામે છે પણ ? પણ એક વાતની ખોટ રહી ગઈ છે. તમારા પિતાજીને ગાયનું દૂધ મળતું નથી માટે તેમણે કહેવડાવ્યું છે કે અમારા રાજકુમારને જઈને કહેજો કે કોઈ સુયોગ્ય પાત્રને ગાયનું દાન કરે તો અમે અહીં સ્વર્ગમાં દૂધ પામીએ. અને બ્રાહ્મણ એ પ્રભુનું મુખ છે. તેને આપેલું દાન પિતૃઓને પણ તૃપ્ત કરે છે. કારણકે બ્રાહ્મણ એ યજ્ઞ સ્વરૂપ છે. આમ, બ્રાહ્મણત્વના વખાણ કરવા લાગ્યા. તેથી રાજકુમારે બ્રાહ્મણને તરત

જ એક ગાય આપી દીધી. પણ સાથે સાથે બ્રાહ્મણની બુરી દાનત અને લાલચનો ખ્યાલ રાજકુમારને આવી ગયો તેથી કાંઈક પાઠ ભણાવવાનું વિચાર્યું.

બરાબર ! એક મહિના પછી રાજકુમારે આ બ્રાહ્મણને તેડાવ્યા અને ધીમેથી વાત શરૂ કરી. મને ગઈકાલે રાત્રે મારા પિતાજી સ્વપ્નમાં મળ્યા હતા. મેં સ્વર્ગના વૈભવો પણ જોયા. પિતાજીને જોઈને હુંતો રાજી રાજી થઈ ગયો. પણ પિતાજી બહુ દુઃખી જણાયા એટલે મેં પૂછયું. "પિતાજી ! કેમ ઉદાસ દેખાઓ છો ?" ત્યારે એમણે વાત કરી. વાત એમ હતી કે, જે ગાય મેં તમને દાનમાં આપી તે ગાય મારા પિતા પાસે પહોંચી ગઈ છે. તે દૂધ પણ ખૂબ સારું આપે છે. તો પછી તમારા પિતાજી રાજી કેમ નથી ? ત્યારે રાજકુમારે કહ્યું, મારા પિતાજીને કસુંબાનું વ્યસન હતું પણ તે સ્વર્ગમાં અપ્રાપ્ય છે. માટે એ મારા ઉપર અતિ ઉદાસ હતા કે તમે જલ્દીથી બ્રાહ્મણ દેવતાને કસુંબો આપો તો મને અહીં પીવા મળે.

હવે બ્રાહ્મણ ગભરાયો. કસુંબો પીઉં તો તો હું મરી જાઉં. ત્યારે રાજકુમાર કહે તમે બ્રાહ્મણ તો યજ્ઞનું સ્વરૂપ છો તમને કાંઈ ન થાય. ચિંતા ન કરશો. હમણાં જ કસુંબો મંગાવું છું. તમે પી લેજો. બ્રાહ્મણ બધું જ સમજી ગયો. પછી તો રાજકુમારની ખૂબ ખૂબ માફી માગી. અને પોતાનો લોભી સ્વભાવ છોડી દઈશ. હવે આવી ભૂલ નહી કરું. કોઈને છેતરીશ નહિ. રાજકુમારે તેને માફી આપી જવા દીધો.

તો મિત્રો ! અતિ લોભ તે પાપનું મૂળ છે. તે આનું નામ. ખોટી રીતે કોઈને છેતરીને, હરામનું અણહકનું લેવાની લાલચ રાખનાર ક્યારે પણ સુખી થતો નથી. એટલે જ કહ્યું છે કે "પ્રમાણિકતા વિના મેળવેલી સંપત્તિ માનવીને ભયંકર આપત્તિમાં મુકીને અણધારી ચાલી જાય છે.

માટે જ સ્વામિનારાયણ ભગવાને આપણા સૌના સુખ માટે ખાસ આજ્ઞા કરી કે પોતાની બુદ્ધિ પ્રમાણે ઉદ્યમ કરવો. એમાંથી જે મળે તેનાથી સંતોષ રાખી ભગવાનનું ભજન કરવું.

●

(અનુ. પેઈજ ૧૦ નું) ..... નીલકંઠવર્ણી અને રામપુરના કણબી પટેલ લક્ષ્મણભઈ

ત્યાં પધાર્યા હતા. એવા શુભ સમાચાર આપ્યા. આ સમાચાર લક્ષ્મણભાઈએ પોતાના ભાઈઓને અને ઘરે જઈને વાત કરી. થોડીવારમાં વાત આખા ગામમાં પ્રસરી ગઈ અને ગામ લોકો પ્રભુને પ્રત્યક્ષ રોટલો ખવડાવ્યા બદલ લક્ષ્મણભાઈને અભિનંદન આપ્યા.

ઘણાય ગ્રામજનોએ વાડીએ જઈને જે સ્થળે બેસી ભગવાન રોટલો જમ્યા હતા એ જગાને-પોતાની જાતને ધન્યવાદ માનવા લાગ્યા. આગળ જતાં, એ પુનિત જગા પર નાની છત્રી ઉભી કરીને પ્રભુના પ્રભાવીત પગલાં પધરાવ્યાં. ભુજ મંદિરના સંતો પાસે એની વિધિ કરાવી ત્યારે ગામ અને આજુ-બાજુના વિસ્તારના સેંકડો કણબી પટેલ ભેગા થયા હતા. ધીરે ધીરે મેરાઈ વાડીમાં પ્રભુના પગલાની છત્રી નો એટલો મહિમા વધી ગયો કે કણબી પટેલના ચોવીસ ગામોના તમામ પરદેશથી આવતા સત્સંગીઓ ગંગાજી સ્નાન કરવા જાય ત્યારે અહીં મેરાઈ વાડીમાં પ્રભુની પગલા ધરાવતી છતેડીના દર્શને અચુક આવતા.

મેરાઈ વાડીથી નજીકમાં જ સ્વામિનારાયણ ભગવાને પાવન કરેલું પવિત્ર ગંગાધામ પર ગંગેશ્વર મહાદેવનાં મંદિરની સ્થાપના કરવામાં આવી અને હજારો શ્રધ્ધાળુઓ માટેનું એ વિશેષ તીર્થધામ બની ગયું.

આગળ જતાં શ્રી સ્વામિનારાયણ ભગવાન તરીકે શ્રીહરિ જ્યારે કચ્છની ધરતીને પાવન કરવા પધારેલા ત્યારે ગંગાજી પર જતાં પહેલાં મેરાઈ વાડીમાં લક્ષ્મણભાઈને ખાસ દર્શન આપવા ગયેલા અને પોતાની વર્ણી તરીકેની અગાઉની મુલાકાતની વાત કરેલી. ગદ્‌ગદિત થયેલા લક્ષ્મણભાઈએ મહારાજને દંડવત કર્યા અને એ સમયે પ્રભુને રોટલો આપવાની ના પાડનાર ભીમજી અને ખીમજીને ખૂબજ પસ્તાવો થયો અને દિન વદને મહારાજને દંડવત કર્યા અને માફી માગી.

લક્ષ્મણભાઈને શ્રીજી મહારાજે જ્યારે વરદાન માગવાની વાત કરી ત્યારે છેલ્લા છ વરસથી સંતાન વિહોંણા રહેલા એના દીકરા હીરજી માટે સંતાનનું વરદાન માગ્યું. ત્યારે પ્રભુએ એમને એક નહિ પણ ચાર દીકરા અને એક દીકરીનું વરદાન આપ્યું. તેમાંય દીકરી તો પોતાની સાત પેઢીને તારે એવી પ્રભાવશાળી સત્સંગી થશે અને કચ્છમાં અનેરો સત્સંગ કરાવશે. એમનું નામ "ધનબાઈ" રાખવાની ભલામણ કરી. અને આગળ જતાં હીરજીભાઈની દીકરી "ધનબાઈ" તરીકે પ્રખ્યાત થઈને સ્વામિનારાયણ સત્સંગમાં ચાર ચાંદ લગાડી દીધા. કહેવાય છે કે ધનબાઈ કઈનો થાળ પ્રભુ પ્રત્યક્ષ સ્વીકારતા અને જરૂર પડ્યે એમને દર્શન પણ આપતા.

।। ભક્તિસુધા ।।

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ચાલતી હવેલીમાં એકાદશીની સભાનો અનુભવ

- સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ

પરમ પૂજ્ય અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞાથી દર એકાદશીની સત્સંગ સભાના પ્રયોજનથી વચનામૃતમાં રસ પડવા લાગ્યો છે. પહેલા જાતે વાંચતા. પરંતુ અમુક વચનામૃતમાં શ્રીજી મહારાજ શું કહેવા માંગે છે તે સમજવામાં ઘણી મુશ્કેલી પડતી. પણ આ સભામાં તે વિચારોની સહજતાથી સમજણ મળે છે. ભગવાનની ગુઢવાણી સમજાવા લાગી છે. તેથી અમારી આત્મનિષ્ઠા વધવા લાગી છે. અમે પણ ભગવાને બતાવેલો જીવનનો રસ્તો જીવી શકીશું.

અગિયારસ એટલે પાંચ જ્ઞાનેન્દ્રિય+ પાંચ કર્મેન્દ્રિય અને અગિયારમું મન ભગવાનને અર્પવું. સભામાં આવીએ ત્યારે ખરેખર ખાવા પીવાનું ભૂલાઈ જાય છે. અને આ અગિયાર ઈન્દ્રિય ભગવાન સાથે જોડાઈ જાય છે. અને આમ ભગવાન ઉપરની શ્રધ્ધા અને વિશ્વાસ વધતા જાય છે. આ સભામાં લાભ લેવાથી તેનું હાર્દ સમજાયું છે.

હવે સત્સંગ વિષે વાત કરીએ. એકવાર નારદજીએ ભગવાનને પૂછ્યું કે આ પૃથ્વી પર લોકો સત્સંગ સત્સંગ શું કરી રહ્યાં છે ? ત્યારે ભગવાન કહે પેલા નાના કીડાને પૂછી જુઓ. નારદજી તે કીડા પાસે જાય છે કે તરત જ કીડો મરી જાય છે ! ભગવાન કહે, પાંજરામાં પુરાયેલા પોપટ પાસે જાવ. પોપટ પાસે જતાની સાથે જ પોપટ પણ મરી જાય છે. પાછા આવ્યા ભગવાનને વાત કરી. ભગવાન કહે, બાજુમાં ભરવાડને ત્યાં હમણાં જ ગાયને વાછરડું જન્મયુ છે. ત્યાં જાવ. નારદજી ત્યાં ગયા અને ત્યાં વાછરડું જોતાની સાથેજ મરી ગયું ! પાછા ભગવાન પાસે ગયા. ભગવાન કોઈ સત્સંગ વિષે બતાવતું જ નથી. બધા મરી જાય છે ! ત્યારે ભગવાન કહે રાજાને ત્યાં જાવ તેમને પુત્ર જન્મ થયો છો. નારદજી કહે હું જ્યાં ગયો ત્યાં બધા જ મરી ગયા છે. હવે રાજાને ત્યાં જાઉં અને કુંવર મરી જાય તો મારી દશા શું થાય ? તો ભગવાન કહે છેલ્લી વાર જાવ પછી જવાનું નહીં કહું. નારદજી તો ગયા ! રાજાના કુંવરને જોયા તો કુંવર હસવા લાગ્યા અને કહ્યું, પ્રણામ નારદજી ! સત્સંગનું મહત્વ સમજવું હતું ને ! તો સાંભળો કે મહાપુરુષના દર્શન માત્રથી હું કીડામાંથી પોપટ, પોપટમાંથી ગાય અને છેલ્લે આ મનુષ્ય અવતાર મળ્યો અને મનુષ્ય થયા પછી કાનેથી સત્સંગ સંભળાય ને મહાપુરુષના દર્શન પણ થાય. જેથી મનુષ્ય જન્મમાં આવા દિવ્ય દર્શનથી તો માણસ ભગવાનના ચરણ સુધી પહોંચી શકે છે. પણ આ માટે હંમેશા સભામાં આવવું પડે.

હવે આ સત્સંગ સભાની વાત કરીએ તો ગ.અં.ના બીજા વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે જેવી શ્વેતદ્વિપમાં સભા છે, જેવી ગોલોકમાં સભા છે, વૈકુંઠમાં સભા છે ને જેવી બદરીકાશ્રમને વિષે સભા છે તેથી પણ આ સત્સંગની સભાને અધિક જાણું છું. અને સર્વે હરિભક્તને અતિશે પ્રકાશે યુક્ત દેખું છું. એમાં જો લગાર મિથ્યા કહેતાં હોઈએ તો સંત સભાના સોગન ખાધા છે.

ભગવાન શ્રીરામચંદ્રજી જ્યારે વનમાં ગયા ત્યારે સાથે સીતાજી અને લક્ષ્મણજી પણ ગયા. લક્ષ્મણજી જ્યારે સુમિત્રા માતાને પગે લાગવા જાય છે ત્યારે સુમિત્રાજી કહે છે કે બેટા રામમાં તું પિતા દશરથને જોજે અને સીતામાં તું કૌશલ્યામાતાને જોજે અને વનને તું અયોધ્યા સમજજે. એટલે કે જ્યાં રામ છે ત્યાં જ અયોધ્યા છે. એટલે કે જ્યાં સર્વોપરિ નરનારાયણદેવ છે, જ્યાં આવા ગાદીપતિ એવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી છે, જ્યાં સમસ્ત બહેનોના ગુરુ તરીકે લક્ષ્મીસ્વરુપ પ.પૂ. ગાદીવાળાશ્રી છે, જ્યાં જ્યા, રમા, લલિતા જેવા સાંખ્યયોગી બહેનો છે, જ્યાં શ્રોતાગણ તરીકે હરિભક્તો છે ત્યાં જ અક્ષરધામ છે. બીજે ક્યાંય અક્ષરધામ જોવાની જરૂર નથી.

●

ધર્મદેવ ! આપના આ પુત્ર મહાન છે

- તરલાબેન અતુલભાઈ પોથીવાલા

એક સવારે સુવાસિની ભાભી રસોઈ કરતાં હતાં. ઘનશ્યામ રસોડામાં આવ્યા ને ભાભીને કહ્યું : "ભાભી ! ભાભી ! બહુ ભૂખ લાગી છે. માટે જલ્દી ખાવાનું

આપો.'' ભાભીએ કહ્યું : ''રસોઈને હવે થોડી જ વાર છે. પણ બહુ ભૂખ લાગી હોય તો ચણા કે સુખડી આપું !'' ઘનશ્યામ ન માન્યા. એમણે તો એવી હઠ લીધી કે મારે તો બસ પેંડા જ ખાવા છે.

ભાભીને આજે ખૂબ આશ્ચર્ય થયું. એમને થયું, ''ઘનશ્યામનો તો એવો સ્વભાવ છે કે ભૂખ લાગી હોય તો પણ કોઈ દિવસ કાંઈ ન બોલે. ને મિષ્ટ ભોજનમાં તો એમને જરાય રુચિ નથી તો ઘનશ્યામ આજે પેંડા કેમ માંગે છે ?''

લોટ બાંધતા બાંધતા ભાભીએ સોનાની વીંટી બાજુમાં મૂકીને હસીને કહ્યું : ''પેંડા ખાવા હોય તો જાવ પેલા કંદોઈ-મીઠાઈ વાળા પાસે. અહીં કંઈ ન મળે.''

ઘનશ્યામ કહે : ''હા હા, હું તો ત્યાં જ જાઉં છું.'' એટલું કહીને દોડતાંક એમણે ભાભીની વીંટી લઈ લીધી. ભાભી એકદમ ચમક્યા ને ઘનશ્યામને પકડવા દોડ્યા. પણ ઘનશ્યામ એમ કંઈ પકડાય ? એક ઓરડામાંથી બીજામાં ને બીજામાંથી ત્રીજા ઓરડામાં - એમ ભાભીને ખૂબ દોડાવ્યાં. ભાભીએ મોટાભાઈની બીક બતાવતા કહ્યું : ''આમ વીંટીની ચોરી કરીને પેંડા ખાશો તો મોટાભાઈ વઢશે.''

ઘનશ્યામે કહ્યું : ''આમાં વળી ચોરી શાની ? હું તો તમારા દેખતાં જ લઈ લઉં છું.''

ભાભીને લાગ્યું કે ઘનશ્યામ તો કોઈ રીતે પકડાશે નહીં તેથી છેવટે બહારથી ઓરડાનું બારણું બંધ કરી દીધું ને ઘનશ્યામને અંદર પૂરી દીધા. પણ જ્યાં ભાભીએ ફરીને જોયું તો ઘનશ્યામ તો બહાર ચોકમાં ઊભા ઊભા વીંટી બતાવીને હસતા હતા. આ શું ! હમણાં તો અંદર પૂરી દીધા હતા ને બહાર ક્યાંથી આવ્યા ? સુવાસિની ભાભી તો મૂંઝાયા. એ તક નો લાભ લઈ ઘનશ્યામ તો વીંટી બતાવીને દોડતાં ઘરની બહાર નીકળી ગયા ને સીધા કંદોઈની દુકાને પહોંચ્યા. કંદોઈને વીંટી બતાવીને કહ્યું : ''મને બધી જ મીઠાઈઓ આપો તો આ વીંટી આપું.''

કંદોઈને સોનાની વીંટીનો લોભ જાગ્યો. તેણે બધી જ મીઠાઈઓ ટોપલામાં ભરી આપી. ઘનશ્યામ તો તે બધું જ લઈને બધા મિત્રોને બોલાવી વાડીએ ઉજાણી કરવા નીકળી પડ્યા. વાડીમાં જઈ સૌ બાળમિત્રોને ખોબલે ખોબલે મીઠાઈ પીરસી.

થોડીવારે ધર્મપિતા અને રામપ્રતાપભાઈ આવ્યા. તેમણે ઘનશ્યામની બધી વાત સાંભળી તેથી એકદમ ગુસ્સે થઈ ગયા. એટલામાં ઘનશ્યામ પણ દોડતા દોડતા આવ્યા ને સીધા ભક્તિમાતાના ખોળામાં જઈને બેસી ગયા.

રામપ્રતાપભાઈએ લાલ પીળાં થતાં ઘનશ્યામને પૂછયું : ''વીંટી ક્યાં ગઈ ઘનશ્યામ ?'' ઘનશ્યામે કહ્યું : ''મને વીંટીની કાંઈ ખબર નથી !'' રામપ્રતાપભાઈ ઘનશ્યામને ખૂબ વઢ્યા ''તમારા ભાભી જુઠું બોલે છે ? વીંટી તમે જ લીધી છે. બોલો ક્યાં ગઈ વીંટી ?''

ઘનશ્યામ આજે રડવા લાગ્યા. ''ભાભીનાં દેખતાં જ વીંટી લીધી છે ને ચોરીનો આરોપ મૂક્યો ?'' સુવાસિની ભાભી એકદમ દોડ્યાં ને ઘનશ્યામને તેડી લીધા. ભક્તિમાતા પણ વચ્ચે પડ્યાં. છેવટે બધાં કંદોઈની દુકાને ગયા. ઘનશ્યામને પણ સાથે લીધા !

ધર્મપિતાએ તથા રામપ્રતાપભાઈએ કંદોઈને પૂછયું : ''આ ઘનશ્યામ તમને વીંટી આપી ગયા છે ?'' કંદોઈએ કહ્યું : ''મારી દુકાનની બધી જ મીઠાઈ મેં તમારા ઘનશ્યામને આ વીંટીના બદલામાં આપી દીધી છે. અંદર જુઓ, બધું જ ખાલી છે.''

ઘનશ્યામે રડતાં રડતાં કહ્યું : ''ના ના મોટાભાઈ ! એ તો જૂઠું બોલે છે. મેં તેની મીઠાઈ લીધી જ નથી. ચાલો દુકાનની અંદર.''

એમ કહી ધર્મપિતા અને રામપ્રતાપભાઈનો હાથ ઝાલી ઘનશ્યામ તેમને દુકાનમાં લઈ ગયા. દુકાનમાં જઈને ઘનશ્યામે કહ્યું : ''જુઓ પિતાજી, જુઓ મોટાભાઈ, મીઠાઈ તો બધી અહીંજ છે ! આ બધા ટોપલા ભરેલા છે !''

બધા એ જોયું તો મીઠાઈનાં બધા ટોપલા અકબંધ ભરેલા પડેલા ! મઘમઘતી મીઠાઈઓની અવનવી સુગંધ થી દુકાન આજે સુવાસી ઉઠી હતી. સૌના આશ્ચર્યનો પાર ના રહ્યો. કંદોઈ તો આ આશ્ચર્ય જોઈ નવાઈ પામી ગયો. તરત જ વીંટી રામપ્રતાપભાઈને આપી અને બે હાથ જોડી ધર્મપિતાને કહેવા લાગ્યો : **''હે ધર્મદેવ ! આપના આ પુત્ર બહુ મહાન છે.''**

મહા પ્રભુ જે કાંઈ લીલા કરે છે તે ભક્તજનોને સુખ પમાડવાને અર્થે જ કરે છે. છપૈયા ગામનાં મારા ગરીબ મિત્રો ક્યારે મીઠાઈનો સ્વાદ પામવાનાં હતાં ? તેથી જ શ્રીહરિએ આજે વીંટીનું નિમિત્ત બનાવી સૌને મીઠાઈ ધરાઈને જમાડી.

ધર્મપિતા, મોટાભાઈ તથા બીજા સૌ વીંટી લઈને ઘનશ્યામની આવી

અનુપમ બાળલીલાથી આશ્ચર્ય પામતાં ઘેર આવ્યાં.

સુવાસિની ભાભી તો ઘનશ્યામની આ લીલા સાંભળતા જ ઝૂમી ઉઠ્યાં અને ઘનશ્યામને ખોળામાં લઈ ખૂબ હેત વરસાવ્યું !

●

જગતડાં અને ભગતડાં વચ્ચેની સમજણ ભેદ

- શ્રીમતી પુષ્પાબેન કેરાઇ

સ્વામિનારાયણ ભગવાનને ઓળાનાં રતનબાઈએ ઓવારણાં લઈને પોંખ્યા અને મહારાજના સ્વાગત પ્રથામાં નવો ચીલો સ્થાપ્યો. રતનબાઈની આ નવી રીતને નિહાળવા માટે અને શ્રીજીના દર્શન માટે આંગણે મોટી ભીડ થઈ. રતનબાઈનું ઘર નાનું ! ફળિયું પણ નાનું ! સભા થઈ શકે નહિ જેથી ગામની ભાગોળે આવેલા સાર્વજનિક કૂવાના તટે જઈને મહારાજે સભા કરી. સંતો અને પાર્ષદો સાથે મોટી સંખ્યામાં સત્સંગીઓ બાઈઓ અને ભાઈઓ સૌ પોતપોતાની જગાએ શાંત બેસી ગયા. મહારાજ વાતો કરે અને સૌ મહારાજ સમક્ષ દૃષ્ટિ કરી સાંભળે.

એ વખતે ત્યાંથી રોજની મજુરી કરનારા, ખેતરમાં દાડીએ જનારા, જેણે કેડમાં દાતરડાં લટકાવ્યાં હતાં અને મોઢામાં સોપારી, તમાકું ચાવતા જાય છે. પગમાં ચંપલ કે જોડા નથી. કપડાં મેલા, ઘેલાં અને ફાટેલાં છે. ઘાસના ભારા ઉપાડવા માટે દોરડાં ખભા પર પડેલાં છે. આવા રોજે રોજનું પેટ્યું રળતા વીસ-પચીસ જેવા મજુરોનું ટોળું સત્સંગ સભાની બાજુમાંથી નીકળીને સેહેજ ખૂણામાં ઊભા રહ્યું અને અંદરો અંદર વાતો કરવા માંડ્યા. એમણે લગીરે સુંધા પણ વિચાર ન કર્યો કે અહિં સ્વામિનારાયણ ભગવાન સભામાં પોતાના સત્સંગીઓ સાથે વાર્તાલાપ કરે છે અને સૌ શાંત્ત ચિત્તે સાંભળે છે. એ તો ઊભા રહ્યા અને ઊંચે સાદે બોલવા માંડ્યા, "અરેરે ! જુઓ તો ખરા, આ સ્વામિનારાયણ જાદુગરા અને નિર્દય છે ? આ બધા બેઠા છે એમને સાવ જ નવરા કરી નાખ્યા છે. બીજા માથા મુંડાવીને બેઠા છે. એમને બૈરાં-છોકરાં રખડાવીને પોતાનો ભેખ લેવડાવ્યો છે. બધાંય કેટલા ભરમાઈ ગયા છે. કામધંધા મૂકીને અહિં બેઠાં બેઠાં સ્વામિનારાયણ સામું ટગર ટગર જોયા કરે છે. અને આ સાધુડા બિચારા સંસારનો ત્યાગ કરીને કેટલા દુઃખી થઈ ગયા છે કે પુરૂં ખાવાનુંયે નથી મળતું. ભૂખ્યા ભૂખ્યા ઈ' મહારાજની આંગળીના ઈશારે ચિંધ્યું કામ કરે છે. આ બધાય કેવા ચૂપ ચાપ પલાંઠી વાળીને બેઠા છે. નથી હાલતા ! નથી બોલતા ! પૂતળાની જેમ બેઠા છે. સ્વામિનારાયણે જંતર-મંતર કરીને અને ભુરકી નાખીને બિચારાને દુઃખી અને લાચાર કરી નાખ્યા છે."


ત્યારે શ્રીજીમહારાજે આગળ બેઠેલા હરિભક્તોનું ધ્યાન દોર્યું. "હે ભક્તો જરા ખૂણામાં જુઓ. આ બધા મજુરો શું બોલ છે ?" મહારાજ કહે, "દાતરડાં અને દોરડાં લઈને રોજ ખેતરે ભર તડકામાં આખો દિવસ મજુરી કરીને સાંજે થાક્યા-પાક્યા માથે ભારા સાથે ઘેર આવશે. માંડ પેટ પૂરતું ખાવા મળશે. છતાં એ પોતાની જાતને સત્સંગી કરતા વધારે સુખી માને છે. અને સત્સંગીઓને દુઃખી માને છે."

સભામાં બેઠેલા સંતો, પાર્ષદો અને હરિભક્તો એમ માને છે કે પોતે કેટલા સુખી છે. પ્રભુના મુખની પવિત્ર વાણી સાંભળવાનો અમૂલ્ય અવસર મળ્યો છે. ભગવાન સાથે બેસવા મળે છે અને આ બિચારા મજુરો ? શરીર પર પુરાં કપડાં નહિ, પુરતું ખાાવનું નહિ, આખો દિવસ કાળી મજુરી, સત્સંગ-ભક્તિ કરવાનો સમય ક્યારે મળે ? રાતે બિચારા થાક્યા પાક્યા સૂઈ જાય. બિચારા ખરેખર દુઃખી છે. એમનો ભવ બગડ્યો." પેલા મજુરો કહે છે કે આ સાધુઓ અને સત્સંગીઓ દુઃખી છે અને અમે સુખી છીએ. ઘર ભેગા છીએ અને બૈરા છોકરાં ભેગા છીએ.

માટે આ જગતડા અને ભગતડાં વચ્ચે મડાગાંઠ કાયમ ચાલવાની છે. "જગતડાં કહે ભગતડાં દુઃખી છે. ભગતડાં કહે છે જગતડા દુઃખી છે." ખરેખર તો એ મજુરો દુઃખી છે. દેહ દૃષ્ટિની વાત નથી પણ જીવનની દૃષ્ટિની વાત છે કે એ મજુરી કરીને પોતાનું પેટ જરૂર ભરે છે. સંસારમાં રહીને સંસારનું સુખ જરૂર માણે છે. બન્ને રીતે એની શારીરિક ભૂખ સંતોષાય છે પણ એમને આત્મા-પરમાત્માનું લગીરે જ્ઞાન નથી. ભક્તિ, ભજન, સંસ્કાર, સદ્‌ગુણ અને મોક્ષનો એમને વિચાર સુધાં નથી. પરલોકનાં સુખનું એમને કોઈજ જ્ઞાન નથી. એ અજ્ઞાની પામર જીવ છે.

આજે સંસારમાં પણ એવું જ છે. જગતસુખ, સંસાર સુખનો ત્યાગ કરીને ભગવાં પહેરીને મંદિરને શરણે જતાં સંતો અને જગતની મોહ માયામાંથી પરવારીને સત્સંગ - ભક્તિ માટે જરૂરી સમય કાઢતા સત્સંગીઓ પ્રતિ આજે પણ જગતના જીવો પેલા મજુરોની માફક વાતો કરે છે.

????????????????પ્રશ્નપેટી??????????????



સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(સ્વામિનારાયણ મંદિર જેતલપુર)

પ્રશ્ન : ૧ "या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयति ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥"
આ શ્લોક શ્રીજી મહારાજે ક્યા વચનામૃતમાં કહ્યો છે અને તે વચનામૃતનો સાર શું છે ?

પ્રશ્ન : ૨ શ્રીહરિએ જીવરામ વિપ્રને અગાઉથી તેના મૃત્યુ અંગેની જાણ કરી તે જીવરામ ક્યાંના હતા ? તેમનું મૃત્યુ કેવી રીતે થવાનું હતું ?

પ્રશ્ન : ૩ "તમે ભૂલી ગયા ? પહેલા જ્યારે મારે મારો દેહ છોડવાનો હતો ત્યારે મેં કહેલું તે તમને ખ્યાલ નથી ? આજ સર્વાત્મા સર્વના સ્વામી સર્વ ઈશ્વરોના ઈશ્વર પોતે જ છે." - કોણ કોને અને ક્યાં કહે છે ?

પ્રશ્ન : ૪ જેતલપુરના યજ્ઞમાં સીધા લેવા અમદાવાદથી ભક્તજનો શ્રીહરિની આજ્ઞાથી ઘઉં, ગોળ, દાળ, મીઠું વગેરે કેટલું કેટલું લાવ્યા હતા ?

પ્રશ્ન : ૫ નિષ્કુળાનંદ સ્વામીએ શ્રીજી મહારાજે પરમહંસની દીક્ષા આપી તે પરમહંસોના નામ ક્યા પ્રકરણોમાં લખ્યા છે ?

પ્રશ્ન : ૬ ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં સત્સંગીઓએ પાળવાના અગિયાર નિયમો ક્યા કહ્યા છે ?

પ્રશ્ન : ૭ "બાંકે નેંન વારો રે સાંવરીયો મેરો પ્યારો" આ રચના ક્યા કવિની છે ?

માર્ચ-૨૦૦૭ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) સવિકલ્પ એટલે ભગવાન સિવાય કોઈ પ્રકારની ઈચ્છા રહે તે. નિર્વિકલ્પ એટલે ભગવાન સિવાય કોઈ પ્રકારની ઈચ્છા ન રહે તે. (૨) ૧. પરિક્ષીત રાજા, ૨. વ્યાસજી, ૩. પ્રહલાદજી, ૪. લક્ષ્મીજી, ૫. પૃથુરાજા, ૬. અક્રુરજી, ૭. હનુમાનજી, ૮. અર્જુન, ૯. બલિરાજા. (૩) વિ.સં. ૧૮૬૨ની સાલ (૪) યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધી. (૫) મૂર્તિઓને સુંદર સારા શણગાર સજ્યા હતા. બધું જ સુંદર હતું. પણ પૂજારી હાથમાં મોરલી આપવાનું ભૂલી ગયેલા ! શ્રીજી મહારાજ પધાર્યા ! શણગાર જોયા ! હાથમાં મોરલી હતી નહીં ! રાધાકૃષ્ણ મોરલી વગર શોભે નહીં ! મહારાજનાં કહેવાથી સંતોએ મોરલી ધારણ કરાવી. પ્રભુએ કહ્યું કેવા મનોહર લાગે છે ! ત્યારથી મોરલી મનોહરદેવ નામ પડ્યું. (૬) પ્રકરણ ૯૩ કડી ૩૪ ભક્તચિંતામણી. (૭) અધ્યાય ૪ શ્લોક ૩૯ ગીતાજી.

(૧) વર્ષાબેન એ. સેતા (મેમનગર)
(૨) શ્રી સ્વામિનારાયણમંદિર (બહેનોનું) (મોખાસણ)
(૩) માધવજીભાઈ આદ્રોજા (મોરબી)
(૪) ચંદ્રિકા, વૈશાલી ટાંક (જીરાગઢ)
(૫) સોની ભગવાનદાસ વેલજીભાઈ (મોરબી)
(૬) વિનોદ પી. પટેલ (વહેલાલવાળા)
(૭) સ્મિત કમલેશભાઈ પટેલ (કુહા)
(૮) પટેલ હેતલબેન મયુરકુમાર (કુહા)
(૯) મેઘાબેન કમલેશભાઈ પટેલ (કુહા)
(૧૦) પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
(૧૧) મિરાણી સ્મિતલ ઘનશ્યામભાઈ (પાટડી)
(૧૨) શારદાબેન કાંતિભાઈ પટેલ (નાંદોલ)
(૧૩) માણેકબેન મણીલાલ પટેલ
(૧૪) ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
(૧૫) સંદિપ, વિરલ, રાજેશ, ભક્તિભાઈ (ઝુલાસણ)
(૧૬) અંજનાબેન મનુભાઈ પટેલ (નાંદોલ)
(૧૭) ગોપાલભાઈ એચ. પટેલ (નિયામકશ્રી, ટર્ફ સ્કુલ)
(૧૮) જયાબા જયદિપસિંહ ચાવડા (સોલારોડ)

નોંધ : (૧) પ્રશ્ન પેટીના જવાબો દર માસની તા. ૨૨ સુધીમાં મોકલી આપવા. ત્યારબાદ આવેલ જવાબોના નામ લખવામાં આવશે નહીં. તેની નોંધ લેવી.

(૨) "ભક્તિસુધા" શ્રી સ્વામિનારાયણ માસિકમાં સમાવિષ્ટ થયું છે. જેથી ભક્તિસુધામાં લેખ લખતા બહેનોએ શ્રીસ્વામિનારાયણ માસિક કાર્યાલય, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અણદાવાદના સરનામે લેખ મોકલવા.

સત્સંગ સમાચાર

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં રામનવમીનો સમૈયો ધામધુમથી ઉજવાયો

સર્વોપરિ સર્વ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રાકટ્યદિન ચૈત્ર સુદ રામનવમીના અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પરંપરાગત સમૈયો ધામધુમથી ઉજવાયો. પ્રાતઃ ૬-૩૦ કલાકે અક્ષરભુવનમાં વિરાજમાન સર્વોપરિ બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ અભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદ વિધિસર ધામધુમથી સંપન્ન થયો. ત્યારબાદ છપ્પન ભોગ અન્નકૂટ ધરાવવામાં આવેલ. બપોરે ૧૨-૦૦ કલાકે મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્રજી ભગવાનના જન્મોત્સવની આરતી થઈ હતી. પૂ. મહંત સ્વામીના માર્ગ-દર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ (કાલુપુર વિસ્તાર)ના યુવકોએ સમૈયામાં આવેલા દર્શનાર્થીઓને સુંદર ઠંડી છાસ પીવડાવીને સૌને ઉનાળાની અસહ્ય ગરમીમાં ઠંડક આપતા હતા. ગામો ગામ અને શહેરના હરિભક્તો મોટી સંખ્યામાં દર્શને ઉમટ્યા હતા.

રાત્રે ૧૦-૧૦ ઘડીએ આપણા ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજની પ્રાકટ્યોત્સવની આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ઉતારી ત્યારે દર્શનાર્થીઓની અપાર ભીડ જોવા મળી હતી. આજનો દિન ખરેખર દિવ્ય અને ભવ્ય હતો. સૌ ભક્તજનો આનંદ મગ્ન બની દર્શનમાં તલ્લીન થયા હતા. ખરેખર આવા સમૈયામાં દર્શન કરવાથી તેની જીવને અંત સમયે અખંડ સ્મૃતિ-સ્મરણ રહે છે. *(કોઠારી સ્વામી)*

અમદાવાદના ઘાટલોડિયા શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારના શ્રીનરનારાયણદેવ અને ધર્મકુળના આશ્રિતો છેલ્લા ૮ વરસથી દર એકાદશીના રાત્રી સભા એક સ્કુલમાં ભેગા મળી કરતા હતા. ત્યારે પ.પૂ. મોટા મહારાજશ્રી અને વર્તમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પ્રસંગોપાત સભામાં પધારતા ત્યારે હરિભક્તોની ઈચ્છા ત્યાં મંદિર નિર્માણ થાય તેવું જાણતા પોતે સ્વયં સંકલ્પ કર્યો કે અત્રે સુંદર જમીન સંપાદન કરી શ્રી નરનારાયણદેવ ગાદીનું ભવ્ય હરિમંદિરનું નિર્માણ થાય. નારણપુરા મંદિરના માજી મહંત શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી પણ અવારનવાર મંદિર માટે હરિભક્તોને પ્રોત્સાહિત કરતા અને પૂ. મહારાજશ્રીના દૃઢ સંકલ્પના બળે નીલકંઠ મહાદેવની બાજુમાં મંદિર માટેની સુંદર જગ્યા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ દેશ સ્કીમ કમિટીએ અમદાવાદ મંદિર દ્વારા જમીન સંપાદિત કરી અને ખૂબજ ટૂંકા ગાળામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ અને કૃપાથી અને સંત હરિભક્તોના સાથ સહકારથી દેદિપ્યમાન સુંદર રળિયામણું હરિ મંદિર જોતજોતામાં તૈયાર થઈ ગયું. અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મૂર્તિ પ્રતિષ્ઠાનું શુભ મુહૂર્ત તા. ૨૬-૨-૦૭ના રોજ નિશ્ચિત થયું. આ પ્રસંગના ઉપલક્ષમાં વિજય સ્થંભનું સ્થાપન પ.ભ. મનુભાઈ બેચરભાઈ પટેલના યજમાન પદે વિદ્વાન વિપ્રો દ્વારા ધામધુમથી થયું.

તા. ૨૨-૨-૦૭ થી તા. ૨૬-૨-૦૭ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજીના વક્તાપદે થઈ હતી. આ

પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણ અંગે

દેશ વિદેશમાં વસતા શ્રીહરિના આશ્રિતોને વિદિત હશે જ, સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના અપર સ્વરૂપ પરમ પૂજ્ય નિવૃત આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો દિવ્ય અલૌકિક સંકલ્પ અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ અને આપણા ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને આ પૃથ્વી પર સ્વેચ્છાએ રહ્યા ત્યાં સુધી જે જે વસ્તુ પદાર્થનો ઉપયોગ-સ્પર્શ કરીને જે પોતાની સ્થાપેલ બે ગાદી પરંપરામાં અને મૂળ સંપ્રદાયના આશ્રિતો-મંદિરોમાં સંગ્રહિત અથવા સચવાયેલ, આવી અનેક અલૌકિક વસ્તુઓ પદાર્થોનું દિવ્ય અને સમસ્ત વિશ્વમાં જે અદ્વિતીય અને અદ્‌ભુત હશે તેવું આપણા સૌનું શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનું નિર્માણ કાર્ય ઝડપભેર આગળ વધી રહ્યું છે. ઘણા જ હરિભક્તોને આવા અલૌકિક મહા ભગીરથ કાર્યમાં સેવા કરવાની પ્રસાદીની વસ્તુ અર્પણ કરવાની ઈચ્છા હોય તે સ્વભાવિક છે. તે સૌને વિશેષ માહિતી અને સરળતા રહે તે માટે આપની સેવા રોકડ, ચેક, ડ્રાફટથી મોકલવા માટે

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના નામથી મોકલવા અનુરોધ છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ.

પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી આચાર્ય પીઠાધિપદથી નિવૃત થયા બાદ સવારે ૯ થી ૧૧ નિયમિત શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની બેઠક પર બિરાજતા હોય છે.

સંપર્ક, મૂલાકાત, દર્શન એ સમય દરમ્યાન થાય છે. ત્યાં અવાર નવાર વર્તમાન પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી પણ સત્સંગની અનેક પ્રવૃતિમાંથી સમય મેળવીને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ચાલતી પ્રવૃતિ જોવા પધારે છે. અને યોગ્ય માર્ગદર્શન સૂચવતા હોય છે.

'શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ'

ટર્ફ સ્કુલ સામે, નારણપુરા એ.ઈ.સી., ઝોનલ ઓફિસ પાછળ, અમદાવાદ-૧૩. ફોન : (૦૭૯) ૨૭૪૯૯૫૯૭

પ્રસંગે પોથીયાત્રાનું આયોજન ભક્તિસભર વાતાવરણમાં ખૂબજ ધામધુમથી થઈ. કથાનું રસપાન કરવા ઘાટલોડિયા-ચાંદલોડિયા, વાડજ અને નારણપુરના હરિભક્તો મોટી સંખ્યામાં આવતા હતા. ગુજરાતના વર્તમાન દૈનિક પેપરમાં મૂર્તિ પ્રતિષ્ઠાની જાહેરાત પ્રકાશીત કરવાથી શહેરના દરેક વિસ્તારના હરિભક્તો દર્શનાર્થે અને કથાનો લાભ લેવા મોટી સંખ્યામાં આવતા હતા. મંદિરમાં પ્રસ્થાપિત ઈષ્ટદેવની મૂર્તિઓની ભવ્ય નગર યાત્રા તા. ૨૫-૨-૦૭ના સાંજના ૪ કલાકે ધામધુમથી ઘાટલોડિયા વિસ્તારમાં પસાર થઈ ત્યારે હજારો શ્રી નરનારાયણદેવના આશ્રિતજનો દર્શનમાં અને નગરયાત્રામાં જોડાયા હતા. ખરેખર મૂર્તિના દર્શન કરી ભાવિકો ભાવ વિભોર બની ગદ્‌ગદિત થયા હતા.

જેની સૌ ઘણા વરસોથી આતુરતા પૂર્વક રાહ જોતા હતા તે ક્ષણ આજે આવી ગઈ. શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ શ્રીહરિના સાક્ષાત્ અપર સ્વરૂપ પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે તા. ૨૬-૨-૦૭ના પ્રાતઃ ૮-૦૦ કલાકે સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠાની આરતી થઈ ત્યારે ચારેય દિશાઓ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો જયઘોષ પ્રસરાયો. અહીં પ્રત્યક્ષ સાક્ષાત્ સર્વોપરિ શ્રીહરિ બિરાજમાન થયા. આચાર્ય મહારાજશ્રી જે દેવની પ્રતિષ્ઠા કરે તેમાં આપોઆપ દૈવત પ્રગટ થાય. ત્યારબાદ વિષ્ણુયાગ અને કથા-પારાયણની પૂર્ણાહુતિની આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદવિધિસર સંપન્ન થઈ.

આ પ્રસંગે આયોજીત પ્રાસંગિક સભામાં અનેક વિદ્વાન સંતોએ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું મહિમા માહાત્મ્ય અને ધર્મકુળનું મહિમા માહાત્મ્ય ખૂબજ સુંદર અને મનનીય રીતે સભામાં વર્ણવ્યુ હતું.

છેલ્લે સમસ્ત સભાને આપણા પ્રાણ પ્યારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એ રૂડા કૃપા દ્રષ્ટિથી ભરપુર આશીર્વાદ વરસાવીને આ મંદિરમાં નિત્યે દર્શનનો લાભ લેવા અને સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો દ્રઢ આશરો રાખવા ખાસ આજ્ઞા સાથે આદેશ કરીને ઘાટલોડિયાના હરિભક્તો ઉપર અતિ રાજી થયા હતા. મહોત્સવ દરમ્યાન પ.પૂ.મોટા મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી બહેનોને દર્શન-આશીર્વાદ આપીને ખૂબજ રાજી થયા હતા. આ મંદિરના સંકલ્પ કર્તા પ.પૂ. મોટા મહારાજશ્રી તો અતિ રાજી થઈ અને ઘાટલોડિયાના સત્સંગની ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવા રૂડા આશીર્વાદ આપ્યા હતા. મંદિરના પાયાથી લઈ મૂર્તિ પ્રતિષ્ઠામાં વિવિધ સેવા કરનાર હરિભક્તોનું પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સન્માન કરી આશીર્વાદ આપ્યા હતા. મૂર્તિ પ્રતિષ્ઠા દરમ્યાન અનેક ભક્તોને ચમત્કારિક-પરચા સ્વરૂપ અનુભવ થયા હતા. એ તો આપણા દરેક ઉત્સવમાં સહજ છે.

આ મંદિર નિર્માણ અંદાજીત ૬૦ લાખ રૂપિયાના ખર્ચે પૂર્ણ થયું. જેમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ નિયુક્ત કરેલા ટ્રસ્ટીઓ શ્રી સોમાભાઈ નરસીભાઈ પટેલ, શ્રી પ્રવિણભાઈ ટી. પટેલ, શ્રી કાંતિભાઈ ધૂનવાળા, શ્રી મનુભાઈ માવજીભાઈ પટેલ, શ્રી પ્રહલાદભાઈ તુલસીભાઈ પટેલ, શ્રી પ્રભુદાસભાઈ પી. પટેલ (સોજાવાળા), શ્રી નાગરભાઈ હિરજીભાઈ પટેલ અને અન્ય સેવામાં શ્રી ગાંડાભાઈ કાળીદાસ ગજ્જર, શ્રી વિષ્ણુભાઈ કાળીદાસ પટેલ, શ્રી પ્રવિણભાઈ નારણભાઈ પટેલ આદિ અનેક નામી અનામી હરિભક્તોએ નાની મોટી સેવા કરીને શ્રીજી મહારાજ અને ધર્મકુળનો રાજીપો મેળવ્યો છે. શ્રી નરનારાયણદેવ સ્કીમ કમિટીના સભ્યશ્રીઓ પ.ભ. દશરથભાઈ પટેલ, પ.ભ. રતીભાઈ પટેલ આદિ હરિભક્તો તથા પ.ભ. રસિકભાઈ દયાળજીભાઈ સોની, પ.ભ. વાસુદેવભાઈ લવજીભાઈ પટેલ તથા બાબુભાઈ પટેલ (મણીપુરાવાળા), શ્રી દયાળજીભાઈ પટેલ વગેરે અનેક અગ્રગણ્ય હરિભક્તોએ ઉપસ્થિત રહીને પ્રસંગને શોભાવ્યો હતો.

સભા સંચાલન પ્રો. શ્રી શનાભાઈ પટેલે સુંદર રીતે સંભાળ્યું હતું. ધામોધામના પૂજનીય સંતોએ પધારીને પોતાની અમૃતવાણીનો દિવ્ય લાભ આપ્યો હતો. રોજે રોજે હરિભક્તોને પ્રસાદ રૂપી ભોજન બન્ને સમય અને છેલ્લે દિવસે ૧૦ દશ હજારથી વધુ ભાવિકોએ પ્રસાદ લઈ મંદિરના ઉત્સવના દર્શન કરીને જીવનને ધન્ય બનાવ્યું હતું. શ્રી નરનારાયણદેવ યુવક મંડળના શ્રી દિનેશભાઈ, શ્રી અશ્વિનભાઈ આદિ સભ્યોની સેવા પ્રશંસનીય અને પ્રેરણા રૂપ હતી.

(પ્રો. શનાભાઈ પટેલ)

ઘાટલોડિયા મંદિર મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે એક હરિભક્તને પ્રત્યક્ષ પરચો

શ્રી નરનારાયણદેવ તાબાના ઘાટલોડિયા શ્રી સ્વામિનારાયણ મંદિર નિર્માણથી લઈ મૂર્તિ પ્રતિષ્ઠા દરમ્યાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશિષથી પ.ભ. બાબુભાઈ ઈશ્વરભાઈ પટેલ જે ગોપાલબાગ સોસાયટીમાં રહે છે. શરીરમાં અનેક બિમારીથી ઘેરાયેલા છતાં આપણું પોતાનું મંદિર એજ મમત્વ, શ્રી નરનારાયણદેવ અને આચાર્ય મહારાજશ્રી સિવાય અન્ય વાત આવે નહીં. ભલે શરીર કામ ન કરે, છતાં યેનકેન પ્રકારે નાની મોટી સેવા કરે, હરિભક્તોની પ્રવૃત્તિ નિહાળે, સૌ વતી શ્રીજી મહારાજને પ્રાર્થના કરે. વહેલું મંદિર નિર્માણ થાય, પૂ.મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા થાય, રૂડા આશીર્વાદ સૌ ભક્તોને આપે, આવા દ્રઢ સંકલ્પ મનોબળ થી મન મક્કમ અને ખરેખર આ હરિભક્ત શ્રીહરિની કૃપા અને પ.પૂ. મહારાજશ્રીના આશીર્વાદથી આજે સાજા નરવા અને સંપૂર્ણ નિરોગી થયા છે. ક્યાં પરચા ગોતવા જવા! અહીં બધું જ પ્રત્યક્ષ પ્રમાણ છે.

(પ્રવિણભાઈ ટી. પટેલ)

જેતલપુર ધામમાં પાટોત્સવ ઉજવાયો

આપણા સુપ્રસિધ્ધ યાત્રાધામ જેતલપુર મંદિર ખાતે સંકલ્પકર્તા સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ મહોત્સવ ફાગણ વદ-૮ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધુમથી ઉજવાયો હતો.

પ્રાતઃ ૭ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે દેવોને ષોડશોપચાર મહાભિષેક વેદ વિધિસર સંપન્ન થયેલ. જે દિવ્ય-ભવ્ય દર્શન અર્થે

હજારો હરિભક્તો ગામો ગામ અને અમદાવાદ શહેરથી પધાર્યા હતા. પૂ. મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. પી.પી. સ્વામીની પ્રેરણા અને મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના માર્ગદર્શનથી ઉત્સવનું સુંદર આયોજન થયું હતું. અનેક ધામોના સંતો દર્શનાર્થે પધાર્યા હતા. પ્રાસંગિક સભામાં યજમાન પરિવારના પ.ભ. અશોકભાઈ ચિનુભાઈ પટેલ, પ.ભ. ધર્મેશભાઈ ચિનુભાઈ પટેલ પરિવારે (નવાગામવાળા - હાલ અમદાવાદ) પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. પ્રાસંગિક સભામાં પૂ. પી.પી. સ્વામી એ જેતલપુરના મહિમા સાથે ધર્મકુળનું માહાત્મ્ય અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદ સહ શુભ પ્રેરણાથી અત્રે મંદિરમાં વી.આઈ.પી. ઉતારા કુલ ૩૦ અને મુખ્ય પ્રવેશદ્વાર શિલ્પ સ્થાપત્યનું બેનમુન કલાકારીગરીથી યુક્ત કરવા માટે હરિભક્તોના આર્થિક સહકારથી જેનું સુંદર નિર્માણ થશે. જેમાં ઘણા જ શ્રધ્ધાળુ ભાવિક હરિભક્તોએ પોતાનું કિંમતી યોગદાન નોંધાવીને આવા ભગીરથ કાર્યને સફળ બનાવવામાં સહભાગી બન્યા હતા. અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી અને વિદ્વાન સંતો મહંતોએ સભામાં પોતાની ભાવના વ્યક્ત કરી હતી. છેલ્લે સમસ્ત સભાને અને સંત મંડળને ખૂબજ રાજી અને પ્રસન્ન થઈ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી તથા અ.સૌ. પ..પૂ. ગાદીવાળાશ્રી દર્શનાર્થે પધાર્યા હતા. યજમાન પરિવાર તરફથી સમસ્ત મહેમાન હરિભક્તોને પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. *(સાધુ ભક્તિનંદનદાસ)*

શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ

અત્રે શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણની પરીક્ષા તા. ૧૭-૧૨-૦૭ના લેવાયેલ. જેમાં ૧૯૦૯ વિદ્યાર્થીઓમાંથી ૧૪૬૫ પરીક્ષાર્થીઓ પાસ થયા છે.

બાળ સત્સંગ ૬૬૨ માંથી ૫૫૧ પાસ થયા છે.

કિશોર સત્સંગમાં ૫૯૫ માંથી ૪૯૪ પાસ થયા છે.

સત્સંગ પરિચયમાં ૩૮૩ માંથી ૩૦૦ પાસ થયા છે.

સત્સંગ પ્રવિણમાં ૧૬૦ માંથી ૯૦ પાસ થયા છે.

સત્સંગ પ્રવેશ ૧૦૯ માંથી ૩૦ પાસ થયા છે. ૨૮ કેન્દ્રોએ પરીક્ષામાં ભાગ લીધેલ. કુલ ૮૫ ટકા પરિણામ આવ્યું છે.

બાળ સત્સંગ-૧

(૧) વરીયા પ્રદિપભાઈ ભીખાભાઈ અસારવા ગુરુકુળ ૧૦૦% (૨) ભરવાડ રાજેશ કાળુભાઈ અસારવા ગુરુકુળ ૧૦૦% (૩) ડાભી આરતીબેન વિક્રમસિંહ ડાગંરવા ૧૦૦% (૪) ચૌહાણ કાજલબેન ભીખાજી ટાંકીયા ૧૦૦% (૫) ડાભી સમીર સુરેશભાઈ ડાંગરવા ૧૦૦% (૬) લકુમ હર્ષદ ડી. કોટેશ્વર ગુરુકુળ ૧૦૦%ણ

કિશોર સત્સંગ-૨

(૧) પટેલ રોનકકુમાર ભરતભાઈ અસારવા ગુરુકુળ ૧૦૦% (૨) પૃથ્વીરાજ મહેન્દ્રસિંહ ટાંકીયા ૧૦૦% (૩) ડાભી અનિકેત ભરતસિંહ ડાંગરવા ૧૦૦% (૪) પાયલબેન જગદીશસિંહ ટાંકીયા ૧૦૦% (૫) ચૌહાણ વજેસિંહ કાળુસિંહ ટાંકીયા ૧૦૦% (૬) કડીયા ઘનશ્યામભાઈ કોટેશ્વર ગુરુકુળ ૯૮%.

સત્સંગ પરિચય-૩

(૧) પડશાળા નિહારકુમાર આર. મેઘાણીનગર ૧૦૦% (૨) જાખણીયા નિરવ દિનેશભાઈ મેઘાણીનગર ૧૦૦% (૩) પટેલ બ્રિજેશ જીતેન્દ્રભાઈ અસારવા ગુરુકુળ ૧૦૦% (૪) પટેલ જયદિપ શંભુભાઈ અસારવા ગુરુકુળ ૯૭% (૫) પટેલ બી.ડી. કોટેશ્વર ગુરુકુળ ૯૫% (૬) હનુભાઈ ભાવસંગભાઈ કોટેશ્વર ગુરુકુળ ૯૩%.

સત્સંગ પ્રવિણ-૪

(૧) પટેલ વિરલ જગદીશભાઈ અસારવા ગુરુકુલ ૧૦૦% (૨) રામાણી ભાવેશ હિંમતભાઈ અસારવા ગુરુકુળ ૧૦૦% (૩) ડાભી મેઘાબેન અજીતભાઈ ડાંગરવા ૧૦૦% (૪) અનિરૂધ્ધ મહેન્દ્રસિંહ એપ્રોચ-બાપુનગર ૯૭% (૫) પડસાળા રાહુલ બાબુભાઈ અસારવા ગુરુકુળ ૯૭% (૬) ડાભી નકિતાબેન ભરતસિંહ ડાંગરવા ૯૭%.

સત્સંગ પારંગત વચનામૃત ભાગ-૫

(૧) ડાભી કોમલબેન ભરતસિંહ ડાંગરવા ૧૦૦% (૨) ડાભી મનોરસિંહ વિક્રમસિંહ ડાંગરવા ૯૮% (૩) ડાભી મેહુલકુમાર દિલીપસિંહ ડાંગરવા ૯૫% (૪) ડાભી પ્રીતિબેન કિરીટસિંહ ડાંગરવા ૯૫% (૫) ડાભી નિકિતાબેન અજીતસિંહ ડાંગરવા ૯૫% (૬) પટેલ પ્રતિકકુમાર કોટેશ્વર ગુરુકુળ ૯૩%.

કલ્યાણપુરા (માણસા) ગામે શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વદથી સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામીની શિષ્ય પરંપરામાં અ.નિ. સ.ગુ. સ્વામી શ્રીપ્રકાશદાસજીની સ્મૃતિ અર્થે અને શ્રીહરિપ્રસન્નાર્થે સ.ગુ. સ્વામી સૂર્યપ્રકાશદાસજી (વિહારવાળા) તથા શા.સ્વામી અક્ષરપ્રકાશદાસજી ગુરુ શા.સ્વામી નંદકિશોરદાસજીની પ્રેરણાથી કલ્યાણપુરા સમસ્ત ગામના હરિભક્તો તરફથી તા. ૧૪-૨-૦૭ થી ૧૮-૨-૦૭ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી (વડનગર ગુરુકુળ) ના વક્તા પદે સુમધુર શૈલીમાં સંપન્ન થઈ હતી. આ પ્રસંગે સ.ગુ. શા.સ્વામી હરિકૃષ્ણદાસજી (માજી મહંત છપૈયા), બ્ર.પૂજારી સ્વામી રાજેશ્વરાનંદજી, સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (નારણપુરા) સ્વામી ધર્મસ્વરૂપદાસજી (નાથદ્વારા મહંત), શા. વિશ્વપ્રકાશદાસજી (વડનગર) અને સ.ગુ. સ્વામી સૂર્યપ્રકાશદાસજી આદિ સંતો ઉપસ્થિત રહ્યા હતા. તા. ૧૮-૨-૦૭ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને તેઓશ્રીના વરદ્ હસ્તે પારાયણની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. પ્રાસંગિક સભામાં સૌ હરિભક્તોને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. *(શા. અક્ષરપ્રકાશદાસ)*

વિસનગર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સહજાનંદ કિશોર મંડળ દ્વારા તા. ૨૫-૨-૦૭ને રવિવારના વિસનગરમાં વ્યસન મુક્તિ રેલીનું સુંદર આયોજન કરવામાં આવેલ. આ રેલીનો ઉદ્દેશ સર્વધર્મ સદાચારનો પ્રચાર પસાર અને શ્રીહરિના ચરણ કમળોથી અંકિત વિસનગરની તમામ પ્રસાદીના સ્થળોના દર્શનનું આયોજન. આ રેલીમાં ૫૦૦ ભાઈ-બહેનો જોડાયા હતા. પિંડારીયા સરોવરે રેલીનું સમાપન કરી સભા યોજવામાં આવી હતી. જ્યાં પ્રસાદીની સ્થાનનો સુંદર મહિમા યુવક મંડળે વર્ણવ્યો હતો.

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ

વિસનગર

વિસનગરમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સ્થાપના ૧૩-૧૨-૯૨ ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. જેને ૧૫ વર્ષ પૂર્ણ થતા શ્રી સહજાનંદ સંસ્કારધામ વિસનગર ખાતે પંચ દશાબ્દી મહોત્સવનું ભવ્ય આયોજન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં તા. ૨૧-૧-૦૭ના યોજાયું હતું. જેમાં બ્રહ્મનિષ્ઠ સંતો અને આજુબાજુના ગામોના હરિભક્તો અને યુવક મંડળના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ યુવક મંડળની ૧૫ વર્ષની સત્સંગ લક્ષી પ્રવૃત્તિનું સરવૈયું જણાવીને વિશેષ પ્રગતિ થાય અને સંપ્રદાયની સાથે સાથે સમાજ પયોગી પ્રવૃત્તિ વિશેષરૂપે કરવા ખાસ ભલામણ કરી રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

રાણીપમાં શ્રીમદ્ ભાગવત પારાયણ

સર્વોપરિ શ્રીજી મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ.શા. સ્વામી હરિકૃષ્ણદાસજી તથા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ)ની પ્રેરણાથી શ્રીહરિના પ્રસાદી ભૂત સ્થાન (શ્રી નરનારાયણદેવ તાબાના) શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વરના લાભાર્થે રાણીપ ખાતે તા. ૧૭-૨-૦૭ થી ૨૫-૨-૦૭ પર્યન્ત શ્રીમદ્ ભાગવત નવાન્હ પારાયણ શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે સંપન્ન થયેલ. આજુબાજુના વિસ્તારના ભાવિકો મોટી સંખ્યામાં કથા નો લાભ લેવા પધાર્યા હતા. પારાયણ પ્રસંગે ૧૬ સહિંતા પાઠ, સમૂહ મહાપૂજા, બ્લડ કેમ્પ, આદિ કાર્યક્રમો થયા હતા. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને સમસ્ત ધર્મકુળે પધારીને દિવ્ય દર્શન સાથે રૂડા આશીર્વાદ આપ્યા હતા.

પારાયણ દરમ્યાન આવતા ઉત્સવો ઉજવાયા હતા. પૂર્ણાહુતિના દિને પ.પૂ. મોટા મહારાજશ્રીએ પધારીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમસ્ત આયોજન નાના પી.પી. સ્વામીએ કર્યું હતું.

(ડાહ્યાભાઈ પટેલ)

વિરમગામમાં સત્સંગ સભા

શ્રી સ્વામિનારાયણ મંદિર વિરમગામ ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૧૫-૩-૦૭ના સત્સંગ સભા યોજવામાં આવી હતી. દર એકાદશીના અત્રે સત્સંગ સભાનું આયોજન થાય છે. આ પ્રસંગે જમીયતપુરાના શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીએ વચનામૃતના અત્યં પ્રકારણના બીજા વચનામૃત ઉપર વિવેચન કરીને હરિભક્તોને કથાનો વિશેષ લાભ આપેલ.

(બાબુભાઈ કોઠારી)

શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડા રજત જયંતી મહોત્સવ ઉજવાયો

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રીહરિના પ્રસાદીના ગવાડા ગામે ૧૦૦ વર્ષ પહેલા અ.નિ.સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી એ મંદિર નિર્માણ કરાવીને પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રી ના વરદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા સંપન્ન થઈ હતી. પરંતુ તે મંદિર જિર્ણ થતા અ.નિ.સ.ગુ. હરિનારાયણ-દાસજી સ્વામીએ (કચ્છી) પુનઃ નિર્માણ કરાવેલ જેને સંવત ૨૦૬૩ મહા સુદ-૬ના ૨૫ વર્ષ પૂર્ણ થતા હોવાથી સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. નાના પી.પી. સ્વામી, સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ મંદિર) ની પ્રેરણા અને સહયોગથી રજત જયંતી મહોત્સવનું ભવ્ય આયોજન તા. ૨૦-૧-૦૭ થી તા. ૨૪-૧-૦૭ પર્યન્ત રાખવામાં આવેલ. જેના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ શા.સ્વા. રામકૃષ્ણદાસજીના વક્તાપદે થઈ હતી. જેમાં ૮ શાસ્ત્રોની સહિંતા પારાયણ, શ્રીહરિયાગ, મહાભિષેક, અન્નકૂટ, ૧૨૦ ઘરે ઠાકોરજીની પધરામણી, સમૂહ મહાપૂજા, ૨૫ કલાકની મહામંત્ર ધૂન, પ્રભાતફેરી, ૨૫ જુદાં જુદાં ગામોમાં સભા, જેમાં પૂ. આચાર્ય મહારાજશ્રી અને સંતો પધારેલા. સામાજિક સેવામાં ૧૨૫ બ્લેડ ડોનેટ, ગામ સફાઈ, સંપૂર્ણ વ્યસન મુક્તિ અભિયાન, કોટેશ્વર ગુરુકુળના બાળકો દ્વારા સાંસ્કૃતિક પ્રોગ્રામ અને સંતોના પ્રેરક પ્રવચન આદિ લાભ સાથે પ.પૂ.મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા સમસ્ત ધર્મકુળે પધારીને દર્શન આશીર્વાદનો અલૌકિક દિવ્ય લાભ આપીને ગામના ભક્તજનોને જીવનમાં ક્યાંય ન મળે તેવું દુર્લભમાં દુર્લભ સુખ આપી રાજી કર્યા હતા.

(સ્વામી જયપ્રકાશદાસ)

ભાત (તા. દશક્રોઈ) મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

અત્રે ભાત ગામના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂ. પી.પી. સ્વામી તથા પૂ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજીની પ્રેરણાથી તા. ૨૩-૨-૦૭ના રોજ મંદિરનો પાટોત્સવ પ.ભ. નવિનભાઈ હરિભાઈ પટેલ પરિવાર તરફથી ધામધુમથી ઉજવાયેલ. જેતલપુરના કોઠારી સ્વામી વ્રજવલ્લભદાસ અને શા. હરિવલ્લભદાસે ઠાકોરજીને અભિષેક, મહાપૂજા, અન્નકૂટ આદિ સુંદર રીતે કરીને અલભ્ય લાભ આપેલ. હરિભક્તો પણ દર્શન કરી તૃપ્ત થયા હતા.

(જયેશ પટેલ)

રિદ્રોલ મંદિરમાં તૃતીય પાટોત્સવની ઉજવણી

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે મંદિરમાં મહાવદ-૧ ના તૃતીય પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધુમથી ઉજવાયેલ અને એક દિનાત્મક હરિયાગ શા.સ્વામી પ્રેમસ્વરૂપદાસજીએ કરેલ.

આ પ્રસંગે વિદ્વાન સંતોના પ્રેરક પ્રવચનનો સુંદર લાભ હરિભક્તોને મળ્યો હતો.

છેલ્લે યજમાન પરિવાર અને સમસ્ત હરિભક્તોને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની (I.S.S.O. ઓસ્ટ્રેલીયા)

અત્રે સીડની આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી નીચેના હરિભક્તો તરફથી સત્સંગ સભાનું આયોજન થયું હતું. ધનુર્માસમાં તા. ૧૩-૧-૦૭ના રોજ ઠાકોરજી સમક્ષ હરિભક્તોએ ૧૦૦૧ દંડવત અને પ્રદક્ષિણા કરેલ.

૧૪-૧-૦૭ના મંદિર તરફથી ઉત્તરાયણ મહોત્સવમાં ૧૦૦૦ ભાવિકોએ ભાગ લઈ શ્રીજી મહારાજનો રાજીપો મેળવ્યો હતો.

વસંતપંચમીના શ્રી શિક્ષાપત્રીનું સમૂહ પૂજન કરવામાં આવેલ. શ્રી અંજલેશભાઈએ શિક્ષાપત્રીની કથા કરી હતી.

તા. ૪-૨-૦૭ના રોજ પ.ભ. બિપીનભાઈ દવે તરફથી સભા થઈ હતી. દર રવિવારે સત્સંગ સભામાં શ્રી ભક્તચિંતામણી ગ્રંથ પ્રકરણ ૬૪ 'ફગવા' પ્રાર્થના સ્વરૂપે ગવાયેલ. ધૂળેટીના દિવસે સીડની યુવક મંડળ તરફથી શાકોત્સવ ધામધુમથી ઉજવ્યો હતો. જેમાં બાજરાના રોટલા, રીંગણનું શાક, છાસ અને માખણનો ઠાકોરજીને થાળ જમાડી સૌને પ્રસાદ

પાટોત્સવના યજમાન ગં.સ્વ. મંગુબેન બાબુલાલ પટેલ, તેમના પુત્રો કનુભાઈ, મનુભાઈ અને પૌત્રો મોહિત (યુ.એસ.એ.) કેતન (યુ.કે.) રજનીકાંત (ઓસ્ટ્રેલીયા) અને હાર્દિક આદિ સૌ પરિવારે પૂ. મહારાજશ્રીનું પૂજન અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા.

(પટેલ કેશવલાલ)

ઘાટલોડિયા મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે આજીવન સભ્યોને સૌજન્ય

પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી આપણા ઘાટલોડિયા શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે 'શ્રી સ્વામિનારાયણ માસિક'ના વિશેષને વિશેષ આજીવન સભ્યો થાય અને તે દ્વારા આપણા સંપ્રદાયનો બહોળો પ્રચાર-પસાર થાય આવા સુંદર હેતુથી આપણા શ્રધ્ધાળુ સેવાભાવી પ.ભ. ગાંડાલાલ કાલીદાસ પટેલ (ગુલાબપુરાવાળા) અને અન્ય હરિભક્તે કુલ ૨૨ સભ્યોને રૂા. ૧૦૦/- મુજબ રૂા. ૨૨૦૦/- સૌજન્ય ભેટ તથા પ.ભ. રમેશભાઈ મારફતીયા અને શ્રી નવિનભાઈ મારફતીયા તરફથી ૨૫ સભ્યોને રૂા. ૧૦૦/- મુજબ રૂા. ૨૫૦૦/- સૌજન્ય ભેટ તેમના માતા-પિતા અ.નિ. પ.ભ. રણછોડભાઈ મારફતીયા અને અ.નિ. અંબાબેનના સ્મરણાર્થે અને તેમના બેન શ્રી ચંદ્રિકાબેનના રાજીપા અર્થે સુંદર સેવા કરી ધર્મવંશી આચાર્યશ્રી અને શ્રીહરિનો રાજીપો મેળવ્યો છે.

વિદેશ સત્સંગ સમાચાર

આપવામાં આવેલ. રંગોત્સવ પણ ધામધુમથી ઉજવ્યો હતો. સભામાં નંદ સંતોના કીર્તનો અને ધૂન પર રાસની રમઝટ માણવામાં આવી હતી. પ.ભ. બિરેનભાઈ દેસાઈ, તથા પ.ભ. વ્રજમારૂ શાકોત્સવના યજમાન રહ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે.

(તેજશ બી. પટેલ)

હ્યુસ્ટન શ્રી સ્વામિનારાયણ મંદિર (I.S.S.O., U.S.A.)

અત્રે હ્યુસ્ટન આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.મોટા મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી ૭મો પાટોત્સવ ૯ માર્ચ થી ૧૧ માર્ચ દરમ્યાન ઉજવાયો.

સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત સ્નેહગીતાની ત્રિદિનાત્મક કથા કે.પી. સ્વામીએ સુંદર રીતે વર્ણવી હતી. શનિવારના સાંજના હનુમાન ચાલીસાના પાઠમાં ઘણા હરિભક્તો જોડાયા હતા. સૌએ સાથે મળી શ્રી હનુમાનજીની આરતી ઉતારી હતી.

રવિવારના સાંજે સમૂહ મહાપૂજા વિધિવત રીતે થઈ હતી. અને ઠાકોરજીનો મહાભિષેક ષોડશોપચાર પૂર્વક વેદ વિધિસર ધામધુમથી સંપન્ન થયો હતો. ૧૧ માર્ચના કથાની પૂર્ણાહુતિ અને હરિભક્તો દ્વારા બનાવેલ સુંદર વિવિધ પકવાનોનો અન્નકૂટ ઠાકોરજીને ધરાવેલ. ત્યારબાદ મંદિર ઉપર ધજા ચડાવવા પૂજન વિધિ થઈ હતી.

આપણા I.S.S.O. ના અન્ય ચેપ્ટરોમાંથી પધારેલા આપણા સંતોએ ઉપદેશાત્મક વાતો કરી હતી. અને અન્ય આપણા ચેપ્ટરોના હરિભક્તો દર્શને આવેલા તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રી મનજીભાઈ હિરાણીએ સૌ સેવા કરનાર હરિભક્તોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે સંતોની પ્રેરણાથી યુવક મંડળે અને બહેનોએ પ્રેરણારૂપ સેવા બજાવી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે. હ્યુસ્ટન મંદિરમાં ફાગણ સુદ-૧૫ના સાંજના ૬ થી ૭ મહામંત્ર ધુન અને ત્યારબાદ સત્સંગ સભાનો પ્રારંભ થયેલ.

૪ માર્ચ ના ધૂળેટી ઉત્સવ ઉજવવામાં આવેલ. શ્રી નરનારાયણદેવ જંયતીના ફુલદોલોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. સંત-હરિભક્તોએ સર્વોપરિ શ્રી નરનારાયણદેવનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી હતી. પૂજારી સ્વામીએ સર્વોપરિ શ્રી નરનારાયણદેવનું મહિમા માહાત્મ્ય

શાસ્ત્રોના સુંદર વાચનથી સમજાવેલ. છેલ્લે ઠાકોરજીની આરતી બાદ સૌને મહાપ્રસાદ વહેંચીને કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિર

(I.S.S.O., U.S.A.)

આપણા કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી તથા અત્રેના મહંત શા.સ્વામી સત્યપ્રકાશદાસજી તથા ભક્તિ સ્વામી હરિભક્તોને કથા વાર્તા કરીને સુંદર સમાસ કરાવે છે. ઠાકોરજીને વિવિધ પ્રકારના શૃંગાર ધરાવી અલૌકિક દર્શન કરાવીને હરિભક્તોને દર્શનમાં વિશેષ સુખ આપે છે. અહીં ઉત્સવો દરમ્યાન આપણા દરેક ચેપ્ટરોમાં આપણી 'સેવા' સંસ્થા દ્વારા હરિભક્તોને ચેકઅપ, દવાઓ, આંખો માટે ચશ્માઓ, બ્લડ ડોનેશન અને શરીરના અન્ય રોગો માટે ફ્રી નિદાન કેમ્પ નામાંકિત ડોકટરોની ટીમ દ્વારા કરવામાં આવે છે. ખરેખર આ બધી પ્રવૃત્તિથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ખૂબજ રાજી થઈ વિશેષ પ્રવૃતિ કરવા આશીર્વાદ સહ આજ્ઞા આપે છે. *(પ્રવિણભાઈશાહ)*

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦	શ્રી કાશ્મીરાબેન તથા વિમલભાઈ સોની લગ્ન તિથિ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી અંકિત હસમુખભાઈ મોદી શ્રીજી પ્રસન્નાર્થે	નારણપુરા
૧૦૧-૦૦	શ્રી ભૂપેન્દ્રભાઈ દામોદરદાસ ચિ. તરંગના લગ્ન પ્રસંગે	જશોદાનગર
૧૦૦-૦૦	શ્રી રાજેન્દ્રભાઈ આર. પટેલ ચિ. હર્ષલની તબીયત સારી થઈ તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી સહજાનંદ કિરાણા સ્ટોર બેબીના જન્મ દિન નિમિત્તે	બાલાસિનોર
૧૦૧-૦૦	શ્રી કિશોરભાઈ દામજીભાઈ સાપરીયા ચિ. હર્ષિલના જન્મ પ્રસંગે	ધૂળકોટ (હાલાર)
૧૦૦-૦૦	શ્રી સવજીભાઈ પ્રેમજીભાઈ વરૂ નવું બાઈક લીધું તે નિમિત્તે	જીરાગઢ
૧૫૧-૦૦	શ્રી ઈન્દ્રવદનભાઈ પોપટલાલ સોની ચિ. નિશાબેનના લગ્ન પ્રસંગે	સાણંદ
૧૦૦-૦૦	શ્રી કુંવરબેન રમેશભાઈ ચૌહાણ ચિ. વંદના ના શુભ લગ્ન પ્રસંગે	(જામસર) સુરત
૧૦૧-૦૦	શ્રી રવિન્દ્રસિંહ ઘનશ્યામસિંહ ઝાલા આંખનું ઓપરેશન સફળ થયું તે નિમિત્તે	વાંસવા
૧૦૧-૦૦	અ.નિ. બટુકભાઈ ચંદુલાલ શાહ પુણ્યતિથિ નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી જીમિતકુમાર મુકેશભાઈ રાઠોડ જન્મદિન નિમિત્તે	(જીરાગઢ) મુંબઈ
૧૦૧-૦૦	શ્રી હેમરાજભાઈ ગોવિંદભાઈ પોરીયા ચિ. હરેશકુમારના લગ્ન પ્રસંગે	ધૂળકોટ
૨૦૧-૦૦	શ્રી ખીમજીભાઈ નાનજીભાઈ પરમાર ચિ. મીતાબેનને નોકરી મળી તે નિમિત્તે	(જામસર) બારડોલી
૧૦૦-૦૦	શ્રી શાંતિભાઈ પરસોતમભાઈ વેગડ શ્રી નરનારાયણદેવના પાટોત્સવ નિમિત્તે	(અંબાળા) સુરત
૧૦૧-૦૦	શ્રી કમલેશભાઈ રમણીકભાઈ સાપરીયા ચિ. પુનિતને પૂ. મહારાજશ્રીના હસ્તે નામ કરણ નિમિત્તે	સુરત-ધૂળકોટ
૧૦૫-૦૦	શ્રી પુષ્પાબેન રાજેન્દ્રકુમાર નાયી નોકરી મળી તે નિમિત્તે	મોખાસણ
૧૦૧-૦૦	શ્રી બિપીનચંદ્ર શાંતિલાલ કા.પ. શ્રીજી પ્રસન્નાર્થે	બાલાસિનોર
૧૦૧-૦૦	શ્રી દિલીપસિંહ મુળુભા ડાભી નરોડામાં જમીન લીધી તે નિમિત્તે	(પચ્છમવાળા)
૧૦૧-૦૦	શ્રી રણછોડભાઈ બી. ચાવડા ચિ. મિશાલ મિતુલ ચાવડાને રશિયાના વિઝા મળ્યા તે નિમિત્તે	બળોલવાળા
૨૦૧-૦૦	શ્રી સઈજ ગામ સમસ્ત હરિભક્ત બહેનો શ્રી નરનારાયણદેવ પાટોત્સવ નિમિત્તે	
૧૦૧-૦૦	શ્રી મનોરમાબેન પિયુષભાઈ શ્રી નરનારાયણદેવના પાટોત્સવ નિમિત્તે	સૂકાટીંબા
૧૦૧-૦૦	શ્રી અરવિંદભાઈ એચ. અમીન (કોઠારી) ચિ. ચેતનના શુભ લગ્ન પ્રસંગે	દહેગામ
૧૫૧-૦૦	શ્રી પ્રવિણભાઈ લખુભાઈ પટેલ ગૌરી ગાય નિમિત્તે	હાથપાળીયા
૧૦૦-૦૦	શ્રી નારાયણભાઈ કરશનભાઈ પુત્રવધુ ફાલ્ગુનીને નોકરીમાં ટ્રાન્સફર નિમિત્તે	માલવણ
૧૦૧-૦૦	શ્રી જયંતિલાલ નટવરલાલ પટેલ મોતીયો ઉતરાવ્યો તે નિમિત્તે	ઉવારસદ
૧૧૧-૦૦	શ્રી ભરતભાઈ અમીચંદભાઈ ન્યુઝુવુડુ સીડસ લી.કું.આ. મેનેજરમાં પ્રમોશન નિમિત્તે	લાલોડા
૧૧૧-૦૦	શ્રી રેવાભાઈ કાળાભાઈ પૂંજાભાઈ ચિ. ખુશી તથા માયાના જન્મ નિમિત્તે	લાલોડા
૧૦૦-૦૦	શ્રી જે. જે. ભાવસાર હા. શ્રી હરિકૃષ્ણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી પ્રિયમ ઘનશ્યામસિંહ વાઘેલા ફાર્મસીના બીજા વર્ષમાં પાસ થવા નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી મિત રાકેશભાઈ પટેલ પરીક્ષા નિમિત્તે	ગામડી
૧૦૧-૦૦	શ્રી રાકેશ કાંતિભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	ગામડી
૧૦૧-૦૦	શ્રી કુમુદચંદ્ર જગન્નાથ ઉપાધ્યાય ચિ. હિરલના લગ્ન નિમિત્તે	અમદાવાદ

૧૫૧-૦૦	શ્રી કમલેશકુમાર મંગળદાસ ભાવસાર નવું કોમ્પ્યુટર લાવ્યા તે નિમિત્તે	સુરત
૧૦૦-૦૦	શ્રી વિજયકુમાર જયંતીલાલ શાહ ચિ. ધિરેનકુમારના લગ્ન પ્રસંગે	દાહોદ
૧૦૦-૦૦	શ્રી ભગવાનજી છગનલાલ વિરાણી અ.નિ. દેવચંદભાઈના સ્મરણાર્થે	આદિપુર (કચ્છ)
૧૦૧-૦૦	શ્રી પારૂલબેન વિષ્ણુસિંહ રાઠોડ નવું મકાન લીધું તે નિમિત્તે	પલાસણા
૧૦૧-૦૦	શ્રી ગંગાબેન રાવજીભાઈ પટેલના સ્મરણાર્થે	અંબાપુર
૧૦૧-૦૦	શ્રી પ્રભુદાસ શંકરભાઈ પટેલના સ્મરણાર્થે	અંબાપુર
૧૫૧-૦૦	શ્રી ગોવિંદભાઈ રણછોડદાસ પટેલ ચિ. સંજયને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	(ઈટાદરાવાળા) યુ.એસ.એ.
૨૫૧-૦૦	એક હરિભક્ત શ્રીજી પ્રસન્નાર્થે	નારણપુરા
૨૦૦-૦૦	શ્રી કલ્પેશભાઈ જયંતીભાઈ પટેલ ચિ. ધ્રુવ અને મિસરીના જન્મ દિન નિમિત્તે	નારોલ
૧૦૧-૦૦	શ્રી ઉમિયાશંકર કોદરભાઈ પંચાલ શ્રીજી પ્રસન્નાર્થે	નરોડા
૧૫૧-૦૦	શ્રી નિરવકુમાર દેવન્દ્રભાઈ પટેલ જન્મ દિન નિમિત્તે	નાગપુર
૧૦૧-૦૦	શ્રી ગીતાબેન દેવેન્દ્રભાઈ પટેલ જન્મ દિન નિમિત્તે	નાગપુર
૧૦૧-૦૦	શ્રી શીતલબેન ધનંજય પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	તરસાલી
૧૦૧-૦૦	શ્રી રોહિતભાઈ શનાભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	કલોલ
૧૦૧-૦૦	શ્રી શૈલેષભાઈ શકરાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ધનસુરા
૧૦૧-૦૦	શ્રી નટવરભાઈ પરસોતમભાઈ ચૌહાણ નવું મશીન લાવ્યા તે નિમિત્તે	(જામસર) બારડોલી
૧૦૧-૦૦	શ્રી આનંદબા ઘનશ્યામસિંહ વાઘેલા ફુલદોલોત્સવ નિમિત્તે	ગોધાવી
૧૦૦-૦૦	ઉમંગી પુરૂષોત્તમભાઈ પટેલ લગ્ન પ્રસંગે	લવારપુર
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામભાઈ માવજીભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ
૧૦૧-૦૦	શ્રી ભીખાભાઈ ભોળાભાઈ પટેલ ચિ. નેહાબેનના લગ્ન પ્રસંગે	ધમાસણા
૧૦૧-૦૦	શ્રી હાર્દિકભાઈ અરવિંદભાઈ પટેલ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષા નિમિત્તે	વક્તાપુર
૧૦૧-૦૦	શ્રી જયવદન ડાહ્યાભાઈ મોરી શ્રીજી પ્રસન્નાર્થે	કાલીયાણા
૧૫૧-૦૦	શ્રી ભૂપેન્દ્રકુમાર કનુભાઈ પટેલ પુત્રના લગ્ન પ્રસંગે	કુંડાલ
૨૦૧-૦૦	શ્રી જીતેન્દ્ર કેશુભાઈ સિંધવ શ્રીજી પ્રસન્નાર્થે	(બળોલવાળા) હાંસોલ
૧૦૧-૦૦	શ્રી પ્રિયંકાબેન ભાનુભાઈ પટેલ નોકરી મળી તે નિમિત્તે	સાયરા
૧૦૧-૦૦	શ્રી હસમુખભાઈ ધનજીભાઈ કથીરીયા યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થઈ તે નિમિત્તે	
૧૫૦-૦૦	ડૉ. શાને પરિવાર અને શ્રી અનંત કેશવ સાંઠે પ.પૂ. મોટા મહારાજશ્રીની પધરામણી પ્રસંગે	મેઘાણીનગર
૧૦૧-૦૦	શ્રી કેતનકુમાર બાબુલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ખેરોલવાળા નરોડા
૧૦૧-૦૦	શ્રી ધર્મેશ શાંતિલાલ મનાણી નવું મોટર સાયકલ લીધું તે નિમિત્તે	રાજકોટ
૧૦૦-૦૦	શ્રી નાનુભાઈ રવજીભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નિકોલ
૫૦૧-૦૦	શ્રી સોમાભાઈ ગોવાભાઈ ચૌધરી શ્રીજી પ્રસન્નાર્થે	બાપુપુરા (માણસા)
૧૦૧-૦૦	શ્રી શશીકાન્ત રસિકલાલ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	કોઠંબા
૧૦૧-૦૦	શ્રી વાડીલાલ મનજીભાઈ પટેલ પુષ્પદોલોત્સવ નિમિત્તે	ગોઠીબ
૧૦૧-૦૦	શ્રી નગીનભાઈ વેલજીભાઈ કલોલીયા શ્રીજી પ્રસન્નાર્થે	રાજકોટ
૧૨૫-૦૦	શ્રી કેશાજી રેવાજી રાણા ચિ. બિજલબાના મામેરા નિમિત્તે	ભુંડીયા (ધરમપુર)
૧૦૧-૦૦	અ.નિ. મૃદુલાબેન સતીષચંદ્ર પટેલ પુણ્યતિથિ નિમિત્તે હા. કમલેશભાઈ	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી મનોજભાઈ બાબુભાઈ ટાંક તથા મહેશભાઈ બાબુભાઈ ટાંક નવો ફલેટ લીધો તે નિમિત્તે	મીરા રોડ
૧૦૧-૦૦	શ્રી પંકજભાઈ ગાંડાભાઈ પટેલ શ્રીહરિકૃપાથી નવી એસ્ટીમ ગાડી લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી અરવિંદભાઈ અને શોભનાબેન અમીન લંડનની સફળ યાત્રા નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦	શ્રી વિનોદકુમાર બાબુલાલ મોદી નવું મકાન ખરીદ્યું તે નિમિત્તે	વિસનગર
૧૫૧-૦૦	શ્રી કીરીટભાઈ બી. રાજપૂત નવી મોટર સાયકલ લીધી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	માલવીન ને દાદા-દાદીએ શ્રી નરનારાયણદેવ સમક્ષ સાકર તુલા કરાવી નિમિત્તે	
૨૦૨-૦૦	શ્રી સી.એમ. કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ-મુંબઈ

૧૦૦-૦૦	શ્રી વિમળાબેન નરોત્તમભાઈ ઠક્કર આંખનું ઓપરેશન સફળ થયું તે નિમિત્તે	બાવળા
૧૦૦-૦૦	શ્રી યોગેશ પરસોતમભાઈ પટેલ બી.એડ. સેમી-૧ માં પાસ થયા તે નિમિત્તે	કડી
૧૦૧-૦૦	પ્રા. શશીકાંત એમ. કાવર શ્રીતેજેન્દ્રપ્રસાદજી સ્વામિનારાયણ આર્ટસ કોલેજને ગ્રાન્ટ પાસ થઈ તે નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦	શ્રી ભોગીલાલ ડાહ્યાભાઈ ભાવસાર ચિ. રિધ્ધિના લગ્ન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ઋદ્ર પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	કુબડથલ
૧૦૧-૦૦	શ્રી કેવલ અજીતભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ઉવારસદ
૧૦૧-૦૦	શ્રી લાલભાઈ બકોરભાઈ પટેલના સ્મરણાર્થે (તા. ૬-૧૧-૦૬)	અંબાપુર
૧૦૧-૦૦	શ્રી જયંતીભાઈ મોતીભાઈ પટેલ ગાડી લાવ્યા તે નિમિત્તે	અંબાપુર
૧૦૧-૦૦	શ્રી ઈશ્વરભાઈ પ્રભુદાસ પટેલના સ્મરણાર્થે	અંબાપુર
૧૦૧-૦૦	ચિ. અંજલીબેન લતેશકુમાર ભાવસાર (સાહિત્ય મોબાઈલ વાન)જન્મદિન નિમિત્તે (ચૈત્રસુદ-૧)	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી અંબાલાલ ભૂલાભાઈ પટેલના સ્મરણાર્થે હા. નાથીબા	અંબાપુર
૧૦૧-૦૦	શ્રી અશ્વિનભાઈ અંબાલાલ મહેતા ચિ. દોહિત્રી માહિના પ્રથમ જન્મદિને	સીડની
૧૫૧-૦૦	શ્રી જયેશકુમાર કાંતિલાલ પટેલ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	યુ.એસ.એ.
૨૦૦-૦૦	શ્રી નટવરલાલ રણછોડલાલ મોદી ચિ. પૌત્ર હાર્દિકના લગ્ન નિમિત્તે	મહેસાણા
૧૦૦૧-૦૦	શ્રી સૌરભ ઘનશ્યામભાઈ ત્રિવેદી શ્રીજી પ્રસન્નાર્થે	ગાંધીનગર
૧૫૧-૦૦	શ્રી જિજ્ઞેશ ચંદુલાલ પટેલ ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે	જોરણંગ
૧૦૧-૦૦	શ્રી રાજુલાબેન રાકેશભાઈ સોની નવું મકાન લીધું તે નિમિત્તે	ધોળકા
૧૦૧-૦૦	શ્રી ભારતીબેન વિનોદકુમાર સોની નવું મકાન લીધું તે નિમિત્તે	ધોળકા
૧૦૧-૦૦	શ્રી જિજ્ઞેશભાઈ લાલજીભાઈ પટેલ પુણ્ય એન્ટરપ્રાઈઝ બિજનેશ નિમિત્તે	કલોલ

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

ફાગણ સુદ-૧ પ.ભ. વિરજીભાઈ ડુંગરભાઈ મોકાણી, વડોદરા ● પ.ભ. સુશીલાબેન હરિભાઈ ઠક્કર. **ફાગણ સુદ-૨** પ.ભ. ચંદ્રિકાબેન ચંદ્રકાંતભાઈ પટેલ હ. બ્ર. રાજુ સ્વામી. **ફાગણ સુદ-૩** પ.ભ. હંસાબેન પટેલ યુ.એસ.એ. ● પ.ભ. અમરભાઈ કરશનભાઈ દહીંસરા ● શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ. **ફાગણ સુદ-૪** પ.ભ. અરૂણભાઈ સાંઠે પરિવાર, ડૉ. શાને પરિવાર અમદાવાદ. **ફાગણ સુદ-૯** પ.ભ. પરસોત્તમદાસ પટેલ હ. પ્રવિણભાઈ ● પ.ભ. ત્રિકમભાઈ બેચરભાઈ પટેલ, પ.ભ. શાંતાબેન બેચરભાઈ પટેલ. **ફાગણ સુદ-૧૨** અ.નિ. પ.ભ. રતનબેન લાલજીભાઈ પટેલ, શ્રી લાલજી હરજી પટેલ સહપરિવાર ● પ.ભ. રાધાબાઈ કાનજી ● પ.ભ. દેવીબેન મુળજીભાઈ. **ફાગણ સુદ-૧૩** ભૂજ મંદિર (હ. દેવજીવન સ્વામી)

ફાગણ વદ-૧ અ.નિ. હ. પ.ભ. વિઠ્ઠલભાઈ નારાયણભાઈ હ. ગણેશભાઈ ડુંગરસી, સુરત ● અ.નિ. પ.ભ. વાલજીભાઈ ધનજીભાઈ કેરાઈ ● અ.નિ. પ.ભ. નરસીભાઈ કેશવજીભાઈ ચોટલીયા, અ.નિ. પ.ભ. ગોદાવરીબેન નરસિંહભાઈ ચોટલીયા હ. શ્રી વિનોદભાઈ નરસિંહભાઈ ચોટલીયા (ધૂળકોટ હાલ - સુરત). **ફાગણ વદ-૨** પ.ભ. પટેલ ઘનશ્યામભાઈ મંગળદાસ ડાંગરવા. **ફાગણ વદ-૬** પ.ભ. ભારતીબેન પરીખ. **ફાગણ વદ-૭** શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ ● પ.ભ. ભોળીદાસ જોઈતારામ વડુ ● પ.ભ. ચૌહાણ મોબતસિંહ ગોવિંદસિંહ ● પ.ભ. તનુકુમાર કરશનભાઈ. **ફાગણ વદ-૯** પ.ભ. કાંતાબેન રવજીભાઈ મિરાણી. **ફાગણ વદ-૧૩** અ.નિ. ગંગાસ્વરૂપ કમળાબેન હ. બ્ર. રાજુ સ્વામી. **ફાગણ વદ-૧૪** એક હરિભક્ત તરફથી હ. મગનલાલ લીલાધર ચોકસી પરિવાર અમદાવાદ.

●

અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

જોરાવરનગર : પ.ભ. પ્રભુદાસ કાનજીભાઈ પ્રજાપતિ તા. ૨-૧-૦૭ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. ચિમનભાઈ પટેલ (વિહારવાળા)ના પુત્ર શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. શ્રીજી મહારાજ તેમના પરિવારને દુઃખ સહન કરવાનું બળ આપે અને નિજ આત્માને પોતાની સેવામાં રાખે તેવી પ્રાર્થના.

ભરાડા (તા. ધ્રાંગધ્રા) : પ.ભ. ગોવિંદભાઈ જીવરાજભાઈ દેકાવાડીયા તા. ૨૫-૧-૦૭ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ગોલીયા (વાલી મંદિર તાબાના) : પ.ભ. ગીગાજી ધનાજી, ચૌધરી તા. ૧૩-૩-૦૭ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.



આપણા સીડની મંદિરમાં દર્શન આપતા
શ્રી હરિકૃષ્ણ મહારાજ



ઘાટલોડિયા મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે સભામાં તથા શોભાયાત્રામાં
પ.પૂ.મહારાજશ્રીના અલૌકિક દર્શન



ઘાટલોડિયાનું આપણું ભવ્ય હરિમંદિર





હળવદ (મૂળીદેશ) માં નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠાની
આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



કલ્યાણપુરા (માણસા) પારાયણ પ્રસંગે સભામાં દર્શન આપત
પ.પૂ. આચાર્ય મહારાજશ્રી




રાણીપ મંદિરમાં પાટોત્સવની આરતી ઉતારતા પ.પૂ. મોટા મહારાજશ્રી



શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના નિર્માણ કાર્યની એક ઝલ

Registered under RNI - No - applied Followed by words " Permitted to post at Ahd PSO on 11 the every month
under postal Regd. No. GAMC. 003 issued SSP Ahd Valid up to 31-12-08

સાબરમતી ગાંધી આશ્રમની મુલાકાતે પધારેલા પ.પૂ.મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી



પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી ગાંધી આશ્રમમાં શ્રીગુમાજી સાથે ગાંધી બાપુની આપણા સંપ્રદાય સાથેની આત્મીયતા અને સંસ્મરણોને વાગોળતા.

Mukul Kharsani